# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**ડૉ.અહેસાનઅલી મયસમઅલી હોલ્ડા (ઈલોલ તલાવ)ને M.D. Paediatricsમાં બી.જે. મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે એડમીશન મળ્યું તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૫/- મો.રોશનઅલી ગુલામભાઈ હોલ્ડા
રૂા.૨૫૫/- મો.પ્યારઅલી ગુલામભાઈ હોલ્ડા
રૂા.૨૫૫/- મો.મયસમઅલી ગુલામભાઈ હોલ્ડા
રૂા.૧૫૧/- મો.તાહેરઅલી શરીફભાઈ દેધરોટીયા
રૂા.૨૧/- મો.હાસમભાઈ વલીભાઈ ખુજા
રૂા.૨૧/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ વેપારી
રૂા.૨૧/- મો.ગુલામઅબ્બાસ ગુલામભાઈ નુરભાણેજ
રૂા.૨૧/- મો.શબ્બીરઅલી વલીભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.હસનઅલી વલીભાઈ કોવડીયા

**મો.મર્હૂમ અહમદઅલી ઈબ્રાહીમભાઈ કરડીયા (સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ યૂસુફ કરડીયા
રૂા.૫૧/- મો.નજરહુસૈન ઈસ્માઈલભાઈ કરડીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ કરડીયા
રૂા.૫૧/- મો.ગુલામહુસૈન ઈસ્માઈલભાઈ અબુજી
રૂા.૫૧/- મો.આબેદાબેન નજરઅલી કડીવાલા
રૂા.૫૧/- મો.અબ્દુલ યૂસુફ દાઉદ કરડીયા
રૂા.૫૧/- મો.ઝયનબ સખાવતઅલી સાલેહ
રૂા.૨૫૦/- મો.હસનઅલી અબ્દુલ કરડીયા
રૂા.૨૫૧/- મો.માસૂમઅલી અબ્દુલ કરડીયા
રૂા.૧૦૧/- મો.મરીયમ અબ્દુલ મેમનજી પિયારજી
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી ગુલામ કરડીયા
રૂા.૫૧/- મો.હુરીબેન ગુલામ કરડીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન શબ્બીરઅલી કરડીયા

**મર્હૂમા મો.શહરબાનુ મહંમદઅલી અસામદી(વાઘરોલ)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.વલીભાઈ ઈબ્રાહીમભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.હલીબેન વલીભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.ફાતેમાબેન ઈસ્માઈલભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.ગુલામહુસૈન વલીભાઈ અસામદી
રૂા.૧૦૧/- મો.ફિઝઝાબેન ગુલામહુસૈન અસામદી
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી વલીભાઈ અસામદી
રૂા.૫૧/- મો.મહેરફાતેમા મહંમદઅલી અસામદી
રૂા.૫૧/- મો.મન્સૂરહુસૈન ઈસ્માઈલભાઈ અસામદી
રૂા.૫૧/- મો.હુસૈનાબેન મન્સૂરહુસૈન અસામદી
રૂા.૫૧/- મો.મહેદીહસન ગુલામહુસૈન અસામદી
રૂા.૫૧/- મો.મુસ્તાકઅલી મહંમદઅલી અસામદી
રૂા.૨૧/- મો.આબેદાબેન આબિદઅલી કાંધેલા
રૂા.૨૧/- મો.હુસૈનાબેન હૈદરઅલી કડીવાલા
રૂા.૨૧/- મો.હસનઅલી મહંમદઅલી અસામદી
રૂા.૨૧/- મો.મહેરબાનહુસૈન મહંમદઅલી અસામદી
રૂા.૨૧/- મો.મરીયમબેન હબીબભાઈ પલસાણીયા
રૂા.૨૧/- મો.ઝોહરાબેન અબ્બાસઅલી કડીવાલા
રૂા.૨૧/- મો.સકીનાબેન મહેમૂદઅલી સુણસરા
રૂા.૨૧/- મો.સુગરોબન મહંમદઅલી કાંધેલા
રૂા.૫૧/- મો.ફાતેમાબેન ઈસ્માઈલભાઈ નેવા
રૂા.૫૧/- મો.રૂકૈયાબેન અનવરઅલી આંબલીયાસણા
રૂા.૧૦૧/- મો.શૌકતઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૧૦૧/- મો.સલમાબેન શૌકતઅલી સુણસરા
રૂા.૫૧/- મો.અહેસાનઅલી શૌકતઅલી સુણસરા
રૂા.૫૧/- મો.કાસમઅલી શૌકતઅલી સુણસરા
રૂા.૫૧/- મો.મકબૂલફાતેમા શૌકતઅલી સુણસરા

**મર્હૂમ મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ લોઢા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.નૂરબાઈ અબ્બાસભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી અબ્બાસભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.આબિદઅલી અબ્બાસભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.આબેદાબેન ફૈઝમોહંમદ હોલ્ડા
રૂા.૨૫૦/- મો.અસગરઅલી યાકુબભાઈ લોઢા
રૂા.૨૫૦/- મો.આબિદઅલી યાકુબભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.ફૈઝમોહંમદ ગુલામહુસૈન હોલ્ડા
રૂા.૫૦૦/- મો.શરીફભાઈ ઈબ્રાહીમભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.અલીભાઈ ઈબ્રાહીમભાઈ લોઢા
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન અનવરઅલી હોલ્ડા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન શબ્બીરઅલી મતિયા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન અનવરઅલી મસી
રૂા.૧૦૦/- મો.શબ્બીરહૈદર કાસમભાઈ વેપારી
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન બાકરઅલી થાવરા
રૂા.૧૦૦/- મો.ખુદયજાબેન નૂરમોહંમદ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન નૂરમોહંમદ ડોડીયા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન ઈમ્તિયાઝઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન કમરઅલી મેમાયા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન મંજૂરઅલી વાઘ
રૂા.૫૦/- મો.અકબરઅલી હસનભાઈ આગલોડીયા
રૂા.૨૫/- મો.અકબરઅલી વલીભાઈ મસી
રૂા.૨૫/- મો.સખાવતઅલી ગુલામહૈદર મસી
રૂા.૨૫૦/- મો.ફિઝઝાબેન શબ્બીરઅલી લોઢા
રૂા.૨૫૦/- મો.આબેદાબેન આબિદઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ ભટ્ટા

**મર્હૂમ મો.ગુલામહુસૈન સાવદીભાઈ ભગત(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૧/- મો.હસનઅલી ગુલામહુસૈન ભગત પરિવાર તરફથી
રૂા.૧૦૦૧/- મો.ઈબ્રાહીમભાઈ સાવદીભાઈ ભગત પરિવાર તરફથી
રૂા.૫૫૧/- મો.ગુલામહુસૈન અલીમહંમદ ભગત પરિવાર તરફથી
રૂા.૫૦૧/- મો.વલીભાઈ અલીમહંમદ ભગત પરિવાર તરફથી
રૂા.૫૦૦/- મો.નૂરમોહંમદ સાવદીભાઈ ભગત પરિવાર તરફથી
રૂા.૫૦૧/- મો.મહંમદઅલી સાવદીભાઈ ભગત પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ સાવદીભાઈ ભગત પરિવાર તરફથી
રૂા.૫૦૦/- મો.મર્હૂમ અલીમહંમદ રસુલભાઈ સુથાર પરિવાર તરફથી
રૂા.૫૧/- મો.તાહેરઅલી ગાજીભાઈ ભગતના પરિવાર તરફથી

**રૂા.૫૦૦/- મો.અકબરઅલી તથા ઈમદાદઅલી ઈસ્માઈલભાઈ સુણસરા (હરિપુરા-ઝહીરગઢ)ના કુટુંબીજનો તરફથી મર્હૂમ ઈસ્માઈલભાઈ ગુલામભાઈ ખણુશીયાની રૂહના સવાબ અર્થે.**

**રૂા.૫૦૦/- મો.મર્હૂમા રસુલબેન જમાલભાઈ મોમિન(ગણેશપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

**રૂા.૫૦૦/- મો.મર્હૂમ અકબરભાઈ નૂરમદ પીરોજપુરીયા(ખડીયાસણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા(મજાદર-મહેરપુરા) તરફથી તેમની દીકરી કનીઝફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા(મજાદર-મહેરપુરા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.ઈમદાદઅલી મીકદાદઅલી ભગત(દમણ)તરફથી તેમની દીકરી

સાદિકાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૨૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામનબી તથા તેમનાં મહોરદાર રેહાનાબાનુ(વસો) તરફથી તેઓ ઉમ્રહ હજ-ઝિયારત કરવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.તાલિબઅલી હાજી ગુલામનબી તથા તેમનાં મહોરદાર કુલસુમબેન (વસો)તરફથી તેઓ ઉમ્રહ હજ-ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મહેબૂબભાઈ અબ્દેરહેમાન તથા તેમનાં મહોરદાર ખુરશીદાબાનુ(વસો) તરફથી તેઓ ઉમ્રહ હજ-ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામહૈદર ફકીરભાઈ મોમિન(વસો)તરફથી તેમની દીકરી અઝમતફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.યાકુબભાઈ રસુલભાઈ બેન્સાવાળા તથા તેમનાં મહોરદાર ઝયનબબેન (વસો)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૧/-મો.શબ્બીરઅલી અલાદભાઈ મોમિન તથા તેમનાં મહોરદાર રાબિયાબાનુ તથા તેમનો દીકરો તથા દીકરી(વસો) તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.**

**રૂા.૫૦૦/- મો.સકીનાબેન મહંમદભાઈ (ખાટાઆંબા)તરફથી તેઓ ઉમ્રહ હજ-ઝિયારત કરીને વતન પરત આવ્યાં તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૫૦/- મો.શબ્બીરઅલી મહંમદભાઈ (ખાટાઆંબા)તરફથી તેમની દીકરી સકીનાફાતેમા ધો.૫માં ૯૫% ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૧/- મો.આબિદઅલી યૂસુફભાઈ કોડાલીયા(બાદરપુર)તરફથી અકબરઅલી ઝાકિરહુસૈન હીરા કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ૯૧.૨% ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૧૦૦૦/- મો.ઝુબીન નૂરભાઈ પોલરા(કાણોદર)તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.**

રૂા.૧૦૦/- મો.સાકેરાબાનુ કાસમભાઈ કડીવાલા તથા તાહેરાબાનુ ઈસ્માઈલભાઈ માંકણોજીયા(ખડીયાસણા) તે બન્ને તરફથી તેમણે એસ.એસ.સી.માં ૭૩.૪૨% અને ૭૭.૫૭% ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૦/- મો.મદદઅલી હબીબભાઈ શેલીયા તથા હૈદરઅલી હબીબભાઈ શેલીયા તરફથી તેમનાં બાળકો નજમાબેન મદદઅલી અને આબિદહુસૈન શબ્બીરઅલી એસ.એસ.સી.(અંગ્રેજી માધ્યમ)માં સારા ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.**

Shokatbhai - 94283 84286 M:(Shop) 97229 01460
Faizahemad - 97147 64194

Dashawadawala
APANA
CUTLERY STORE


Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدۡنِیۡ عِلۡماً وَارۡزُقۡنِیۡ فَهۡماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**



**સરપરસ્ત**
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)


**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૧૧ ❖ ૧૦, જુલાઈ-૨૦૧૨
૧૯, શાબાન, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૧

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**
કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩
વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા
મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**
મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**
શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**
'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૭ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૦૯ |
| ❋ ગડમથલ | ૧૨ |
| ❋ ઈલાહી આશય | ૧૩ |
| ❋ મઝહરૂલ અજાએબ હઝરત અલી(અ.)નો મોઅજિઝો | ૨૧ |
| ❋ નહજુલ અસરાર | ૨૭ |
| ❋ મશાયખવાણી | ૩૦ |
| ❋ અક્કલ | ૩૩ |
| ❋ નબવી અદાલત | ૩૯ |
| ❋ અલ ઈર્શાદ | ૪૧ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૪ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૭ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૯ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૩ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૭ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૨ |


## ઊઘડતે પાને...

ત્રીજી શાબાન.

યવ્મે નજાત.

ઈમામ હુસૈન(અ.)નો જન્મ દિવસ.

જ્યારે હઝરત ઈમામ હુસૈન(અ.)નો જન્મ થયો તો હક સુબ્હાનહુ વ તઆલાએ હઝરત જિબ્રઈલ(અ.)ને હુકમ કર્યો,

'ફરિશ્તાઓની એક જમાઅત લઈને જમીન ઉપર જાઓ અને અમારા તરફથી મોહંમદ

સ્વલ્લલ્લાહો અલૈહે વ આલેહી વ સ્વલ્લમને મુબારકબાદી આપો.'

અલ્લાહ તઆલાનો હુકમ થતાંની સાથે જ જિબ્રઈલ(અ.) ફરિશ્તાઓની જમાઅત સાથે જમીન તરફ જવા રવાના થયા. રસ્તામાં તેમને એક ટાપુ ઉપર થઈને પસાર થવાનું થયું. તે ટાપુમાં એક ફરિશ્તો પડેલો હતો જેનું નામ ફિતરસ* હતું. હક તઆલાએ તેની પાંખો અને બાલ તોડી નાખીને આ ટાપુ ઉપર નીચે ફેંકી દીધો હતો.

અલ્લાહ તઆલાએ તેની સાથે આવો વ્યવહાર કર્યો તેનું કારણ એ હતું કે હક તઆલાએ તેને કોઈ કામ માટે મોકલ્યો હતો અને તે કામ કરવામાં તેનાથી ઢીલ થઈ ગઈ હતી. આ હતો તેનો વાંક-ગુનો. આ ફરિશ્તો સાતસો વર્ષથી આ ટાપુ ઉપર દુર્દશાગ્રસ્ત હાલતમાં પડી રહ્યો હતો અને અલ્લાહની ઈબાદત કર્યે જતો હતો.

જ્યારે હઝરત જિબ્રઈલ(અ.) ફરિશ્તાઓની સાથે આ ટાપુ પરથી પસાર થયા તો ફિતરસે તેમને પૂછ્યું,

'અય જિબ્રઈલ ! તમે બધા ક્યાં જઈ રહ્યા છો?'

જિબ્રઈલે કહ્યું,

'અમે બધા ખુદાના હુકમથી મોહંમદ (સ.અ.વ.)ની પાસે જઈ રહ્યા છીએ.'

ફિતરસે કહ્યું,

'મને પણ સાથે લઈ જાઓ કેમકે એ જનાબ મારા હકમાં દુઆ ફરમાવે જેથી કરીને મારી હાલત બદલાઈ જાય.'

હઝરત જિબ્રઈલ(અ.) તેને સાથે લઈને હઝરત રસૂલે ખુદા(સ.)ની ખિદમતમાં આવ્યા. નવાસાના જન્મની મુબારકબાદી આપ્યા પછી જિબ્રઈલ(અ.)એ ફિતરસ ફરિશ્તાની કથા કહી સંભળાવી.

* કેટલાક લોકો આનો ઉચ્ચાર 'ફિતરુસ' પણ કરે છે.

હઝરત રસૂલે દોજહાં(સ.અ.વ.)એ ફરમાવ્યું,

'તેને કહો કે તે પોતાના શરીરને મારા ફરઝંદ હુસૈન(અ.)ના બદનની સાથે ઘસે.'

જ્યારે ફિતરસે હઝરત રસૂલે પાક(સ.)ના કહ્યા મુજબ પોતાનું શરીર હઝરત ઈમામ હુસૈન(અ.)ના ઘોડિયા સાથે ઘસ્યું કે તરત જ હક તઆલાએ એ શાફએ રોઝે જઝાની અને મૌલૂદની બરકતથી તેને પાંખો અને બાલ ઈનાયત ફરમાવ્યા અને ત્યાર પછી તે હઝરત જિબ્રઈલ(અ.)ની સાથે ઊંચેરા આકાશ તરફ ઉડીને ચાલ્યો ગયો.

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, ભાગ-૧-૨, બાબ-૨, પેજ-૨૦)

*

ઈબ્ને શહર આશૂબની મનાકિબમાં જનાબે ઉમ્મે સલમાથી રિવાયત કરવામાં આવી છે :

એક દિવસ જિબ્રઈલ(અ.) જનાબે રસૂલે ખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં સહાબીએ રસૂલ વહ્યે કલ્બીની સૂરતમાં આવીને બેસી ગયા.

એ વખતે ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.) જિબ્રઈલ(અ.)ને વહ્યે કલ્બી* સમજીને તેમની પાસે આવી ગયા અને તેમના ગજવામાં મેવા શોધવા લાગ્યા.

જ્યારે હઝરત જિબ્રઈલે અમીન(અ.) શાહઝાદાઓની આવી હરકતનો મતલબ સમજી ગયા કે તરત જ પોતાનો હાથ આસમાન તરફ ઊંચો કર્યો અને એક સફરજન, એક બેહી(સફરજન જેવું એક ફળ) અને એક દાડમ લાવીને હસનૈન(અ.)ને આપ્યાં.

જ્યારે એ સાહેબઝાદાઓએ તે ફળ જોયાં તો ખૂબ જ ખુશ થઈ ગયા અને તે ફળ જનાબે રિસાલત

*વહ્યે કલ્બી સહાબી જ્યારે પણ રસૂલ(સ.)ની ખિદમતમાં આવતા હતા ત્યારે શાહઝાદાઓ માટે કંઈક ને કંઈ મેવા લાવતા હતા.

મઆબ(સ.)ની પાસે લઈ ગયા. હઝરત રસૂલે ખુદા(સ.)એ તે મેવાઓને સૂંઘી જોયા અને ત્યાર પછી ફરમાવ્યું,

'આને તમારી મા પાસે લઈ જાઓ અને જો પહેલાં તમારા બાપની પાસે લઈ જાઓ તો બેહતર છે.'

તેથી હસનૈન(અ.) જનાબે રિસાલત મઆબ(સ.અ.વ.)ના ઈરશાદ મુજબ તે મેવાઓ પોતાના પિતાની અને ત્યાર પછી માતાની ખિદમતમાં લઈ ગયા. પરંતુ કોઈએ તે મેવા ખાધા નહીં એટલે સુધી કે જનાબે રિસાલત મઆબ(સ.) તશરીફ લાવ્યા ત્યાર પછી જ અહલેબૈતે તે મેવા ખાધા. અહલેબૈત એ મેવા ખાધ્યે જતા હતા પરંતુ એમાંથી કંઈ ઘટાડો થતો ન હતો. બધા મેવા અસલ સ્થિતિમાં જ રહ્યા એટલે સુધી કે રસૂલે ખુદા(સ.અ.વ.)એ દુનિયામાંથી રહેલત ફરમાવી.

હઝરત ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું,

'હઝરત રસૂલે ખુદા(સ.)ની વફાત પછી તે મેવા અહલેબૈતની પાસે હતા અને તેમાં કોઈ ફેરફાર કે નુકસાન થયું નહોતું એટલે સુધી કે જનાબે ફાતેમા(સ.અ.) ફોત થઈ ગયાં. પછી દાડમ ગાયબ થઈ ગયું. જ્યારે જનાબે અમીર(અ.) શહીદ થયા ત્યારે બેહી પણ ગાયબ થઈ ગયું. માત્ર સફરજન બાકી રહી ગયું એટલે સુધી કે તે સફરજન હઝરત ઈમામ હસન(અ.)ની પાસે રહ્યું. જ્યારે હઝરત પણ દગાથી આપેલ ઝેરથી શહીદ થયા ત્યારે પણ સફરજનને કોઈ નુકસાન નહોતું પહોંચ્યું.'

ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે,

'કરબલામાં તે સફરજન મારી પાસે હતું અને જ્યારે મને ખૂબ તરસ લાગતી હતી તો હું તે સફરજનને સૂંઘતો હતો એટલા માટે કે તેની સુગંધથી તરસની તીવ્રતામાં થોડીક કમી આવતી હતી.'

ઈમામ ઝયનુલ આબેદીન(અ.) ફરમાવે છે,

'મેં આવા કલામ મારા પિદરે બુઝુર્ગવારથી તેમની શહાદતના એક કલાક પહેલાં સાંભળ્યા હતા. જ્યારે તે જનાબ શહીદ થયા તો મેં તે સફરજન શોધવાની ઘણી જ કોશિશ કરી પરંતુ તે મળ્યું નહીં. તેમ છતાં તેની ખુશ્બૂ મકતલથી આવતી હતી અને જ્યારે જ્યારે હું ઈમામે મઝલૂમના પવિત્ર મર્કદ(કબર)ની ઝિયારતથી મુશર્રફ થાઉં છું ત્યારે ત્યારે તે સફરજનની ખુશ્બૂ સૂંઘું છું અને જે માણસ, અમારા શીઆઓમાંથી સવારના પહોરમાં આપની પવિત્ર કબરથી મુશર્રફ થાય તો સફરજનની સુવાસ તેના મગજમાં આવશે.'

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, ભાગ-૧-૨, બાબ-૧૧, પેજ-૧૪૧ થી ૧૪૨)

*

કેટલાક પ્રમાણભૂત લોકોથી રિવાયત છે :

એક દિવસ ઈદના દિવસે ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.) પોતાના જદ્દે આલી મકામના ઘેર આવ્યા અને અરજ કરવા લાગ્યા,

'અય જદ્દા ! આજે ઈદનો દિવસ છે. અરબોનાં છોકરાંએ રંગબેરંગી પોષાક અને નવા નવા ઝભ્ભા પહેરેલા છે. અમારાં કપડાં જૂનાં પુરાણાં છે. અમારી પાસે કોઈ નવો પોષાક નથી. અમે એટલા માટે આપની ખિદમતમાં આવ્યા છીએ કે આપને અમારી હાલતની અરજ કરીએ.'

જનાબે રિસાલત મઆબ(સ.અ.વ.) હસનૈન(અ.)ની આવી નિરાશાભરી વાતો સાંભળીને રડવા લાગ્યા. એ વખતે હઝરતની પાસે શાહઝાદાઓને લાયક કોઈ પોષાક ન હતો. વળી એ પણ મંજૂર ન હતું કે હસનૈન(અ.)ના પ્રસ્તાવને ઠુકરાવી દે. તેથી એ વખતે હઝરતે પોતાના હાથ દુઆ માટે કાઝિયુલ હાજાતની બારગાહમાં બુલંદ કર્યા અને કહ્યું,

'ખુદાવંદા ! એમના દિલોને તોડી ન નાખતો.'

આટલી દુઆ કરતાંની સાથે જ તરત જ

હઝરત જિબ્રઈલ(અ.) જન્નતના પોષાકોમાંથી બે સફેદ લિબાસ પોતાની સાથે લઈને નાઝિલ થયા. હઝરત(સ.) તે પોષાકો જોઈને ખૂબ જ ખુશ થઈ ગયા અને હસનૈન(અ.)ને ફરમાવ્યું,

'પોતપોતાનાં કપડાં લઈ લો કેમકે જન્નતના દરજીએ તમારા કદનાં અને માપનાં આ કપડાં સીવેલાં છે.'

જ્યારે શાહઝાદાઓએ પોતાના પોષાક સફેદ રંગના જોયા તો અરજ કરવા લાગ્યા,

'અય જદ્દા ! અરબોના છોકરાઓના પોષાક તો રંગબેરંગી છે અને અમે સફેદ રંગના પહેરીએ?'

હઝરત(સ.અ.વ.) પાછા ચિંતામાં પડી ગયા. થોડી વાર માટે પોતાનું માથું ઝુકાવી દીધું. હઝરત જિબ્રઈલ(અ.)એ અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! આપ ચિંતા ન કરો. આપના દિલને ખુશ રાખો અને આપની આંખોને ઠંડી રાખો. કુદરતનો રંગરેઝ કપડાંને રંગીન બનાવી દેશે અને તેમનાં દિલ ખુશ કરી દેશે. યા મોહંમદ ! એક થાળ અને એક લોટો મંગાવો.'

જ્યારે તે વસ્તુઓ હાજર કરી તો હઝરત જિબ્રઈલ(અ.)એ કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! આ કપડાંને થાળમાં મૂકો અને હું પાણી નાખું છું. આપ પોતાના હાથ મુબારકથી તેને મસળો જેથી જે રંગ શાહઝાદાઓને પસંદ હશે તે રંગથી કપડાં રંગીન બની જશે.'

હઝરત(સ.)એ સૌ પ્રથમ હસન(અ.)નાં કપડાં થાળમાં મૂક્યાં અને જિબ્રઈલ(અ.)એ પાણી રેડ્યું. હઝરત(સ.)એ હસન(અ.)ને પૂછ્યું,

'અય મારી આંખોના નૂર હસન ! બોલો, તમારે કયો રંગ જોઈએ છે ?'

તેમણે અરજ કરી,

'મારે લીલો રંગ જોઈએ છે.'

હઝરત(સ.)એ તે પહેરણ ઉપર પોતાનો મુબારક હાથ ઘસ્યો. કુદરતે ખુદાથી તે પોષાક ઝબરજદના જેવા લીલા રંગનો થઈ ગયો. હઝરત(સ.)એ તે પોષાક હસન(અ.)ને પહેરાવી દીધો. ત્યાર પછી હુસૈન(અ.)ના પોષાકને થાળમાં મૂક્યો. હઝરત જિબ્રઈલ(અ.)એ પાણી રેડ્યું અને હુસૈન(અ.)ને પૂછ્યું,

'બોલો, તમને કયો રંગ પસંદ છે ?'

એ વખતે તે માઅસૂમની ઉંમર પાંચ વર્ષની હતી. હુસૈન(અ.)એ અરજ કરી,

'અય જદ્દા ! મને તો લાલ રંગ ખૂબ જ પસંદ છે.'

જ્યારે હઝરતે તે કપડાંને પોતાના હાથથી ઘસ્યાં તો તે યાકૂતના જેવાં લાલ રંગનાં બની ગયાં અને ઈમામ હુસૈન(અ.)એ તેને પોતાના શરીર ઉપર પહેરી લીધાં. જનાબે રસૂલે ખુદા(સ.) આ જોઈને ખુશ થયા અને બન્ને જણ ખુશ થતા થતા પોતાની માતાની પાસે ગયા. જ્યારે આ બાજુ હઝરત જિબ્રઈલ(અ.) આ જોઈની ઝારોકતાર રડવા લાગ્યા. હઝરત(સ.)એ ફરમાવ્યું,

'અય ભાઈ જિબ્રઈલ ! તમે આવા ખુશીના દિવસે રડો છો કેમ ? ખુદાની કસમ, મને આ રાઝથી માહિતગાર કરો.'

જિબ્રઈલ(અ.)એ કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! આપને કદાચ માલૂમ હશે કે આપના ફરઝંદોએ જે જુદા જુદા રંગો પસંદ કર્યા છે તેનું કારણ એ છે કે ઈમામ હસન(અ.)ને ઝહરે સિતમથી શહીદ કરવામાં આવશે અને તેમના મુબારક શરીરનો રંગ લીલો થઈ જશે અને ઈમામ હુસૈન(અ.)ને તલવારથી કતલ કરવામાં આવશે અને તેમનું મુબારક શરીર પોતાના ખૂનથી લાલ રંગનું થઈ જશે.'

જનાબે રિસાલત મઆબ(સ.અ.વ.) દિલને હચમચાવી નાખનારા આવા કલામ સાંભળીને રડવા લાગ્યા અને ખૂબ જ દુઃખી થયા. *

(બિહારૂલ અન્વાર, ભાગ-૧-૨, બાબ-૬, પેજ-૮૬-૮૭)

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَكُلًّا نَّقُصُّ عَلَيْكَ مِنْ اَنْۢبَآءِ الرُّسُلِ مَا
نُثَبِّتُ بِهٖ فُؤَادَكَ ۚ وَجَآءَكَ فِىْ هٰذِهِ
الْحَقُّ وَمَوْعِظَةٌ وَّذِكْرٰى لِلْمُؤْمِنِيْنَ ۝١٢٠

અને અમે આગલા રસૂલોની ખબરો માંહેની દરેક (ખબર) તને એ માટે વર્ણવીએ છીએ કે તે વડે તારું મન દ્રઢ બનાવી દઈએ અને (વળી) એ કિસ્સાઓના વર્ણનથી તારા સુધી સત્ય પહોંચ્યું છે અને તેમાં મોમિનો માટે ચેતવણી તથા બોધ છે.
(પારો-૧૨, સૂરએ હૂદ, આયત-૧૨૦)

---

الٓرٰ ۚ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ۝١

અલિફ-લામ-રા; આ પ્રત્યક્ષ કિતાબની આયતો છે. (પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૧)

---

اِنَّآ اَنْزَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ
تَعْقِلُوْنَ ۝٢

નિ:સંશય અમોએ આ (કુરાન)ને સરળ અરબી ભાષામાં ઉતાર્યું છે કે જેથી તમે સમજી શકો.
(પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૨)

---

نَحْنُ نَقُصُّ عَلَيْكَ اَحْسَنَ الْقَصَصِ
بِمَآ اَوْحَيْنَآ اِلَيْكَ هٰذَا الْقُرْاٰنَ ۖ وَاِنْ
كُنْتَ مِنْ قَبْلِهٖ لَمِنَ الْغٰفِلِيْنَ ۝٣

આ કુરાનમાં વહી દ્વારા જે કિસ્સાઓ અમે તને સંભળાવ્યા છે તેમાંથી આ સર્વોત્તમ કિસ્સો (હવે) તને સંભળાવીએ છીએ, અને આ પહેલાં તું તેનાથી તદ્દન અજાણ હતો. (પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૩)

---

اِذْ قَالَ يُوْسُفُ لِاَبِيْهِ يٰٓاَبَتِ اِنِّىْ رَاَيْتُ
اَحَدَ عَشَرَ كَوْكَبًا وَّالشَّمْسَ وَالْقَمَرَ
رَاَيْتُهُمْ لِىْ سٰجِدِيْنَ ۝٤

(તે સમયને યાદ કર) જ્યારે યૂસુફે પોતાના પિતાને કહ્યું કે હે મારા પિતા ! મેં અગિયાર તારા અને સૂર્ય તથા ચંદ્રને (સ્વપ્નમાં) દીઠા - મેં તેમને મને સિજદો કરતા દીઠા. (પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૪)

---

قَالَ يٰبُنَىَّ لَا تَقْصُصْ رُءْيَاكَ عَلٰٓى اِخْوَتِكَ
فَيَكِيْدُوْا لَكَ كَيْدًا ۖ اِنَّ الشَّيْطٰنَ
لِلْاِنْسَانِ عَدُوٌّ مُّبِيْنٌ ۝٥

(યાકૂબે) કહ્યું કે હે મારા (વ્હાલા) બેટા ! તારું (આ) સ્વપ્ન તારા ભાઈઓને કહેતો નહીં, રખેને તેઓ તારી સાથે કોઈ ચાલબાજી ચાલે, નિ:સંશય શેતાન મનુષ્ય (માત્ર)નો ખુલ્લો દુશ્મન છે.
(પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૫)

وَجَآءُوْ عَلٰى قَمِيْصِهٖ بِدَمٍ كَذِبٍ ؕ قَالَ
بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا ؕ فَصَبْرٌ
جَمِيْلٌ ؕ وَاللّٰهُ الْمُسْتَعَانُ عَلٰى مَا تَصِفُوْنَ ۝١٨

અને (સાથે જ) યૂસુફના પહેરણ પર જૂઠું લોહી લગાડી લાવ્યા. (તે દેખીને યાકૂબે) કહ્યું (ના એમ તો નથી જ), પણ તમને તમારાં અંતઃકરણોએ (એક ધતિંગ ઊભું કરવાની આ) યુક્તિ સહેલાઈથી સૂઝવી છે; માટે ધીરજ (ધરવી) બેહતર છે; અને જે કાંઈ વર્ણન તમે કરો છો તેના સંબંધમાં અલ્લાહથી જ મદદ માગવામાં આવે.

(પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૧૮)

---

وَلَقَدْ هَمَّتْ بِهٖ ۚ وَهَمَّ بِهَا لَوْلَآ اَنْ رَّاٰ
بُرْهَانَ رَبِّهٖ ؕ كَذٰلِكَ لِنَصْرِفَ عَنْهُ السُّوْٓءَ
وَالْفَحْشَآءَ ؕ اِنَّهٗ مِنْ عِبَادِنَا الْمُخْلَصِيْنَ ۝٢٤

અને તેણીએ યૂસુફ તરફ (બદી કરવા)નો ખચીત જ નિશ્ચય કર્યો હતો; અને અગર યૂસુફે પોતાના પરવરદિગારની ખુલ્લી દલીલ જોઈ લીધી ન હોત તો તે પણ તેણીની સાથે એવો જ નિશ્ચય કરત; (તે દલીલ એટલા માટે દેખાડી) કે અમો આવી રીતે તેનાથી બદી તથા નિર્લજ્જપણાને દૂર રાખીએ; બેશક તે અમારા નિખાલસ બંદાઓ માંહેનો હતો.

(પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૨૪)

---

فَلَمَّا رَاٰ قَمِيْصَهٗ قُدَّ مِنْ دُبُرٍ قَالَ اِنَّهٗ
مِنْ كَيْدِكُنَّ ؕ اِنَّ كَيْدَكُنَّ عَظِيْمٌ ۝٢٨

પછી જ્યારે (તેણીના ધણીએ) તેનું પહેરણ પાછળથી ફાટેલું જોયું ત્યારે કહ્યું કે બેશક આ તો તમો સ્ત્રીઓનું ચરીતર છે; બેશક (હે સ્ત્રીઓ!) તમારું ચરીતર ઘણું મોટું છે. (પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૨૮)

---

قَالَ رَبِّ السِّجْنُ اَحَبُّ اِلَيَّ مِمَّا يَدْعُوْنَنِيْٓ
اِلَيْهِ ۚ وَاِلَّا تَصْرِفْ عَنِّيْ كَيْدَهُنَّ
اَصْبُ اِلَيْهِنَّ وَاَكُنْ مِّنَ الْجٰهِلِيْنَ ۝٣٣

(યૂસુફે) અરજ કરી કે હે મારા પરવરદિગાર ! જે (કૃત્ય) તરફ આ સ્ત્રીઓ મને બોલાવે છે તે કરતાં તો કેદખાનું મને વધુ પ્રિય છે; અને જો તેમના ચરીતરને તું મારાથી દૂર નહીં રાખે તો હું તેમની તરફ વળી જઈશ અને (પછી) મારી ગણતરી પણ જાહિલોમાં થઈ જશે. (પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૩૩)

---

ذٰلِكَ لِيَعْلَمَ اَنِّيْ لَمْ اَخُنْهُ بِالْغَيْبِ
وَاَنَّ اللّٰهَ لَا يَهْدِيْ كَيْدَ الْخَآئِنِيْنَ ۝٥٢

(આ વાત યૂસુફે જ્યારે બંદીખાનામાં જાણી ત્યારે તેણે કાસિદને કહ્યું કે) આ સાક્ષીઓ એ માટે કે તે (મિસરનો) અઝીઝ) જાણી લે કે મેં તેમની પીઠ પાછળ તેના હકમાં કાંઈ વિશ્વાસઘાત કર્યો નથી અને આ કે અલ્લાહ વિશ્વાસઘાત કરનારાઓની ચાલબાજી ચાલવા દેતો નથી. (પારો-૧૨, સૂરએ યૂસુફ, આયત-૫૨)

---

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**
મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

કિતાબ **ઈર્શાદાતે રસૂલ**(સ.)

*અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી*

## ૧૩ શફાઅત (ગુનાહોની માફીની ભલામણ)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مَا مِنْ شَفِيْعٍ اِلَّا مِنْۢ بَعْدِ اِذْنِهٖ

**'તેની સમક્ષ કોઈ માણસ કોઈ વ્યક્તિની ભલામણ નથી કરી શકતો સિવાય કે તેની પરવાનગી હોય.'**

(સૂરએ યૂનુસ, આયત-૩)

(૧૩૦) જે માણસ મારા હૌઝે કૌસર પર ઈમાન ધરાવતો નથી, અલ્લાહ તેને મારા હૌઝ સુધી પહોંચવા દેશે નહીં અને જે મારી શફાઅત(ગુનાહોની માફીની ભલામણ) પર ઈમાન નહીં રાખે તેના સુધી મારી શફાઅત નહીં પહોંચે.

ત્યાર પછી ફરમાવ્યું, 'બેશક શફાઅત મારી ઉમ્મતના એ લોકો માટે છે કે જેમણે કબીરા ગુનાહો કર્યા હશે. નેકી કરનાર લોકો માટે અઝાબનો કોઈ સવાલ જ નથી.'

*(અમાલી સદૂક, મજલિસ-૨, હદીસ-૨)*

(૧૩૧) દરેક નબીની એક ખાસ દુઆ હતી કે જેના દ્વારા તેઓ અલ્લાહથી પોતાની હાજતો માગતા હતા પરંતુ મેં મારી દુઆને મારી ઉમ્મતની શફાઅત માટે ભેગી કરી રાખી.

*(ખિસાલ, બાબ-૧, હદીસ-૯૮*

(૧૩૨) મારી શફાઅત તે લોકોને નહીં મળે કે જેઓ નમાઝને બિનમહત્વની સમજે છે અને તેવા લોકો હૌઝે કૌસર પર મારી પાસે પહોંચી નહીં શકે. ના, અલ્લાહની કસમ, બિલકુલ નહીં.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૩૧૯)*

(૧૩૩) જ્યારે હું મકામે મહમૂદ પર ઊભો રહીને મારી ઉમ્મતના ગુનેહગારોની શફાઅત કરવા લાગીશ તો અલ્લાહ તેમની બાબતમાં મારી શફાઅત કબૂલ કરશે. પરંતુ જેણે મને તકલીફ પહોંચાડી હશે તેની શફાઅત હું નહીં કરું.

*(સફીનતુલ બિહાર, જિલ્દ-૨, સફા-૪૫૫)*

(૧૩૪) જે શફાઅત પર ઈમાન નહીં રાખે, કયામતના દિવસે તેની શફાઅત નહીં થાય. *(ઈશ્નાઅશરી, સફા-૧૦)*

(૧૩૫) જે રાત દિવસ મારા પર દુરૂદ મોકલતો રહેશે, મારા પર તેની શફાઅત કરવી ફરજિયાત બનશે ભલેને પછી તેણે કબીરા ગુના કેમ ન કર્યા હોય.

*(જામેઅ અલ અખ્બાર, સફા-૬૯)*

(૧૩૬) હું કયામતના દિવસે ચાર પ્રકારના લોકોની શફાઅત કરીશ (૧) મારી એહલેબૈતના મદદગાર (૨) તેમની તકલીફોમાં તેમની જરૂરિયાતોને પૂરી કરવાવાળા (૩) દિલ અને જીભથી તેમની સાથે મોહબ્બત રાખનારા (૪) પોતાના હાથથી તેમનો બચાવ કરનારા.

*(ખિસાલ, જિલ્દ-૧, બાબ-૪, હદીસ-૧)*

(૧૩૭) જે મારી ઓલાદની મદદ પોતાના હાથથી અને જીભથી કરશે તેની શફાઅત કરવી મારા પર ફરજિયાત બનશે.

*(જામેઉલ અખ્બાર, સફા-૧૬૩)*

(૧૩૮) મારી ઉમ્મતના એ લોકો માટે મારી શફાઅત હશે કે જેમણે કબીરા ગુના કર્યા હશે પરંતુ જેમણે જુલ્મ અને શિર્કના ગુના

કર્યા હશે તેમની શફાઅત નહીં થાય.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૫૦૧)*

(૧૩૯) મને એવી સત્તા આપવામાં આવી હતી કે કાંતો હું મારી ઉમ્મતની અડધી સંખ્યાના લોકોને જન્નતમાં મોકલું અથવા તો શફાઅત કરવાનો હક લઈ લઉં. મેં શફાઅતનો હક લઈ લીધો કારણ કે શફાઅત સર્વસામાન્ય હશે અને વધારે લોકો માટે પૂરતી હશે. શું તમે તેને ફક્ત પરહેઝગાર મોમિનો માટે જ સમજો છો? ના, એવું નથી પરંતુ ગુનેગાર મોમિનોની શફાઅત થશે.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૫૦૧)*

## ૧૪ અહલેબૈત વિષે ફરમાવ્યું

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

قُلۡ لَّاۤ اَسۡـَٔلُکُمۡ عَلَیۡہِ اَجۡرًا اِلَّا الۡمَوَدَّۃَ فِی الۡقُرۡبٰی

**'(હે રસૂલ !) તમે કહી દો કે હું આ (રિસાલતની તબ્લીગના) કામનું કોઈ મહેનતાણું, મારી એહલેબૈતની મોહબ્બત સિવાય, તમારાથી કંઈ માગતો નથી.'**

(સૂરએ શૂરા, આયત-૨૩)

(૧૪૦) હે અલી ! તમામ લોકો પોતાના વંશ અનુસાર જુદી જુદી વંશાવળી સાથે સંબંધ ધરાવે છે પરંતુ હું અને તમે તો એક જ વૃક્ષની ડાળીઓ છીએ.

*(મુસ્તદરક અલ સહીહૈન, જિલ્દ-૨, સફા-૨૪૧)*

(૧૪૧) જો સાતેય આકાશોમાં રહેનારાઓના ઈમાનને એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજામાં અલી(અ.)ના ઈમાનને મૂકવામાં આવે તો અલી(અ.)નું ઈમાન વજનમાં ભારે હશે.

*(રિયાઝુન્નઝરા, જિલ્દ-૨, સફા-૨૬૬)*

(૧૪૨) તમે મારા પર અધુરી સલવાત ન મોકલો. લોકોએ પૂછ્યું, 'અધુરી સલવાત શું છે ?' આપે જવાબ આપ્યો, 'એટલે કે તમે ફક્ત **અલ્લાહુમ્મા સ્વલ્લે અલા મોહંમદ** બોલીને થોભી ન જાઓ. તેના બદલે તમારે એમ કહેવું જોઈએ કે **'અલ્લાહુમ્મા સ્વલ્લે અલા મોહંમદ વ આલે મોહંમદ.'**

*(સવાએકે મોહર્રકા, સફા-૮૭)*

(૧૪૩) તત્હીરની આયત વિષે રસૂલ(સ.)એ ફરમાવ્યું, 'આ આયત અલી(અ.), હસન(અ.), હુસૈન(અ.) અને ફાતેમા(સ.અ.) માટે નાઝિલ થઈ છે.'

*(તફસીરે ઈબ્ને જરીર અલ તિબરી, જિલ્દ-૨૨, સફા-૫)*

(૧૪૪) જેણે તેમની સાથે મોહબ્બત રાખી તેણે જાણે મારી સાથે મોહબ્બત રાખી અને જેણે તેમની સાથે દુશ્મનાવટ રાખી તો જાણે મારી સાથે દુશ્મનાવટ રાખી.
(અહીં હસન(અ.), હુસૈન(અ.), ફાતેમા(સ.અ.) અને અલી(અ.) તરફ ઈશારો કરવામાં આવ્યો છે.)

*(કન્ઝુલ અમ્માલ, ,જિલ્દ-૬, સફા-૨૧૭)*

(૧૪૫) બેશક તમારા પર અલ્લાહે મારી રિસાલતનો બદલો મારી એહલેબૈતની મોહબ્બત નક્કી કરેલ છે કે જેના માટે કયામતના દિવસે હું તમને પૂછીશ.

*(ઝખાએરૂલ ઉકબા, સફા-૨૫)*

(૧૪૬) રસૂલ(સ.)ને પૂછવામાં આવ્યું, 'અય રસૂલલ્લાહ ! આપના આ નજીકના સગાવહાલા કોણ છે કે જેમની મોહબ્બત અમારા પર ફરજિયાત કરવામાં આવી છે ? તો આપે જવાબ આપ્યો, 'અલી(અ.), ફાતેમા(સ.અ.) અને તેમના બન્ને ફરઝંદો.

*(સવાએક ઈબ્ને હજર, સફા-૧૦૧) (ક્રમશઃ)*

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### મોત

(ગતાંકનું ચાલુ)

હર્યા ભર્યા પહાડો ઢોરોને ચરાવવા માટે ઉપયોગી હોય છે અને ઉનાળામાં જ્યારે અન્ય ઘાસ નથી હોતું તો ભરવાડ પોતાનાં ઘેટાં બકરાંને પહાડની તરફ લઈ જાય છે અને શિયાળો આવે ત્યાં સુધી તેઓ પોતાનાં ઘેટાં-બકરાંને પહાડ ઉપર ચરાવી શકે છે. આવા હર્યા ભર્યા પહાડો પર એવાં પશુ પક્ષીઓ જોવા મળે છે કે જેમનું માંસ હલાલ છે અને તેઓ પહાડની ગોદમાં વસવાટ કરતા લોકો માટે ખોરાકનો સામાન પણ છે એટલે સુધી કે જે પહાડો ઉપર હરિયાળી અથવા પાણી નથી હોતું તે પહાડો પણ સંપૂર્ણરીતે નિરૂપયોગી તો નથી જ અને જો તેમનામાં ખનીજ પદાર્થો શોધવામાં આવે તો શક્ય છે કે ત્યાં એવા ખનીજ પદાર્થો મળી રહે કે જે માણસના જીવન માટે ઉપયોગી હોય.

જ્યારે ઈમામ જાફર સાદિક(અ.) પોતાની વાત કહી રહ્યા તો અબુ શાકિર વિચારમાં પડી ગયો. સ્પષ્ટ દેખાતું હતું કે આપની વાતોની તેના ઉપર ઊંડી અસર થઈ છે. ઈમામ જાફર સાદિક(અ.)એ એને પૂછ્યું, શું હવે તું એ વાત માને છે ખરો કે વણજોયેલો અલ્લાહ છે ? અને શું તું આ વાતને પણ માને છે કે જે વસ્તુની તમે તમારી મૂર્તિઓમાં પૂજા કરો છો તે મૂર્તિ નથી બલ્કે વણજોયેલો અલ્લાહ છે. અબુ શાકિરે જવાબ આપ્યો કે હમણાં સુધી તો હું નથી માનતો પરંતુ શંકામાં ચોક્કસ પડી ગયો છું.

ઈમામ જાફર સાદિક(અ.)એ પોતાનો વિચાર મૂક્યો, મૂર્તિપૂજાના બારામાં શંકા(કરવી) એ વણજોયેલા અને એક અલ્લાહની પૂજાની શરૂઆત છે. અબુ શાકિરે કહ્યું વિશેષતઃ મોતના વિષેની આપની વાતોએ મને આશ્ચર્યમાં મૂકી દીધો છે. ઈમામ જાફર સાદિ(અ.)એ પૂછ્યું, તેમાં કઈ વસ્તુ તારા આશ્ચર્યનું કારણ બની છે ? અબુ શાકિર બોલ્યો, આપની વાતોથી હું એટલું તો સમજ્યો છું કે આપણે બધા માણસોએ જેટલું થઈ શકે એટલું, પોતાની જાતને કતલ કરી દેવી જોઈએ કારણ કે આપના કહેવા પ્રમાણે તો અલ્લાહની મસ્લેહત એમાં જ છે કે માણસ મરે કારણ કે અલ્લાહની મસ્લેહત તો એવી છે માટે જેટલા જલ્દી આપણે મરી જઈએ તેટલું વધારે સારું છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, અય અબુ શાકિર ! જે કોઈ પોતાને કતલ કરે છે તે અલ્લાહના કાનૂનથી મોઢું ફેરવે છે. અલ્લાહે ફરમાવ્યું છે કે એના બંદાઓએ પોતાના જીવનું રક્ષણ કરવું જોઈએ અને જીવના રક્ષણનો એક રસ્તો એ છે કે ખાવા પીવામાં અતિરેક ન કરે કારણ કે ખાવા પીવામાં અતિરેક કરવાથી માણસ શારીરિક મોતના પહેલાં જ મરી જાય છે. જીવની સુરક્ષા માટે મારા દાદાએ ફરમાવ્યું છે કે પોતાના પેટને જાનવરોનું કબ્રસ્તાન ન બનાવો. અબુ શાકિર

બોલ્યો, પરંતુ હું તો માંસ ખાવામાં લહેજત માણું છું અને માંસ ખાવાથી દૂર નથી રહી શકતો.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, વધારે માંસ ખાવાથી દૂર રહો. અબુ શાકિરે પૂછ્યું, શા માટે દૂર રહું ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો કારણ કે વધારે માંસ ખાવાથી કેટલાક લોકો પર બીમારીનો આકસ્મિક હુમલો થાય છે કે જેના કારણે માણસ અકાળે મૃત્યુનો ભોગ બને છે. અબુ શાકિર બોલ્યો, હું તો પહેલી વાર સાંભળી રહ્યો છું કે વધારે માંસ ખાવાથી માણસ અકાળે મૃત્યુ પામે છે. ઈમામ જાફર સાદિક(અ.)એ પોતાનો વિચાર મૂક્યો, મેં આમ નથી કહ્યું કે ગોશ્ત ખાવું તે અકાળે મૃત્યુ પામવાનું કારણ બને છે. બલ્કે મેં તો એમ કહ્યું છે કે વધારે માંસ ખાવાથી લોકો અચાનક બીમાર પડી જાય છે અને વધારે ગોશ્ત ખાવું આકસ્મિક બીમારીનું કારણ બને છે. તે પણ બધા માણસોમાં નહીં, પરંતુ કેટલાક લોકો તો એવા છે કે જેઓ માંસ ખાય છે પરંતુ આકસ્મિક મૃત્યુનો ભોગ નથી બનતા.

અબુ શાકિરે પૂછ્યું, આકસ્મિક મૃત્યુ શું છે? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, આ (એક) અણધાર્યું મૃત્યુ છે. આમાં માણસ દેખીતીરીતે તો સ્વસ્થ અને સશક્ત દેખાય છે પરંતુ અંદરથી બીમાર હોય છે અને અચાનક બેભાન થઈને મરી જાય છે. અબુ શાકિરે પૂછ્યું, શું છુપાયેલી બીમારી પણ હોય છે ખરી ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, હા, અય અબુ શાકિર ! કેટલાક લોકો આંતરિક રીતે બીમાર હોય છે પરંતુ તેમને તેમની બીમારીની ખબર નથી હોતી અને તે લોકો કે જેઓ માંસ અને ચરબીયુક્ત ખોરાક ખાવામાં અતિરેકથી કામ લે છે, શક્ય છે કે અંદરખાને તેઓ બીમાર હોય અને તેમની ભૂખમાં કોઈ ઘટાડો થાય નહીં અને તેઓ પીડાનો અનુભવ કર્યા વગર જ અનિંદ્રાના રોગનો ભોગ બની જાય છે. અબુ શાકિરે કહ્યું, હું આ વાતને નથી માનતો કે માણસ બીમાર થયા વગર પણ મરી શકે છે. માણસ કોઈ યુધ્ધ કે લડાઈમાં તો મરી શકે છે, એ સિવાય બીમાર થયા વગર નથી મરી શકતો.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું તમે તો એવા માણસ છો કે જ્યાં સુધી કોઈ વસ્તુને જોઈ નથી લેતા ત્યાં સુધી તમે તેના અસ્તિત્વને નથી માનતા અને એ કારણે કે તમે આજ સુધી કોઈને આકસ્મિક મોતથી મરતાં નથી જોયો માટે તમે આ વાતને નથી માની શકતા કે માણસ બીમારી વગર પણ અચાનક મૃત્યુ પામી શકે છે. પરંતુ જાણી લો કે આકસ્મિક મૃત્યુના ત્રણ પ્રકારો છે. એક મગજનું મૃત્યુ, બીજું હ્રદયનું મૃત્યુ અને ત્રીજું લોહીનું મૃત્યુ.* અબુ શાકિર બોલ્યો, મગજ, હ્રદય અને લોહી આપણને કેવી રીતે અચાનક હલાક કરી દે છે ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, દરેક

* આજના જમાનામાં આ પ્રકારની વાતો એક ચમત્કાર/મોઅજિઝાની જેમ છે કારણ કે આજના ડાક્ટરોની જાણકારી પ્રમાણે એટેકથી થનારા મૃત્યુના ત્રણ કારણો છે : પહેલું એ કે મગજમાં એક નાનો ટુકડો લોહીને રોકે છે અથવા મગજમાં લોહી વહેવાનું શરૂ થઈ જાય છે. બીજું એ કે હ્રદયમાં એક ટુકડો લોહીના ભ્રમણને રોકે છે અને ઓક્સિજન હ્રદયના એક ભાગ સુધી નથી પહોંચી શકતો અથવા ધોરી નસના ટુકડે ટુકડા થઈ જવાથી હ્રદયના કોષોનો એક ભાગ ખોરાકથી વંચિત રહે છે અને એટેક થવાનું ત્રીજું કારણ લોહીના એક ટુકડાનું લોહીના પ્રવાહને કોઈ નસમાં રોકી દેવું તે છે કે જેના કારણે લોહી એવા કોષો સુધી નથી પહોંચી શકતું કે જેમને તે નસ દ્વારા લોહી મળે છે. આ ત્રણેય એટેકમાંથી દરેકના પેટા પ્રકારો છે પરંતુ એકંદરે મોટા પ્રકારો મગજ, હ્રદય અને લોહીના પ્રવાહના છે કે જે અમે વર્ણવી દીધા છે. આવી બીમારીઓ હાલના સમયમાં સામાન્ય બની ગઈ છે.

પ્રકારની આકસ્મિક બીમારીનું છેલ્લું ચરણ લોહીનો બગાડ છે અને લોહીની ખરાબી પણ વધારે માંસ ખાવાથી અને બધા ચરબીયુક્ત ખોરાકના અતિરેકથી થાય છે અને જ્યારે લોહીમાં ખરાબી પેદા થાય છે તો અચાનક હુમલો કરવાવાળી બીમારી હૃદય, મગજ અથવા લોહી પર હુમલો કરીને માણસને હલાક કરી દે છે.

અરબ દેશના કબીલાઓ કે જેઓ રણ પ્રદેશમાં વસવાટ કરે છે તેમની અંદર આ (બાબત) જોવામાં નથી આવી કે કોઈ આકસ્મિક મૃત્યુથી મર્યો હોય કારણ કે અરબ દેશના કબીલાઓના રણ પ્રદેશમાં રહેતા લોકો માંસ અને બધા ચરબીયુક્ત ખોરાક ઓછા પ્રમાણમાં ખાય છે. પરંતુ વર્ષમાં એક વખત તો તેઓ માંસ ખાવા માટે મક્કા જાય છે જેથી હજ વખતે જે જનાવરો ત્યાં ઝુબેહ કરવામાં આવે છે તેમનું માંસ ખાય. આ લોકો જ્યાં સુધી મક્કામાં હોય છે તે થોડાક દિવસોમાં વિપુલ પ્રમાણમાં માંસ ખાય છે. પરંતુ (એ કારણે કે) તેઓ વર્ષમાં ફક્ત એ થોડાક જ દિવસોમાં માંસ ખાય છે અને જ્યારે ઘેર પાછા ફરે છે તો તેમનો ખોરાક પૂર્વવત દૂધ હોય છે અને જો તેમની પાસે ખજૂરો હોય તો તે પણ (તેમનો ખોરાક) હોય છે. તો આનાથી એમનું લોહી ખરાબ નથી થતું કે જેના કારણે તેઓ આકસ્મિક બીમારીનો ભોગ બને. અને બીજું એ પણ છે કે અરબ દેશના રણ પ્રદેશમાં રહેતા લોકોનું જીવન મુશ્કેલીભર્યું છે અને તેઓ ખાવા પીવામાં અતિરેક નથી કરતા. એ કારણે તેઓ ઘણું લાંબુ જીવન જીવે છે. (ક્રમશઃ)

**G. K. Corner Solution 130**

(૧) કોલકત્તા નાઈટ રાઈડર્સ (૨) સહયાદ્રિ (૩) ઉદયમતી (૪) ખંભાતના (૫) સૌરાષ્ટ્રનું (૬) રાઈનો પર્વત (૭) ઝવેરી બહેનો


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩

બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્લેીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

**સૈયદ રઝા સ્ટોન**

- મરજાન
- મરચમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

**ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.**

**હસનૈન ઝૈદી**
મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.

# ગ ડ મ થ લ ૨૩૯

:::: સંપાદક::::

મો. આબિદઅલી એમ. સાવદી

(અમદાવાદ-ઈલોલ તલાવ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | | ■ | | ■ | ૬ | | ■ | |
| | ■ | ૭ | ૮ | | ■ | ૯ | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ |
| ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | ■ | ૨૦ | | | ૨૧ | ■ | ૨૨ | | ■ |
| | ■ | | ■ | ૨૩ | | ૨૪ | ■ | ■ | ૨૫ |
| ૨૬ | | | ■ | ■ | ૨૭ | | ૨૮ | ■ | |
| | ■ | ■ | ૨૯ | ૩૦ | | ■ | | ■ | |
| ૩૧ | | | ■ | | ■ | ૩૨ | | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) અલ્લાહ(સુ.વ.ત.)નાં સુંદર નામો (૬)
(૪) અફઝલુલ ઈબાદત (૩)
(૬) ઓછું, થોડું (૨)
(૭) માતા, જનેતા (૩)
(૯) એક જાનવરનું નામ (૨)
(૧૦) નકામું, કાઢી નાખેલું (૨)
(૧૨) સિરિઆ દેશનું જૂનું નામ (૨)
(૧૪) રસ્તો, રાહ (૨)
(૧૭) શમશીર, યુધ્ધમાં વપરાતું હથિયાર (૪)
(૨૦) એક પ્રખ્યાત સહાબીએ રસૂલ(સ.) (૪)
(૨૨) શક્તિ, બળ (૨)
(૨૩) ભાગ્ય, કિસ્મત (૩)
(૨૬) **'મોમિન'** શબ્દનો અપભ્રંશ શબ્દ (૩)
(૨૭) દસમા ઈમામનાં સુપ્રસિધ્ધ બહેનનું નામ....... ખાતૂન (૩)
(૨૯) માર્ગ, રસ્તો, .......મુસ્તકીમ (૩)
(૩૧) બીજા ઈમામનું નામ (૩)
(૩૨) ઊંચી શાનવાળુ (૪)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) **'અકબર'** શબ્દનું બહુવચન, મોટા માણસો (૪)
(૨) **'આલિમ'**નું બહુવચન, વિદ્વાન માણસો (૩)
(૩) કલા, હાથની સફાઈ, વિદ્યા (૩)
(૪) મીઠું, લવણ, એના વગર ભોજન ફિક્કુ લાગે(૩)
(૫) ઈસ્લામ ધર્મમાં સેંકડે અઢી ટકા પ્રમાણે લેવામાં આવતું દાન (૩)
(૬) હિસાબનો દિવસ (૪)
(૮) કષ્ટ, વ્યથા, યાતના, પીડા (૨)
(૧૧) દરવાજો, દ્વાર (૨)
(૧૩) પતન, સૂર્ય માથા ઉપરથી સ્હેજ ઢળે તે પછીનો સમય, બપોર થાય તે પછીનો સમય (૩)
(૧૫) ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.)નું સંયુક્ત નામ (૪)
(૧૬) ધર્મ ઉપર દ્રઢ વિશ્વાસ (૩)
(૧૮) હોઠ, ઓષ્ઠ (૨)
(૧૯) મૂસા(અ.), અલ્લાહ સાથે વાતો કરનાર નબી(૫)
(૨૧) ઉપદેશ, શિખામણ (૪)
(૨૪) મદીનામાં આવેલ કબ્રસ્તાન, જન્નતુલ...(૨)
(૨૫) સાતમા અને નવમા ઈમામનો રોઝો તે સ્થળે આવેલ છે. (૪)
(૨૮) મચ્છી, માહી (૩)
(૩૦) રહસ્ય, ભેદ (૨)

## ગડમથલ નં.૨૩૮નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | રા | ફ | ૨ ત | ■ | ■ | ૩ સ | દા | ૪ ક | ૫ ત |
| રા | ■ | ■ | ૬ ન | ૭ ફ | ર | ત | ■ | ૮ મ | લ |
| ૯ ર | ૧૦ કા | ત | ■ | કી | ■ | ■ | ૧૧ હ | લ | બ |
| ૧૨ ત | મ | ન્ના | ■ | ૧૩ રી | ૧૪ મ | ઝી | મ | ■ | ગા |
| ■ | યા | ■ | ૧૫ ફુ | ■ | ર | ■ | ૧૬ સ | બ | બ |
| ૧૭ ફ | ન | કા | ર | ■ | ૧૮ ક | ૧૯ સ | ર | ■ | ■ |
| ર | ■ | ■ | સ | ■ | ૨૦ ઝ | ર | ■ | ૨૧ ક | મ |
| મા | ■ | ૨૨ ક | દ | ૨૩ મ | ■ | ૨૪ ફ | ૨૫ સ | લ | ■ |
| ૨૬ ન | કી | બ | ■ | ૨૭ ના | મુ | રા | દ | ■ | ૨૮ મો |
| ■ | ૨૯ બ | ર | ક | ત | ■ | ૩૦ ઝ | મા | ન | ત |

# <u>Divine Purpose</u>

---------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---------------------------------------------------------------------------------------------------------------------------

***<u>In the name of Allah, Most Gracious, Most Merciful.</u>***

*A tourist who wishes to go to a hill station to spend his holidays after reaching his destination is happy to be there.* ***His purpose is fulfilled and hence he enjoys every moment he spends there****. In contrast if a business manager* ***is taken forcibly to a beautiful tourist destination which offers every luxury which he seeks,*** *may* ***not enjoy anything*** *since he is worried about a missed business opportunity.* ***His purpose is not solved and hence he considers the time spent there as a waste.***

*We* ***walk*** *in the morning* ***to burn calories****. We* ***go to office*** *or do some work to* ***earn our livelihood. Every action of ours*** *is based on a* ***specific purpose*** *and thus a* ***well-defined purpose gives meaning to our lives.***

*With* ***commitment to purpose*** *comes* ***<u>honour and recognition</u>****. Don't we often read in the newspapers that a certain person was conferred with '****Padmashri' or a similar award*** *for his consistent* ***outstanding contribution in his specific field****.*

➔ *In the light of above explanation it seems appropriate to say that when Allah (SWT) created this planet and the universe He may have created this based on a specific Purpose. And it is important for us to try to identify His Purpose so that we can* ***make our lives meaningful*** *and do not* ***waste it while we are alive****. And if* ***we remain committed to His Purpose*** *we are entitled* ***to be honoured and rewarded*** *accordingly.*

As Allah (SWT) says in the following verse in Holy Quran that:

- *"Aur Maine jinnon aur aadmiyon ko issi gharaz se paida kiya ki wo* ***Meri ibadat karein."*** *– (Surah-e-Adh Dhariyat, ayah 55)*

  *"(I have not created the jinns and men* ***but to worship Me****)"*

Allah (SWT) created mankind and *Jinns* so that He is worshipped by them. So if we worship Allah (SWT) **the way He wants us to worship Him**, we would fulfill the purpose of our creation.

The Prophets who came to earth with Allah's Message strived in this direction and hence **Allah (SWT) has appreciated their efforts** in the following manner:

- *"**Ke saari Khudai main (har taraf se) Nooh per salam hai**. Hum **neki karnewalon** ko **yun jazay-e-khair ata farmate hain**. Iss main shak nahin ke Nooh **Hamare (khaalis) imaandar bandon se the**." – (Surah-e-Saaffat, ayah 79-81)*

  *"(**Peace and salutation to Nooh** among the nations. Thus do **We surely reward the doers of good.** Surely **he was of Our believing servants**.)"*

- *"**Ke (saari Khudai main) Ibrahim per salam (hi salam) hai**. **Hum yun neki karnewalon ko jazay-e-khair dete hain**. Beshak Ibrahim Hamare (khaas) **imaandar bandon main se the."** - (Surah-e-Saaffat, ayah 109-111)*

  *"(**Peace be on Ibrahim.** Thus do **We reward the doers of good**. Surely **he was one of Our believing servants.)"***

In the above ayahs Allah (SWT) is **rewarding Nooh (A.S) and Ibrahim (A.S) for their good work which they had undertaken during their lifetime** and sends His blessings on them.

In the light of above ayahs let us now see the following ayah:

- *"Aur Hum ne un ka zikr khair baad ke aane walon main baaqi rakkha ke har taraf se **Aal-e-Yaseen per salaam hi salaam hai"** – (Surah-e-Saaffat, ayah 129-130)*

  *"(And We perpetuated to them (praise) among the later generations. **Peace be unto the Aal-e-Yaseen.)"***

Allah (SWT) sends His *salams* on ***"Aal-e-Yaseen"*** appreciating **their good deeds** and He promises that their deeds would be perpetuated among the later generations.

Ibn-e-Abi Haatim and Ibn-e-Marduiya have quoted a tradition from the authority of Ibn-e-Abbas that ***Aal-e-Yaseen*** in the above ayah **refers to Aal-e-Mohammed (SAW**) *(Ref: Durr-e-Mansoor, vol 5, P 286)*

Fakhruddin Razi has also quoted a similar tradition which says that ***Aal-e-Yaseen* means *Aal-e-Mohammed (SAW).***

In *Ma'ani Al-Akhbar* there is a tradition from the authority of Imam Jafar-e-Sadiq (A.S) from his forefathers that Imam Ali (A.S) has said "***Yaseen* means the holy Prophet (SAW)** and ***Aal-e-Yaseen* are we Imams from his household**."

The holy Quran got completely revealed over the span of 23 years of the Prophethood of our beloved Prophet (pbuh). During the later years of his Prophethood, from *Aal-e-Yaseen (Aal-e-Mohammed (SAW)* only Imam Hasan (A.S) and Imam Hussain (A.S) were there and that too in their childhood; the **world had not witnessed their valour and martyrdom yet.** Still in the

above ayah **Allah has praised them and sent His blessings** with a promise to perpetuate their praise among the later generations. Here **Allah's praise for them has preceded their actions**. While in case of the ayahs referring to **Nooh (A.S) and Ibrahim (A.S) Allah's praise has followed their actions.**

➔ The only explanation to this is that they had existed before the creation of this world and here **Allah is referring to those actions of the *Ahl-ul-bait* which were done before their coming to this earth.** In order to understand this let us go back to the Quran and try to find out a proper evidence of our above inference.

We will start with the creation of Aadam (A.S) and his subsequent elevation as a *'Khalifa'* over all the angels. As Allah (SWT) says in the following ayahs:

- *"Aur **Aadam ko sab cheezon ke naam sikhadiye** phir unko farishton ke saamne pesh kiya aur farmaya ki **agar tum apne daawe main ke - hum mustahaqe khilafat hain – sachhe ho to Mujhe inn cheezon ke naam batao**." – (Surah-e-Baqra, ayah 31)*

  *"(And **He taught Adam all the names**, then showed them to the angels, saying: **Inform Me of the names of these, if ye are truthful)".***

When the angels objected on Aadam (A.S)'s superiority over them Allah (SWT) taught Aadam (A.S) all the names; **this knowledge of names** gave him **superiority above the angels** since they were ignorant of these names. Then Allah (SWT) ordered Aadam (A.S) to disclose the names taught to him in the following manner:

- *"**(Uss waqt Khuda ne Aadam ko) hukm diya ke Ae Aadam tum inn farishton ko unn sab cheezon ke naam bata do** bas jab Aadam ne farishton ko unn cheezon ke naam bata diye to **Khuda ne farishton ki taraf khitab kar ke farmaya: kyon, Main tum se na kehta tha ke Main aasmanon aur zameenon ke chhipe hue raaz ko jaanta hoon**, aur jo kuch tum ab zaahir karte ho aur jo kuch tum chhipate the (wo sab) jaanta hoon." – (Surah-e-Baqra, ayah 33)*

  *"(He said: O **Adam! Inform them of their names,** and **when he had informed them of their names, He said: Did I not tell you that I know the secret of the heavens and the earth?** And I know that which ye disclose and which ye hide.)"*

In the above ayah after the names were disclosed by Aadam (A.S) to angels, Allah (SWT) reaffirmed His superiority to the angels saying that He had always told them that it is **He who knew the secret of the heavens and the earth** which they were unaware of. We can thus infer that **the names disclosed by Aadam (A.S) to the angels were the part of this Divine Secret that** Allah (SWT) had kept to Himself and **not disclosed even to His angels** including *Iblees* the Satan though they existed much before the creation of Aadam (A.S). All the angels are created by "**Light"** while Aadam (A.S) was created by "Clay" yet **he was made *'Khalifa'* above them by virtue of his knowledge of these names.**

The authentic research work by great Islamic scholars have mentioned that **the names which Allah (SWT) taught Aadam (A.S)** were of **Mohammed (SAW), Ali (A.S), Fatema (S.A), Hasan (A.S) and Hussain (A.S)** *(Ref: Durr-e-Mansoor, Kanz-ul-Ammal,Yanabe-ul-Mawwadah, Riaz al Nuzra and Arjah al Mutalib)*

Imam Hasan Askari (A.S) in his *tafseer* says that:

"When Allah Almighty created Aadam, he taught him the names of everything and presented them to the angels**.** He placed **the five spirits *(Panjetan Pak)* of Mohammad, Ali, Fatima, Al-Hasan and Al-Hussein (pbut) in Aadam.** Their lights brightened the horizons of the skies, Al-Hojob, the heavens, the Chair and the Throne. **Allah Almighty ordered the angels to prostrate to Aadam in order to glorify him because he has been chosen to be the holder of these spirits whose lights had spread throughout the horizons.** Thus, they all prostrated except *Iblees* (the Devil) who refused to be humbled to the glory of **Allah's Greatness and to our *(Ahl-ul-bait)'s* lights**. All the angels were humbled to them (the lights), yet he stood with arrogance and refused to do so and **because of his rejection and arrogance, he was one of the disbelievers**." – (*Ref: Tafsir Al-Imam Al-Askari p.219, Bihar Al-Anwar vol.26 p.326, Ta'weel Al-Ayat al-Zahira vol.1 p.44, Qasas Al-Anbiaa p.43 Lisan al-Mizan v. 3, p. 346 )*

➔ Thus before the creation of Aadam (A.S) **the light of *Panjetan Paak (A.S)*** existed. It was this knowledge which gave Aadam (A.S) superiority over all other creation of Allah (SWT) including angels. The ignorance of *Iblees* and **his subsequent rejection of prostrating to Aadam (A.S) who was the carrier of the light of *Panjetan Paak (A.S)* made him a disbeliever**.

Mir Seyyed Ali Hamdani Faqih Shafi'i in his *Mawaddatu'l-Qurba*, *Mawadda VII,* has recorded a report from **third Caliph Uthman Bin Affan** who said that the Holy Prophet (SAW) said, **"I and Ali were created from one light 4000 years before the creation of Aadam.** When Allah created Aadam, He deposited that light into Aadam's loins. We remained as one light until we were separated in Abdu'l-Muttalib's loins. Then **I was endowed with Prophethood and Ali with Vicegerency."**

Many prominent Islamic scholars have recorded the similar hadith in their work. *(Ref: Sharh-e-Nahju'l-Balagha, vol.II, p.450 (printed in Egypt), Manaqib of Ibn Maghazili Shafi'i, Yanabi-ul-Mawwada, Manaqib of Khawarizmi)*

From the above references which we have gone through and the *tafseer* of Imam Hasan Askari (A.S) we can conclude that ***'Panjetan Paak'*** were created 4000 years before the creation of Aadam (A.S). **They were the first creation of Allah (SWT) and were His** well kept Divine Secret which got revealed with the birth of Aadam (A.S). So during this period of 4000 years between their creation and the creation of Aadam (A.S) what did these holy spirits do?

In Basar-e-Anwar Hazrat Salman (R.A) and Hazrat Abu Dharr (R.A) asked Imam Ali (A.S) about the true nature of his *"Noor'* as a reply to their question he delivered the sermon which is called *'Marefat-e-Nooraniyat'*. Let us see the excerpt from this sermon:

- *"Salmán!* ***we are those 'Secrets' of Allah (SWT) that will not remain hidden***. ***We are His light that can never be extinguished****, And we are His those 'bounties' which can never be matched. Among us, our first is Muhammad, our median is Muhammad, in fact, we are all Muhammad!. He who recognised us in this manner, surely, attains Faith.*

  In the same sermon he further adds:

  *Salmán, and O Jandáb!* ***Muhammad (SAW) and myself were the 'one-Noor'*** *that was* ***voicing forth the 'divine eulogy' (tasbee) before any other reality started to praise Him****. We were the cause of illumination unto all creation. This 'one-Noor' was then divided by Allah into two portions, the Chosen "Mustafa" (SAW) and his Vicegerent, "Murtaza" (A.S), and made compulsory (vouchsafed) unto His creation. Allah (SWT), exalted be His Glory, said to each half, "Be Muhammad!", "Be 'Alí!" It is thus that the Prophet (SAW) had said:* ***"I am from Alí and Alí is from Me. None can propogate Divine Message but Myself and Ali".*** **-** *(Ref: Nahjul Israr, P82, http://hubeali.com/khutbat/TheSermon RecognitionofNoor)*

The above sermon confirms our inference that **"*Panjetan Paak*" are the Divine Secrets of Allah (SWT)** who praised **Allah's Greatness, exalted Him and voiced forth the divine eulogy before any other creation**. They were first to offer prayers to Allah (SWT) when even time and space were not created.

Today, when we pray to Allah (SWT), our eulogy is to seek His favours and fulfill our wishes. **We ask for good health, livelihood, prosperity, children, better worldly life and salvation for hereafter from Him**. And He fulfills most of our wishes. In our lives of **70-80 years we pray to Allah (SWT) in this manner** and feel that we have been devout in our prayers throughout our lives and remembered Him every moment.

But when '*Panjetan Paak*' prayed to Allah (SWT) they did not ask anything for themselves as Allah (SWT) had not created anything else. Hence **their eulogy for Allah was pure without any materialistic expectations and personal desires**. **And they worshipped Him and exalted Him in this manner for 4000 years till Aadam (A.S) was created**.

In the beginning of the article we had seen the ayah **(*Surah-e-Adh Dhariyat, ayah 55)*** which says that Allah (SWT) created Men and *Jinn* to worship Him. **Thus the right of Worshipping Him has been fulfilled by *"Mohammed (SAW) wa Aale Mohammed"* when they exalted and worshipped Allah (SWT) selflessly for 4000 years.** Thus <u>they fulfilled Allah's Purpose</u>. Again in the initial section we had seen the ayah ***(Surah-e-Saafat, ayah 129-130)*** where Allah sends his blessings and peace on *Aal-e-Yaseen* **it is appropriate to infer that in this ayah Allah (SWT) is referring to their selfless commitment of worshipping Him and fulfilling His Purpose before the birth of Aadam (A.S) and hence He had sent His peace and blessings on**

**them much before any other action which they did in this world**. Not only this, Allah (SWT) has also exalted their position and praised their worshipping again in following manner:

- *"Wo Qandeel **un gharon main roshan hai jinki nisbat Khuda ne hukm diya hai ke unki taa'zeem kee jaae** aur unmain Uska naam liya jaae jin main subah wa sham wo **log Uski tasbih kiya karte hai."** – (Surah-e-Noor, ayah 36)*

  ***"((The Light is lit) in houses which Allah has permitted to be exalted** and that **His name may be remembered in them**; there **glorify Him therein in the mornings and the evenings**)"*

In the above ayah **Allah (SWT) appreciates certain houses in which His name is remembered and glorified mornings and evenings.** He has permitted them **to be exalted**.

Sala'bi has quoted Anas Ibn-e-Malik and Buraida, that when the holy Prophet (SAW) recited this verse, Hazrat Abu Bakr stood up and asked pointing towards **the house of Ali (A.S) and Fatema (A.S),** whether that house was included in the houses referred to? The holy Prophet (SAW) replied saying **"Yes, and it is better than other houses that are referred."** *(Ref: Durr-e-Mansur, Vol 5, P 50)*

➔ In this world it is often observed that if we remain committed to whatever purpose assigned to us we are rewarded by the concerned authority and our efforts are recognized. So when the holy Prophet (SAW) and his holy Progeny (A.S) remained committed to Allah's Purpose what reward did they get from the Almighty Allah?

After creating Aadam (A.S) Allah (SWT) spoke to him in the following manner:

- *"O Adam! Suppose if **they (Mohammed (SAW) wa Aale Mohammed (SAW)) had not been there,** I would **neither have created you, nor would I have given the attire of creation to the Heavens, Hell, Skies and Earth**." (Ref: Ma'ani Al Akhbar, P 124, Hadeeth-e-Qudsi)*

Allah (SWT) created everything for the sake of Mohammed (SAW) and his holy Progeny (A.S). Had He not created them He would not have created anything. Thus all other creations of Allah (SWT) are **the gift which He bestowed upon them.**

We can further understand this in the light of *"Hadeeth-e-Kisa"* (The event of blanket). This hadeeth is a *tafseer* of *ayah-e-tatheer (Surah-e-Ahzab, ayah 33)* narrated by Jabir Ibn-e-Abdullah Ansari (R.A) from the authority of Lady Fatema (S.A), the beloved daughter of the holy Prophet (SAW). The excerpt of the hadeeth is as follows:

- *"Then the Lord, Almighty Allah said: 'O My Angels! O inmates of the Heavens!* ***I created*** *this solid firmament, well-stretched earth, well-lighted moon, shinning sun, rotating planets, rippling oceans, floating boats, and* ***all other things for the sake*** *and* ***love of these five persons who are inside the cloak.'***

  *At this, the Archangel Jibraeel (A.S) said: 'O Lord! Who are they inside the cloak?'*

  *The Lord said: '****They are Ahl-ul-Bait of the Prophet*** *and* ***the assets of the Prophethood****.* ***They are Fatema (S.A), her father, her husband and her two sons****.'*

It is for the love of the holy Prophet (SAW) and his holy Progeny (A.S) that Allah (SWT) had created everything. **Their love is the Purpose of creating this planet, universe and all other creations of the Almighty Allah (SWT)** and hence as a final message He instructed the holy Prophet (SAW) to inform the *Ummah* about **this Divine Purpose i.e. the love of *Ahl-ul-bait* as a reward** of his messengership in the following ayah:

- *"Ae Rasool (SAW) tum kehdo ke main apni tableegh-e-risalat ka* ***apne karabatdaron ki mohabbat*** *ke siwa tumse koi sila nahin maangta" – (Surah-e-Shura, ayah 23)*

  *('Say:* ***I do not ask*** *of you* ***any reward*** *for it* ***but love for my near relatives'****)*

The love of the relatives of the holy Prophet (SAW) **is love for Fatima (S.A), Ali (A.S) and their children Hassan (A.S) and Hussain (A.S).** (*Ref: Sa'labi, Suyuti, Baidhavi, Bukhari, Muslim, Ahmed ibn Hambal, Allama Zamkhashri Vol 3, P 68).*

➔ So let us conclude the article that Allah (SWT) created Men and *Jinn* to worship Him. For 4000 years till the creation of Aadam (A.S) "*Panjetan Paak"* worshipped and exalted Allah selflessly without anticipating any personal gain. Their pure devotion was so appreciated by Allah (SWT) that for the sake of their love and to reward them He created all other creations. Thus now **His Purpose of creating everyother thing is for the love of *Ahl-ul-bait*** and **hence if we pray to Allah (SWT) and worship Him with love of *Ahl-ul-bait* in our hearts we are fulfilling the purpose of our creation**. In case we worship Allah (SWT) and remain indifferent with the love of *Ahl-ul-bait* we are forgetting His Purpose and our prayers might not be accepted.

# ઈલાહી આશય

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*સહેલગાહ માટે નીકળેલો કોઈ પ્રવાસી પોતાની રજાઓ ગાળવા માટે કોઈ હિલ સ્ટેશને જવાની ઈચ્છા ધરાવતો હોય તો તે પોતાના નિર્ધારિત સ્થળે પહોંચી ગયા પછી ખુશ ખુશાલ થઈ જતો હોય છે.* ***તેનો આશય પરિપૂર્ણ થઈ જતો છે અને તેથી જ તો તે ત્યાં જે ક્ષણો વીતાવે છે તે પ્રત્યેક ક્ષણનો તે ભરપૂર આનંદ માણે છે.*** *એનાથી ઉલટું, જો કોઈ બિઝનેસ મેંનેજરને સહેલગાહ માટે* ***કોઈ સુંદર પ્રવાસધામમાં બળપૂર્વક લઈ જવામાં આવે કે જ્યાં તે ઝંખતો હોય તેવી સુખ સગવડો તેને આપવામાં આવે,*** *તો પણ તે કદાચ* ***કોઈ પણ બાબતનો આનંદ માણી નહીં શકે*** *કેમકે તેણે બિઝનેસ કરવાની જે તક ગુમાવેલી હોય છે તે અંગે તે ચિંતિત હોય છે.* ***તેનો આશય ફળીભૂત થતો નથી અને તેથી જ તો ત્યાં પસાર કરેલા સમયને તે સમયનો બગાડ ગણે છે.***

*આપણે સવારના પહોરમાં* ***તંદુરસ્ત રહેવા માટે વૉકિંગ કરીએ છીએ.*** *આપણે* ***આજીવિકા કમાવા માટે ઑફિસે જઈએ છીએ*** *અથવા તો કોઈ કામ ધંધો કરીએ છીએ.* ***આપણું પ્રત્યેક કાર્ય*** *કોઈ* ***ખાસ આશય*** *ઉપર આધારિત હોય છે અને તેથી જ તો કોઈ* ***સારી રીતે ઘડેલો આશય આપણા જીવનને અર્થસભર બનાવે છે.***

*કોઈ પણ* ***આશયની વચનબધ્ધતા****ની સાથે જ* ***<u>સન્માન અને ઓળખ</u>*** *પ્રાપ્ત થાય છે. શું આપણે સમાચારપત્રોમાં અવારનવાર નથી વાંચતા કે ફલાણી વ્યક્તિને* ***તેના ખાસ ક્ષેત્રમાં*** *એકધારા* ***અસધારણ સહયોગ*** *માટે* ***'પદ્મશ્રી' અથવા તો તેના જેવો જ કોઈ એવૉર્ડ*** *એનાયત કરવામાં આવ્યો છે.*

→ *ઉપરના સ્પષ્ટીકરણની રોશનીમાં એવું કહેવું યોગ્ય લાગે છે કે જ્યારે અલ્લાહ(સુ.વ.ત.)એ આ ગ્રહ(પૃથ્વી)નું અને બ્રહ્માંડનું સર્જન કર્યું ત્યારે તેણે કદાચ કોઈ ખાસ આશયથી જ સર્જન કર્યું હશે. વળી તેના આશયને ઓળખી કાઢવાનો પ્રયત્ન કરવો પણ આપણા માટે અગત્યનું છે કે જેથી કરીને આપણે* ***આપણા જીવનને અર્થસભર બનાવી શકીએ*** *અને* ***જ્યાં સુધી આપણે જીવતા છીએ ત્યાં સુધી આપણે તેનો બગાડ ના કરીએ,*** *અને જો* ***આપણે*** *તેના* ***આશયની સાથે જેટલા પ્રમાણમાં વચનબધ્ધ રહીશું*** *એટલા જ પ્રમાણમાં આપણે* ***સન્માન અને સવાબ મેળવવા માટે હકદાર બની રહીશું.***

જેમકે અલ્લાહ(સુ.વ.ત.) કુરાન શરીફમાં નીચેની આયતમાં ફરમાવે છે :

- *'અને મેં જિન્નાતોને અને ઈન્સાનોને એવા આશયથી પેદા કર્યા છે કે તેઓ* ***મારી ઈબાદત કરે.'*** (સૂરએ અઝ ઝારિયાત, આયત-૫૫)

અલ્લાહ(સુ.વ.ત.)એ માનવજાતને અને જિન્નાતોને એટલા માટે પેદા કર્યા કે જેથી તેમના દ્વારા તેની ઈબાદત થાય. તેથી જો આપણે પણ અલ્લાહની ઈબાદત એ રીતે કરીશું કે **જેવી ઈબાદત તે આપણી પાસેથી ઈચ્છે છે,** તો આપણે બધા આપણી પેદાઈશનો જે આશય છે તેને પૂર્ણ કરી દઈશું.

એ પયગમ્બરો કે જેઓ આ પૃથ્વી ઉપર

અલ્લાહનો પયગામ લઈને આવ્યા હતા તેમણે આ દિશાની અંદર તનતોડ પ્રયત્નો કર્યા અને તેથી જ તો **અલ્લાહ(સુ.વ.ત.)એ તેમના પ્રયત્નોને** નીચે મુજબ **બિરદાવ્યા છે :**

- ***'કે સારી ખુદાઈમાં (દરેક બાજુએથી) નૂહ પર સલામ છે. અમે નેકી કરનારાઓને આવી રીતે સારો બદલો અર્પણ કરીએ છીએ.*** *એમાં શંકા નથી કે નૂહ* ***અમારા (નિખાલસ) ઈમાનદાર બંદાઓમાંથી હતા.'***

(સૂરએ સાફ્ફાત, આયત-૭૯ થી ૮૧)

- ***'કે (સારી ખુદાઈમાં) ઈબ્રાહીમ ઉપર સલામ (જ સલામ) છે. અમે આવી રીતે નેકી કરનારાઓને સારો બદલો આપીએ છીએ.*** *બેશક ઈબ્રાહીમ અમારા (ખાસ)* ***ઈમાનદાર બંદાઓમાંથી હતા.'***

(સૂરએ સાફ્ફાત, આયત-૧૦૯ થી ૧૧૧)

ઉપરની આયતોમાં અલ્લાહ(સુ.વ.ત.) નૂહ(અ.)ને અને ઈબ્રાહીમ(અ.)ને તેમના જીવન દરમિયાન તેમણે કરેલાં નેક કાર્યોનો બદલો આપી રહ્યો છે.

ઉપરની આયતોની રોશનીમાં ચાલો હવે આપણે નીચેની આયત જોઈએ :

- *'અને અમોએ તેમની ભલાઈનું વર્ણન તેમની પાછળ આવનારાઓમાં બાકી રાખ્યું કે દરેક દિશામાંથી* ***આલે યાસીન ઉપર સલામ જ સલામ છે.'***

(સૂરએ સાફ્ફાત, આયત-૧૨૯ થી ૧૩૦)

અલ્લાહ(સુ.વ.ત.) ***'આલે યાસીન'*** ઉપર **તેમનાં નેક કાર્યોને** બિરદાવતાં પોતાના સલામો મોકલે છે અને વળી એવું વચન પણ આપે છે કે તેમનાં કાર્યોનું વર્ણન પાછળ આવનારી પેઢીઓની અંદર બાકી રહેશે.

ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મરુદીયાએ ઈબ્ને અબ્બાસના હવાલાથી એક હદીસ એવી ટાંકી છે કે ઉપરની આયતમાં જે ***આલે યાસીન*** છે તે **આલે મોહંમદ(સ.)**નો સંદર્ભ આપે છે.

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ-૫, પેજ-૨૮૬)

ફખ્રુદ્દીન રાઝીએ પણ આવી જ એક હદીસ ટાંકી છે કે જે એવું જણાવે છે કે ***આલે યાસીન*** નો અર્થ થાય છે **આલે મોહંમદ(સ.).**

*મા'અની અલ અખબારમાં* ઈમામ જાફર સાદિક(અ.)ની પોતાના પૂર્વજોના હવાલાથી આપેલી એક હદીસ છે કે ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે : ***'યાસીન* નો અર્થ થાય પયગમ્બરે પાક(સ.)** અને ***આલે યાસીન છીએ અમે તેમના ઘરાનાના ઈમામો.'***

કલામે પાક કુરાનને આપણા પ્યારા પયગમ્બર(સ.)ની નબુવ્વતના ૨૩ વર્ષના સમયગાળા દરમિયાન સંપૂર્ણપણે નાઝિલ કરી દેવામાં આવ્યું હતું. આપ(સ.)ની નબુવ્વતનાં પાછલાં વર્ષો દરમિયાન, આલે યાસીન (એટલે કે આલે મોહંમદ(સ.))માંથી માત્ર ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.) જ હતા અને તે પણ બાલ્યાવસ્થામાં હતા, **દુનિયાએ તેમની શુજાઅતને અને શહાદતને હજુ નિહાળી ન હતી.** તેમ છતાંય ઉપરની આયતમાં **અલ્લાહે તેમનાં ગુણગાન ગાયાં છે અને તેમના ઉપર પોતાના સલામો મોકલ્યા છે** એવા વચન સાથે કે પાછળ આવનારી પેઢીઓમાં તેમનાં ગુણગાન બાકી રહેશે. અહીં **અલ્લાહે તેમના માટે કરેલાં ગુણગાનને તેમના અમલો(કાર્યો)ના પહેલાં રજૂ કર્યાં છે.** જ્યારે **નૂહ(અ.) અને ઈબ્રાહીમ(અ.)**નો સંદર્ભ આપતી આયતોની બાબતમાં **અલ્લાહનાં ગુણગાન તેમનાં કાર્યોની સમાપ્તિ પછી થયેલાં છે.**

→ આ બાબતમાં એક માત્ર સ્પષ્ટીકરણ એ થાય

છે કે તેઓ બધા કાઈનાતના સર્જન પહેલાં અસ્તિત્વ ધરાવતા હતા અને અહીં **અલ્લાહ અહલે-બૈતનાં એ કાર્યો(અમલો)નો સંદર્ભ આપી રહ્યો છે કે જે કાર્યો તેમના પૃથ્વી ઉપર આવવા પહેલાં કરવામાં આવ્યાં હતાં.** આ બાબતને સમજવાના આશયથી ચાલો આપણે પાછા કુરાન તરફ જઈએ અને આપણા ઉપરના અનુમાનોનો યોગ્ય પુરાવો શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ.

આપણે આદમ(અ.)ના સર્જનથી અને ત્યાર પછી ફરિશ્તાઓ ઉપર તેમના *'ખલીફા'*તરીકેની ફઝીલતથી શરૂઆત કરીશું, જેમકે અલ્લાહ (સુ.વ.ત.) નીચેની આયતમાં ફરમાવે છે :

- *'અને **આદમને બધી ચીજોનાં નામ શીખવાડ્યાં.** ત્યાર પછી તેમને ફરિશ્તાઓની સમક્ષ રજૂ કર્યા અને ફરમાવ્યું કે **અગર તમે તમારા (એ) દાવામાં - કે અમે ખલીફા તરીકે હકદાર છીએ - સાચા હો તો મને એ ચીજોનાં નામ બતાવો.**'* (સૂરએ બકરહ, આયત-૩૧)

જયારે ફરિશ્તાઓએ તેમના ઉપરના આદમ(અ.)ના ચઢિયાતાપણાની બાબતમાં વાંધો ઉઠાવ્યો તો અલ્લાહ(સુ.વ.ત.)એ આદમ(અ.)ને બધાં નામ શીખવાડી દીધાં; **આ નામોની માઅરેફતે** તેમને **ફરિશ્તાઓ ઉપર ઉચ્ચતા** અર્પી કેમકે તે બધા તો આ નામોથી અજાણ હતા. ત્યાર પછી અલ્લાહ(સુ.વ.ત.)એ આદમ(અ.)ને તેમને શીખવાડેલાં નામોને પ્રગટ કરવાનો આ રીતે હુકમ આપ્યો :

- *'**(એ વખતે ખુદાએ આદમને) હુકમ કર્યો કે અય આદમ ! તમે આ ફરિશ્તાઓને એ બધી ચીજોનાં નામ બતાવી દો,** બસ જ્યારે આદમે ફરિશ્તાઓને તે ચીજોનાં નામ બતાવી દીધાં તો **ખુદાએ ફરિશ્તાઓને સંબોધીને ફરમાવ્યું, શું મેં તમને નહોતું કહ્યું કે હું આસમાનો અને જમીનોનાં છૂપાં રહસ્યોને જાણવાવાળો છું** અને જે કંઈ તમે હવે જાહેર કરો છો અને જે કંઈ તમે છૂપાવતા હતા (તે બધું) જાણું છું.'*

(સૂરએ બકરહ, આયત-૩૩)

ઉપરની આયતમાં, આદમ(અ.)એ ફરિશ્તાઓને નામો જણાવી દીધાં ત્યાર પછી અલ્લાહ(સુ.વ.ત.)એ આવું કહીને ફરિશ્તાઓ ઉપર પોતાની સર્વોચ્ચતા ફરીથી સાબિત કરી કે તે તેમને હંમેશાં કહેતો આવ્યો છે કે **એ જ તો તે છે કે જે આસમાનો અને જમીનનાં રહસ્યો જાણતો હતો** કે જેનાથી તેઓ અજાણ હતા. આ રીતે આપણે એવું અનુમાન કરીએ કે **આદમ(અ.)એ ફરિશ્તાઓને જે નામો જણાવ્યાં હતાં તે ઈલાહી રહસ્યોનો એક ભાગ હતો કે જે** અલ્લાહ (સુ.વ.ત.)એ પોતાની પાસે રાખ્યો હતો અને ઈબ્લીસ શેતાન સહિત **તેના ફરિશ્તાઓને પણ બતાવ્યો ન હતો** જો કે તે બધા જ આદમ(અ.)ની ખિલ્કતના ઘણા સમય પહેલાં અસ્તિત્વ ધરાવતા હતા. બધા જ ફરિશ્તાઓને **'નૂર'**થી પેદા કરવામાં આવ્યા છે જયારે આદમ(અ.)ને 'માટી'થી પેદા કરવામાં આવ્યા છે તેમ છતાં **આ નામોની માઅરેફત ધરાવતા હોવાથી તેમને તેમના ઉપર *'ખલીફા'* બનાવવામાં આવ્યા હતા.**

મહાન ઈસ્લામી વિદ્વાનો દ્વારા કરવામાં આવેલ પ્રમાણભૂત સંશોધન કાર્યમાં વિદ્વાનોએ એવો ઉલ્લેખ કર્યો છે કે **અલ્લાહ(સુ.વ.ત.)એ આદમ(અ.)ને જે નામો શીખવાડ્યાં** હતાં તે નામો **મોહંમદ(સ.), અલી(અ.), ફાતેમા(સ.અ.), હસન(અ.) અને હુસૈન(અ.)નાં હતાં.**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, કન્ઝુલ અમ્માલ,

યનાબેઉલ મોવદ્દત, રિઆઝુલ નુઝરા અને અર્જહુલ મતાલિબ)

ઈમામ હસન અસ્કરી(અ.) પોતાની *તફસીર*માં ફરમાવે છે કે -

'જ્યારે સર્વશક્તિમાન અલ્લાહે આદમને પેદા કર્યા ત્યારે તેણે તેમને બધી વસ્તુઓનાં નામ શીખવાડ્યાં અને ફરિશ્તાઓ સમક્ષ પ્રસ્તુત કર્યા. **તેણે મોહંમદ, અલી, ફાતેમા, અલ હસન અને અલ હુસૈન(અ.મુ.સ.)ની પાંચ રૂહોને (પંજેતન પાકને) આદમમાં મૂકી.** તેમના નૂરથી આકાશો, અલ હોઝોબ, જન્નતો, અર્શ અને કુર્સીની ક્ષિતિજો ઝગમગી ઊઠી. **સર્વશક્તિમાન અલ્લાહે આદમને ભવ્યતા અર્પવાના હેતુથી તેમની આગળ સિજદામાં ઝુકી જવાનો ફરિશ્તાઓને હુકમ કર્યો કારણ કે તેમને એવી રૂહોને ધારણ કરનારા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા કે જેમનાં નૂર ક્ષિતિજોની આરપાર ફેલાઈ ગયાં હતાં.** આ રીતે બધા સિજદામાં ઝુકી ગયા સિવાય ઈબ્લિસ (શેતાન) કે જેણે **અલ્લાહની અઝમત અને અમારા (અર્થાત અહલે-બૈતના) નૂરની** ભવ્યતા સમક્ષ ઝુકવાનો ઈન્કાર કર્યો. બધા જ ફરિશ્તાઓ તેમની (અન્વારની) આગળ ઝુકી ગયા તેમ છતાં તે મગરૂર થઈને ઊભો રહ્યો અને ઝુકવાનો ઈન્કાર કર્યો અને **તેના ઈન્કાર અને મગરૂરીના કારણે તે નાફરમાનો માંહેનો હતો.'**

(સંદર્ભ : તફસીર અલ ઈમામ અલ અસ્કરી, પેજ-૨૧૯, બિહારૂલ અન્વાર, જિલ્દ-૨૬, પેજ-૩૨૬, તા'વીલ અલ આયતુલ ઝહિરા, ભાગ-૧, પેજ-૪૪, કસસુલ અંબિઆ, પેજ-૪૩, લિસાનુલ મિઝાન, જિલ્દ-૩, પેજ-૩૪૬)

આમ આદમ(અ.)ના સર્જન પહેલાં ***પંજેતન પાક*(અ.મુ.સ.)નું નૂર** અસ્તિત્વ ધરાવતું હતું. આદમ(અ.)ની આ માઅરેફત હતી કે જેણે આદમ(અ.)ને ફરિશ્તાઓ સહિત અલ્લાહ (સુ.વ.ત.)ની તમામ ખિલ્કત ઉપર સર્વોચ્ચતા અર્પી. ઈબ્લીસની અજ્ઞાનતા અને **પાછળથી તેણે આદમ(અ.) કે જેઓ પંજેતન પાક(અ.)ના નૂરના વાહક હતા, તેમની સમક્ષ સિજદો કરવાના ઈન્કારે તેને નાફરમાન (મરદૂદ) બનાવી દીધો.**

મીર સૈયદ અલી હમ્દાની ફકીહ શાફઈએ પોતાની કિતાબ **મોવદ્દતુલ કુર્બા, મોવદ્દા** જિલ્દ-૭માં **ત્રીજા ખલીફા ઉસ્માન બિન અફફાન** તરફથી મળેલો એક અહેવાલ નોંધ્યો છે કે જેમણે એવું કહ્યું છે કે પયગમ્બરે પાક(સ.)એ ફરમાવ્યું, **'મને અને અલીને આદમની ખિલ્કતના ૪૦૦૦ વર્ષ પહેલાં એક જ નૂરમાંથી પેદા કરવામાં આવ્યા હતા.** જ્યારે અલ્લાહે આદમ(અ.)ને પેદા કર્યા તો તેણે તે નૂરને આદમની સુલ્બમાં મૂક્યું હતું. અમે અબ્દુલ મુત્તલિબની સુલ્બમાં અલગ પડ્યા ત્યાં સુધી એક નૂર તરીકે જ રહ્યા હતા. ત્યાર પછી **મને પયગમ્બરી આપવામાં આવી અને અલીને ઈમામત (ખિલાફત) આપવામાં આવી.'**

ઘણા પ્રખ્યાત ઈસ્લામી વિદ્વાનોએ તેમની કિતાબોમાં આવી જ હદીસ નોંધી છે. (સંદર્ભ : શર્હે નહજુલ બલાગહ, જિલ્દ-૨, પેજ-૪૫૦ (ઈજિપ્તમાં છપાયેલી) મનાકિબ ઈબ્ને મગાઝિલ શાફઈ, યનાબેઉલ મવ્વાદા, મનાકિબે ખ્વારિઝમી)

ઈમામ હસન અસ્કરી(અ.)ની તફસીરની રોશનીમાં અને ઉપરના તમામ સંદર્ભો કે જે આપણે જોયા છે તેની રોશનીમાં આપણે એવું સમાપન કરીએ કે **'પંજેતન પાક'**ને આદમ(અ.)ની ખિલ્કતના ૪૦૦૦ વર્ષ પહેલાં પેદા કરવામાં આવ્યા હતા. તેઓ **અલ્લાહ(સુ.વ.ત.)નાં સર્વપ્રથમ**

**સર્જનો હતાં અને** સારી રીતે સાચવી રાખેલાં તેનાં ઈલાહી રહસ્યો હતાં કે જેમને આદમ(અ.)ના જન્મની સાથે જ પ્રગટ કરવામાં આવ્યાં. તેથી તેમના સર્જનના અને આદમ(અ.)ના સર્જનના આ ૪૦૦૦ વર્ષના સમયગાળા દરમિયાન આ પવિત્ર રૂહો શું કરતી હતી ?

બસારે અન્વારમાં હઝરત સલમાન (રઝી.અ.) અને હઝરત અબુઝર(રઝી.અ.)એ ઈમામ અલી(અ.)ને તેમના 'નૂર'ની સાચી પ્રકૃત્તિ વિષે પૂછ્યું તો તેમના પ્રશ્નના જવાબમાં આપ(અ.) જે ખુત્બો પઢ્યા હતા તે ખુત્બો **'માઅરેફતે નૂરાનિયત'** તરીકે ઓળખાય છે. તો ચાલો આપણે તે ખુત્બામાંથી લીધેલો ભાગ જોઈએ :

- 'સલમાન ! **અમે અલ્લાહ(સુ.વ.ત.)નાં એ રહસ્યો(રાઝ) છીએ કે જે છૂપાં રહેશે નહીં. અમે તેનાં એવું નૂર છીએ કે જેમને કદી** હોલવી નહીં શકાય અને અમે તેની એ 'રહેમતો' છીએ કે જેમને કોઈની સાથે સરખાવી શકાય તેમ નથી. અમારામાંથી પહેલા મોહંમદ છે, અમારામાંથી વચલા મોહંમદ છે, હકીકતમાં અમે બધા જ મોહંમદ છીએ. એ માણસ કે જે અમને આ રીતે ઓળખે છે તેણે ચોક્કસ ઈમાન પ્રાપ્ત કરી લીધું છે.'

આ જ ખુત્બામાં આપ(અ.) આગળ ઉમેરો કરે છે :

- 'અય સલમાન અને અય જંદબ ! **મોહંમદ(સ.) અને હું એવું 'એક જ નૂર' હતા કે જેમાંથી 'ઈલાહી ઝિક્ર' (તસ્બીહ) નીકળતો હતો, એ પહેલાં કે કોઈ પણ બીજી હસ્તીએ તેનાં ગુણગાન ગાવાનું શરૂ કર્યું હોય.** અમે સઘળી મખ્લૂકની અંદર રોશની પેદા થવા માટેનું નિમિત્ત હતા. આ 'એક નૂર'ને ત્યાર પછી અલ્લાહે બે ભાગોમાં વહેંચી નાખ્યું, પસંદીદા 'મુસ્તફા(સ.) અને તેમના વસી 'મુર્તઝા'(અ.). અને તેની મખ્લૂકની અંદર (ઉદારતા દર્શાવવાનું) વાજિબ બનાવી દીધું. અલ્લાહ(સુ.વ.ત.) ઈઝઝોજલે તે દરેક ટુકડાને ફરમાવ્યું, 'મોહંમદ થઈ જા !', 'અલી થઈ જા !' તેથી જ તો હુઝૂર(સ.)એ આ રીતે ફરમાવ્યું હતું : **'હું અલીથી છું અને અલી મારાથી છે. ઈલાહી પયગામની તબ્લીગ મારા અને અલીના વગર કોઈ કરી શકતું નથી.'**

(સંદર્ભ : નહજુલ અસરાર, પેજ-૮૨, http://hubeali.com/khutbat/The Sermon Recognition of Noor)

ઉપરનો ખુત્બો આપણા એ અનુમાનને મજબૂત બનાવે છે કે **'પંજેતન પાક' અલ્લાહ (સુ.વ.ત.)નાં એવાં ઈલાહી રહસ્યો છે કે જેમણે અલ્લાહની કોઈ પણ મખ્લૂકના પહેલાં અલ્લાહની મહાનતાનાં ગુણગાન ગાયાં છે, તેનું ગૌરવ વધાર્યું છે અને તેની તસ્બીહનો ઝિક્ર કર્યો છે.** જ્યારે **સમય અને સ્થળ** પણ અસ્તિત્વ ધરાવતાં ન હતાં ત્યારે અલ્લાહની ઈબાદત કરનાર તેઓ સૌ પ્રથમ હતા.

આજે જ્યારે આપણે અલ્લાહ(સુ.વ.ત.)ની નમાઝ પઢીએ છીએ અથવા તો તેની તસ્બીહ પઢીએ છીએ તે તેની મહેરબાની પ્રાપ્ત કરવા માટે અને આપણી ઈચ્છાઓને પૂરી કરવા માટે ઈબાદત કરીએ છીએ. **આપણે તેની પાસે આપણી તંદુરસ્તીની, રોઝીની, આબાદીની, ઓલાદની, વધારે સારા દુન્યવી જીવનની અને આખેરત માટે નજાતની માગણી કરીએ છીએ** અને તે આપણી મોટા ભાગની ઈચ્છાઓને પૂરી કરે છે. **સિત્તેરથી એંશી વર્ષની** આપણી જિંદગીમાં **આપણે આ રીતે અલ્લાહ (સુ.વ.ત.)ની ઈબાદત કરીએ છીએ** અને

એવી લાગણી અનુભવીએ છીએ કે આપણી આખી જિંદગી દરમિયાન આપણે તેની ઈબાદત કરનારા ઈબાદતગુઝાર છીએ અને દરેક ક્ષણે તેને યાદ કરીએ છીએ.

પરંતુ *'પંજેતન પાકે'* અલ્લાહ(સુ.વ.ત.)ની ઈબાદત કરી ત્યારે, અલ્લાહ(સુ.વ.ત.)એ કંઈ પણ પેદા કર્યું ન હતું તો પણ, તેમણે પોતાના માટે તો કંઈ માગ્યું જ નહીં તેથી **તેમનો અલ્લાહ માટેનો જે ઝિક્ર હતો તે કોઈ ભૌતિક અપેક્ષાઓ અને વ્યક્તિગત તમન્નાઓ વગરનો બિલકુલ પાક હતો. વળી તેમણે તો આદમ(અ.)ની પેદાઈશ થઈ તેના પહેલાં ચાર હજાર વર્ષો સુધી આવી જ રીતે તેની બંદગી ય કરી અને તેનું ગૌરવ પણ વધાર્યું.**

લેખના પ્રારંભમાં આપણે **(સૂરએ અઝ ઝારિયાતની)** આયત (નં.પપ) જોઈ હતી કે જે જણાવે છે કે અલ્લાહ(સુ.વ.ત.)એ ઈન્સાનોને અને જિન્નાતોને પોતાની ઈબાદત માટે પેદા કર્યા છે. **તેથી તેની ઈબાદત કરવાનો જે હક છે તે મોહંમદ(સ.) અને આલે મોહંમદ દ્વારા પરિપૂર્ણ કરવામાં આવ્યો છે. જ્યારે કે તેમણે તેનું ગૌરવ વધાર્યું અને અલ્લાહ (સુ.વ.ત.)ની ૪૦૦૦ વર્ષ સુધી નિઃસ્વાર્થપણે ઈબાદત કરી.** તેથી **તેમણે અલ્લાહના આશયને પરિપૂર્ણ કરી દીધો.** ફરીથી જોઈએ તો શરૂઆતના તબક્કામાં આપણે **(સૂરએ સાફફાતની)** આયત **(નંબર-૧૨૯-૧૩૦)** જોઈ હતી જેમાં અલ્લાહ આલે યાસીન ઉપર પોતાની રહેમતો અને સલામો મોકલે છે. **તેથી એવું અનુમાન કરવું બિલકુલ યોગ્ય જ છે કે આ આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) તેમની ઈબાદતની નિઃસ્વાર્થ વચનબધ્ધતાનો અને આદમ(અ.)ના જનમ પહેલાં અલ્લાહના આશયને પરિપૂર્ણ કરવાનો સંદર્ભ આપી રહ્યો છે અને તેથી જ તો તેણે તેઓ દુનિયામાં આવીને કોઈ કાર્ય કરે એના ઘણા સમય પહેલાં તેમના ઉપર પોતાની સલામો અને રહેમતો મોકલી દીધી હતી.** આટલું જ નહીં પરંતુ અલ્લાહ(સુ.વ.ત.)એ તેમના દરજ્જાઓનું પણ ગૌરવ વધાર્યું છે અને તેમની ઈબાદતનાં વખાણ ફરીથી આ રીતે કર્યાં છે :

- *'એ કંદીલ **એવા ઘરોમાં રોશન છે કે જેની બાબતમાં ખુદાએ હુકમ આપ્યો છે કે તેની તા'ઝીમ કરવામાં આવે** અને તેમાં તેનું નામ લેવામાં આવે કે જેમાં **સવાર-સાંજ તે લોકો તેની તસ્બીહ કર્યા કરે છે.'***

(સૂરએ નૂર, આયત-૩૬)

ઉપરની આયતમાં **અલ્લાહ(સુ.વ.ત.) અમુક ઘરોને બિરદાવે છે કે જેની અંદર તેના નામનું સ્મરણ કરવામાં આવે છે અને સવારોને-સાંજોને ગૌરવવંતી બનાવેલ છે. તેણે ગૌરવ વધારવા** તેમને પરવાનગી આપી છે.

સ'લાબીએ અનસ ઈબ્ને માલિકને અને બુરૈદાને એવું કહેતા ટાંક્યા છે કે જ્યારે પયગમ્બરે પાક(સ.)એ આ આયતની તિલાવત કરી તો હઝરત અબુબક્ર ઊભા થઈ ગયા હતા અને **અલી(અ.) અને ફાતેમા(અ.)ના ઘર** તરફ ઈશારો કરીને પૂછ્યું કે જે ઘરોનો સંદર્ભ આપવામાં આવ્યો છે તે ઘરોમાં શું આ ઘરનો સમાવેશ કરવામાં આવેલ છે ખરો ? તો પયગમ્બરે પાક(સ.)એ જવાબમાં ફરમાવ્યું, **'હા, જે ઘરોનો સંદર્ભ આપવામાં આવ્યો છે તેમના કરતાં તે (ઘર) વધારે સારું છે.'**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ-૨, પેજ-૫૦)

→ આ દુનિયામાં ઘણી વાર એવું જોવા મળ્યું છે

કે આપણને જે હેતુ સોંપવામાં આવ્યો હોય તે હેતુની સાથે આપણે વચનબધ્ધ રહીએ તો સંબંધિત સત્તાધિશો દ્વારા આપણને તેનો બદલો મળતો હોય છે અને આપણા જે પ્રયત્નો હોય છે તેનાથી તે વાકેફ થાય છે. તેથી જ્યારે પયગમ્બરે પાક(સ.) અને તેમની પવિત્ર આલ(અ.) હંમેશાં અલ્લાહના આશયની સાથે કટિબધ્ધ રહ્યા તો સર્વશક્તિમાન અલ્લાહ તરફથી તેમને શું બદલો મળ્યો ?

આદમ(અ.)નું સર્જન કરી દીધા પછી અલ્લાહ(સુ.વ.ત.)એ તેમને નીચે મુજબ ફરમાવ્યું હતું :

- *'અય આદમ ! ધારી લો કે જો* ***તેઓ (એટલે કે મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)) કદાચ ન હોત તો મેં ન તો તમને પેદા કર્યા હોત કે ન તો જન્નતો, દોઝખ, આકાશો અને પૃથ્વીને સર્જનનો પોષાક પહેરાવ્યો હોત.'*** (સંદર્ભ : મા'અની અલ અખબાર, પેજ-૧૨૪, હદીસે કુદસી)

અલ્લાહ(સુ.વ.ત.)એ દરેક વસ્તુને મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ના ખાતર જ પેદા કરી છે. જો તેણે તેમને પેદા કર્યા ન હોત તો તેણે કોઈ પણ વસ્તુને પેદા કરી ન હોત. તેથી અલ્લાહ(સુ.વ.ત.)નાં બીજાં બધાં જે સર્જનો છે તે **તેણે તેમના ઉપર ન્યોછાવર કરેલી બક્ષિસો છે.**

આ બાબતને આપણે વધુમાં *'હદીસે કિસાઅ'*ની રોશનીમાં સમજી શકીએ છીએ. આ હદીસ છે તે *આયએ તત્હીર* (સૂરએ અહઝાબ, આયત-૩૩)ની *તફસીર* છે કે જેની જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીએ બીબી ફાતેમા (સલા.અ.) બિન્તે રસૂલ(સ.)ના હવાલાથી રિવાયત કરી છે. આ હદીસનો એક ભાગ નીચે આપેલો છે :

*'ત્યાર પછી અલ્લાહ જલ્લે જલાલહુએ ફરમાવ્યું, અય મારા મલાઈકાઓ ! અને અય મારા આસમાનમાં રહેનારાઓ ! ખરેખર મેં આસમાનને ઊંચાં બનાવ્યાં, જમીનને બિછાવી, ચંદ્રને અજવાળુ આપનાર બનાવ્યો, સૂર્યને પ્રકાશ આપનાર કર્યો, ગ્રહોને ફરતા કર્યા, દરિયાને જારી કર્યો. કશ્તીને તેમાં તરનાર બનાવી,* ***આ બધું મેં એ પાંચ બુઝુર્ગવારોના માટે જ અને તેમની મોહબ્બતની ખાતર જ બનાવેલ છે કે જેઓ આ કિસાઅ(ચાદર)ની નીચે છે.'***

*આ સાંભળીને જિબ્રઈલે અમીને અરજ કરી, અય મારા રબ ! આ કિસાઅની નીચે કોણ કોણ છે?*

*પાક પરવરદિગારે (જવાબમાં) ફરમાવ્યું, (કિસાઅની નીચે)* ***અહલેબૈતે પયગમ્બર(સ.) અને નબુવ્વતના ખજાના છે, તે ફાતેમા(સ.અ.) તેમના વાલિદે બુઝુર્ગવાર, તેમના શૌહર અને તેમના બે ફરઝંદો છે.'***

પયગમ્બરે પાક(સ.) અને તેમની પવિત્ર આલ(અ.સ.)ની મોહબ્બત ખાતર જ અલ્લાહ(સુ.વ.ત.)એ બધી વસ્તુઓ બનાવી છે. **આ પૃથ્વીને, બ્રહ્માંડને અલ્લાહ (સુ.વ.ત.)ની બીજી બધી મખ્લૂકાતને પેદા કરવા પાછળનો અલ્લાહ(સુ.વ.ત.)નો આશય તેમની મોહબ્બત છે** અને તેથી જ તો છેલ્લા પયગામ તરીકે તેણે પયગમ્બરે પાક(સ.)ને પોતાની ઉમ્મતની પાસે **આ ઈલાહી આશય એટલે કે રિસાલતના બદલા તરીકે અહલે-બૈતની મોહબ્બત** માગવાનો હુકમ નીચેની આયતમાં ફરમાવ્યો :

- *'અય રસૂલ(સ.) ! તમે કહી દો કે હું તમારી પાસે મારી રિસાલતની તબ્લીગનો બદલો* ***મારા કરાબતદારોની મોહબ્બત*** *સિવાય કંઈ માગતો*

*નથી.'* (સૂરએ શુરા, આયત-૨૩)

પયગમ્બરે પાક(સ.)ના કરાબતદારોની મોહબ્બત **ફાતેમા(સ.અ.), અલી(અ.) અને તેમના ફરઝંદો હસન(અ.) અને હુસૈન(અ.) સાથેની મોહબ્બત** છે.

(સંદર્ભ: *સ'લાબી, સુયુતિ, બૈઝાવી, બુખારી, મુસ્લિમ, એહમદ ઈબ્ને હમ્બલ, અલ્લામા ઝમખશરી, જિલ્દ-૩, પેજ-૬૮)*

→ તો ચાલો આપણે આ લેખનું સમાપન આ રીતે કરીએ કે અલ્લાહ(સુ.વ.ત.)એ માણસોને અને જિન્નાતોને પોતાની ઈબાદત કરવા માટે પેદા કર્યા. આદમ(અ.)નું સર્જન થાય ત્યાં સુધી ૪૦૦૦ વર્ષ માટે 'પંજેતન પાકે' કોઈ પણ વ્યક્તિગત સ્વાર્થની આશા રાખ્યા વગર અલ્લાહ(સુ.વ.ત.)ની નિઃસ્વાર્થપણે ઈબાદત કરી અને ગુણગાન ગાયાં. તેમની નિખાલસ ઈબાદતને અલ્લાહ (સુ.વ.ત.)એ એટલી બધી બિરદાવી કે તેમની મોહબ્બત ખાતર અને તેનો બદલો આપવા માટે તેણે સઘળી મખ્લૂકાતને પેદા કરી. આ રીતે હવે તો આ બધી વસ્તુઓ પેદા કરવા પાછળનો **તેનો આશય છે અહલેબૈત(અ.) સાથેની મોહબ્બત અને તેથી જ તો જો આપણે અહલેબૈત સાથેની મોહબ્બત દિલમાં રાખીને અલ્લાહ(સુ.વ.ત.)ની નમાઝ પઢીએ અને તેની ઈબાદતો કરીએ તો આપણને પેદા કરવા પાછળનો જે આશય છે તે આશય આપણે પરિપૂર્ણ કરી રહ્યા હોઈએ છીએ.** જો કદાચ આપણે અલ્લાહ(સુ.વ.ત.)ની ઈબાદત કરીએ અને અહલેબૈત પ્રત્યેની મોહબ્બત પ્રત્યે બેપરવા રહીએ તો આપણે અલ્લાહના આશયને ભૂલી રહ્યા છીએ અને કદાચ આપણી ઈબાદતો કબૂલ ન પણ થાય. ✻

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી કવીઝ નં. ૨૨૦

**(૧) હઝરત ઈદરીસ પયગમ્બર(અ.)ના જમાનામાં તેમની બદ દુઆથી શાનો અઝાબ નાઝિલ થયો હતો ?**
(A) અનાવૃષ્ટિ(દુકાળ)નો
(B) અતિવૃષ્ટિ(અતિશય વરસાદ)નો
(C) તોફાની વાવાઝોડાનો

**(૨) હઝરત નૂહ પયગમ્બર(અ.)નું અસલ નામ શું હતું ?**
(A) અબ્દુર્રઝઝાક (B) અબ્દુલ ગફ્ફાર
(C) અબ્દુસ્સાલેહ

**(૩) જગતમાં જે કાળા રંગના લોકો છે તે હઝરત નૂહ(અ.)ના કયા ફરઝંદની ઓલાદ છે ?**
(A) સામની ઓલાદ (B) હામની ઓલાદ
(C) યાસેફની ઓલાદ

**(૪) હઝરત નૂહ(અ.)ની કશ્તીમાં આશરો લેનાર ઈમાનદાર માણસોની સંખ્યા કેટલી હતી ?**
(A) એંશી (B) સિત્તેર (C) એકસો

**(૫) 'રૂહુલ કુદુસ' કોનું ઉપનામ છે ?**
(A) હઝરત રસૂલે ખુદા(સ.)નું
(B) હઝરત ઈસા(અ.)નું
(C) હઝરત અલી(અ.)નું

**(૬) હઝરત હૂદ(અ.)ની શયતાન પરસ્ત પત્નીનું નામ શું હતું ?**
(A) વાહેલા (B) વાએલા (C) કાહેરા

**(૭) દુનિયામાં જૂઠી જન્નત બનાવનાર બાદશાહનું નામ શું છે ?**
(A) નમરૂદ (B) શદ્દાદ (C) કારૂન

**(૮) મહેમાનનવાઝી માટે સુવિખ્યાત પયગમ્બરનું નામ શું છે ?**
(A) હઝરત ઈબ્રાહીમ(અ.)
(B) હઝરત ઈસ્માઈલ(અ.)
(C) હઝરત યાકૂબ(અ.)

મઝહરૂલ અજાએબ
હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.)નો

# મોઅજિઝો

# مُعجِزہ

منظہر العجائب و الغرائب علی ابن ابیطالب علیہ السلام

મૌલાના સૈયદ અલીહસન સાહબ 'અખ્તર' અમરોહવી

باران و باد و ابر تھا اور موسم بہار
نورِ خدا تھا منبرِ مسجد پہ جلوہ بار

બારાનો બાદો અબ્ર થા ઔર મૌસમ બહાર,
નૂરે ખુદા થા મિમ્બરે મસ્જિદ પે જલ્વાબાર.

اصحاب سن رہے تھے خدا کے کلام کو
حضرتؐ سنا رہے تھے علیؑ کے مقام کو

અસ્હાબ સુન રહે થે ખુદાકે કલામકો,
હઝરત સુના રહે થે અલીકે મકામકો.

رحمت کے قطرے اور ذرا تیز تر ہوئے
اصحاب منتشر سے اِدھر سے اُدھر ہوئے

રહમતકે કતરે ઓર ઝરા તેઝતર હુએ,
અસ્હાબ મુન્તશિર સે ઈધર સે ઉધર હુએ.

تلقینِ صبر کر کے پیمبرؐ نے یہ کہا
بیٹھو دکھانا ہے تمھیں اعجاز اک نیا

તલ્કીને સબ્ર કર કે પયગમ્બરને યે કહા,
બૈઠો દિખાના હૈ તુમ્હેં એઅજાઝ એક નયા.

داخل بشر کی شکل میں اتنے میں جن ہوا
اصحاب کی نگاہوں میں تاریک دن ہوا

દાખિલ બશરકી શક્લમેં ઈત્નેમેં જિન હુવા,
અસ્હાબકી નિગાહોંમેં તારીક દિન હુવા.

બારાન : વરસાદ બાદ : હવા અબ્ર : વાદળ જલ્વાબાર : ઉપસ્થિત, હાજર તેઝતર : વધારે ઝડપી મુન્તશિર : છુટા છવાયા
તલ્કીન : હિદાયત એઅજાઝ : ચમત્કાર બશર : માણસ તારીક : અંધકારમય

کی عرض منفعل ہوں، گنہ گار ہوں رسولؐ
اسلام لایا ہوں مری بیعت ہو اب قبول

કી અર્ઝ મુન્ફઈલ હૂં, ગુન્હગાર હૂં રસૂલ !
ઈસ્લામ લાયા હૂં મેરી બયઅત હો અબ કબૂલ.

دستِ کرم رسولِ خدا نے بڑھا دیا
گردن کو مارے شرم کے جن نے جھکا د

દસ્તો કરમ રસૂલે ખુદાનો બઢા દિયા,
ગર્દનકો મારે શર્મ કે જિનને ઝુકા દિયા.

بولا کہ دستِ راست نہیں رکھتا میں حضور
بیعت کو دستِ چپ کا بڑھانا ہے اک قصو

બોલા કે દસ્તે રાસ્ત નહીં રખતા મૈં હુઝૂર!
બયઅતકો દસ્તે ચપકા બઢાના હૈ એક કસૂર.

فرمایا دستِ راست کا قصّہ بیان کر
کب کٹ گیا تھا ہاتھ ترا اور گیا کدھ

ફરમાયા દસ્તે રાસ્તકા કિસ્સા બયાન કર,
કબ કટ ગયા થા હાથ તેરા ઔર ગયા કિધર?

کہنے لگا یہ قصہ ہے طوفانِ نوحؑ کا
پانی عذابِ حق کا پہاڑوں پہ جب چڑھا

કહેને લગા યે કિસ્સા હૈ તૂફાને નૂહકા,
પાની અઝાબે હકકા પહાડોં પે જબ ચઢા.

آدم کی نسل مٹ گئی سارے جہاں سے
کِشتی میں اسّی آدمی تھے اطمینان سے

આદમકી નસ્લ મિટ ગઈ સારે જહાનસે,
કશ્તીમેં અસ્સી આદમી થે ઈત્મિનાનસે.

મુન્ફઈલ : શરમિન્દા, લજ્જિત દસ્તે રાસ્ત : જમણો હાથ દસ્તે ચપ : ડાબો હાથ ઈત્મિનાનસે : સંતોષપૂર્વક

جن ایک میرا دوست فقید النظیر تھا
ابلیس اس کا نام تھا بے حد شریر تھا

જિન એક મેરા દોસ્ત ફકીદુન્નઝીર થા,
ઈબ્લિસ ઉસકા નામ થા બેહદ શરીર થા.

آدم کے تھا خلاف خلافت کے باب میں
دشمن تھا آدمی کا جہانِ خراب میں

આદમકે થા ખિલાફ ખિલાફતકે બાબમેં,
દુશ્મન થા આદમીકા જહાંને ખરાબમેં.

کہنے لگا وہ آکے کہ اے یارِ غمگسار
اک کام لینا ہے تری طاقت کے میں نثار

કહેને લગા વો આકે કે અય યારે ગમગુસાર,
એક કામ લેના હૈ તેરી તાકતકે મૈં નિસાર.

میں نیچے جا کے کشتی بھنور میں پھنساتا ہوں
تیری طرف کو گھیر کے کشتی کو لاتا ہوں

મૈં નીચે જાકે કશ્તિ ભંવરમેં ફંસાતા હૂં,
તેરી તરફકો ઘેર કે કશ્તીકો લાતા હૂં.

تُو جا کے ایک سنگِ گراں کو اُٹھا کے لا
اوپر سے جا کے کشتی پہ اُس سنگ کو گرا

તૂ જા કે એક સંગે ગિરાંકો ઊઠા કે લા,
ઉપર સે જાકે કશ્તિ પે ઉસ સંગકો ગિરા.

تا کہ ہو نسلِ آدم و حوّا فنا تمام
لینا ہے آج مجھ کو خلافت کا انتقام

તાકે હો નસ્લે આદમો હવ્વા ફના તમામ,
લેના હૈ આજ મુઝકો ખિલાફતકા ઈન્તેકામ.

ફકીદુન્નઝીર : અજોડ શરીર : બદમાશ બાબમેં : બાબતમાં ગમગુસાર : દુઃખને દૂર કરનાર સંગે ગિરાં : વજનદાર પથ્થર ઈન્તેકામ : બદલો

سنگِ گراں کو لے کے فضاؤں میں میں چلا
ہاتھوں کو پھر اُٹھا کے یہ کی نوحؑ نے دعا

સંગો ગિરાંકો લે કે ફઝાઓંમેં મૈં ચલા,
હાથોંકો ફિર ઊઠાકે યે કી નૂહને દુઆ.

یارب تو ہی عــلیم و حفیظ و قدیر ہے
شیطاں سے ہے مقابلہ دشمن شریر ہے

યા રબ ! તૂ હી અલીમો, હફીઝો કદીર હૈ,
શયતાં સો હૈ મુકાબલા દુશ્મન શરીર હૈ.

دیکھا فضا میں میں نے کہ اک شہسوار ہے
تلوار ہاتھ میں لئے اک تاجدار ہے

દેખા ફઝામેં મૈંને કે એક શેહસવાર હૈ,
તલવાર હાથમેં લીએ એક તાજદાર હૈ.

کہتا ہے ہوشیار، لعینِ ستم شعار
میں آ گیا نہ کرنا ارادہ یہ زینہار

કહેતા હૈ હોંશિયાર, લઈને સિતમ શિઆર,
મૈં આ ગયા ન કરના ઈરાદા યે ઝીનહાર.

تھا پھینکنے کو سنگ کہ تلوار چل گئی
دو ٹکڑے سنگ و دست کے کر کے نکل گئی

થા ફેંકને કો સંગ કે તલવાર ચલ ગઈ,
દો ટુકડે સંગો દસ્ત કે કરકે નીકલ ગઈ.

یہ کہہ رہا تھا داخلِ مسجد علیؑ ہوئے
خوش دیکھ کے علیؑ ولی کو نبیؐ ہوئے

યે કહે રહા થા દાખિલે મસ્જિદ અલી હુએ,
ખુશ દેખકે અલી વલીકો નબી હુએ.

અલીમ : બધું જાણનારો હફીઝ : રક્ષણ કરનારો કદીર : કુદરત ધરાવનારો શેહસવાર : કુશળ ઘોડેસવાર તાજદાર : તાજ પહેરેલો
સિતમશિઆર: અત્યાચારની આદતવાળો ઝીનહાર : કદાપિ

چلّایا جن بدن سے نکلنے کو روح ہے
مولا قسم خدا کی یہی ربِّ نوحؑ ہے

ચિલ્લાયા જિન બદનસે નિકલનેકો રૂહ હૈ,
મૌલા, કસમ ખુદાકી યે હી રબ્બે નૂહ હૈ.

کشتی کو ڈوبنے سے بچایا یہی ہے وہ
پہونچے سے جس نے ہاتھ اُڑایا یہی ہے وہ

કશ્તીકો ડૂબને સે બચાયા યહી હૈ વો,
પહોંચેસે જિસને હાથ ઉડાયા યહી હૈ વો.

بولے نبیؐ علیؑ سے کہ اے شاہِ لافتا
ہاتھ اُس کا پھر عطا ہو اسے شیرِ کبریا

બોલે નબી અલીસે કે અય શાહે લાફતા !
હાથ ઉસકા ફિર અતા હો ઉસે શેરે કિબ્રિયા !

دستِ دُعا کو شیرِ خدا نے اٹھا دیا
چشم زدن میں دستِ بریدہ مِلا دیا

દસ્તે દુઆકો શેરે ખુદાને ઊઠા દિયા,
ચશ્મે ઝદનમેં દસ્તે બુરીદા મિલા દિયા.

بیعت کے بعد بولا وہ اے شاہ لافتیٰ
اُس وقت کیوں نہ سر کیا تلوار سے جُدا

બયઅતકે બાઅદ બોલા વો અય શાહે લાફતા!
ઉસ વક્ત ક્યું ન સર કિયા તલ્વારસે જુદા?

فرمایا قتل کی میں سزا جس کو دیتا ہوں
مسلم تو صُلب میں نہیں یہ دیکھ لیتا ہوں

ફરમાયા, કત્લકી મૈં સઝા જિસકો દેતા હૂં,
મુસ્લિમ તો સુલ્બમેં નહીં યે દેખ લેતા હૂં.

પહોંચેસે : કાંડામાંથી ચશ્મે ઝદન : આંખના પલકારામાં દસ્તે બુરીદા : કપાયેલો હાથ સુલ્બમેં : પીઠમાં(વિર્યમાં)

بولا کہ عہدِ نوح سے ابتک کہاں رہے
کیا آپ کبریا ہیں عیاں بھی نہاں رہے

બોલા કે અહદે નૂહસે અબ તક કહાં રહે,
ક્યા આપ કિબ્રિયા હૈ અયાં ભી નિહાં રહે.

فرمایا ہم ہی مظہرِ ذاتِ علیم ہیں
مشکل کشائے نوح و خلیل و کلیم ہیں

ફરમાયા, હમ હી મઝહરે ઝાતે અલીમ હૈ,
મુશ્કિલકુશાએ નૂહો, ખલીલો કલીમ હૈ.

توحیدِ کبریا کا خطر تھا ظہور سے
پہلے ہمارا نور تھا آدم کے نور سے

તૌહીદે કિબ્રિયાકા ખતર થા ઝુહૂરસે,
પહેલે હમારા નૂર થા આદમકે નૂરસે.

کہنا نہ رب مجھے کہ میں زوجِ بتول ہوں
بندہ خدا کا اور وصیِ رسولؐ ہوں

કહેના ન રબ મુઝે મૈં ઝૌજે બતૂલ હૂં,
બંદા ખુદાકા ઔર વસીએ રસૂલ હૂં.

અહદે નૂહસે : નૂહ(અ.)ના જમાનાથી કિબ્રિયા : અલ્લાહ અયાં : પ્રગટ નિહાં : ગુપ્ત મઝહર: પ્રગટ થવાનું સ્થાન ખતર : ખતરો, ભય ઝૌજે બતૂલ : જનાબે ફાતેમા(સ.અ.)ના શૌહર


Student Islamic Organization of India Gujarat

**STUDENT HELP CENTRE**

Education Career Guidance Cell

★ કારકિર્દીને લગતા તમામ પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન
★ મુસ્લિમ શૈક્ષણિક સંસ્થાઓમાં અને ટ્રસ્ટમાં કારકિર્દી માર્ગદર્શનને લગતા સેમીનાર યોજવા સંપર્ક કરો.
★ દરેક કોર્ષના પ્રવેશ ફોર્મની માહિતી અને ચોઈસ ફીલીંગ માટે ગુજરાતની દરેક કોલેજ, હોસ્ટેલ અને ફી વિશે સંપૂર્ણ માર્ગદર્શન.
★ Engineering, M.B.B.S., B.D.S., C.A., M.B.A., B.Pharm., B.Ed., Nursing, Diploma Engg. વગેરે કોર્ષોને લગતી અન્ય રાજ્યની કોલેજોની અને ફીની સંપૂર્ણ માહિતી (એડમીશન પ્રક્રિયાની માહિતી).
★ ગરીબ વિદ્યાર્થીઓ માટે વિવિધ સરકારો અને ખાનગી શિષ્યવૃતિ યોજનાઓ અને એજ્યુકેશન લોન વિશે માહિતી.
★ ગુજરાતમાં ઓછા ટકા મેળવેલ વિદ્યાર્થીઓ માટે અન્ય રાજ્યોમાં દરેક કોર્ષમાં એડમીશન માટે માર્ગદર્શન.
★ IAS, IPS, IIT, IIM, AIEEE, NICER, NID, NIFT જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અને પરીક્ષા માટેની સંપૂર્ણ માહિતી.
★ સમગ્ર ભારતની વિવિધ મુસ્લિમ શૈક્ષણિક સંસ્થાઓનો સંપૂર્ણ માહિતીનો સંગ્રહ.
★ બી.એડ્., બી.એ., બી.કોમ., એમ.ફાર્મ., બી.એસ.સી., D2D જેવા કોર્ષો ઘેર બેઠાં (ડીસ્ટન્સ) વિશે વિવિધ યુનિવર્સિટીઓની એડમીશન પ્રક્રિયાની માહિતી.

**CAREER HELP LINE NUMBER**
**9427594700, 9723003500**

ઓફિસ : બીજો માળ, શાહીન ડીસ્પેન્સરીની ઉપર, મસ્જિદ ગલી, કાલુપુર ટાવર, અમદાવાદ-૧

::::: સંપાદક :::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
::::: અનુવાદ :::::
મો.કાસમભાઈ વિજાપુરા


### કુફ્રના સ્તંભો

સલીમ ઈબ્ને કૈસ હિલાલીથી રિવાયત છે કે અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું કે કુફ્રનો પાયો ચાર સ્તંભો ઉપર (રચાયેલો) છે :

**(૧) ફિસ્ક(દુરાચાર)**
**(૨) ગોલૂ(હદથી વધી જવું)**
**(૩) શક(ગુમાન)**
**(૪) શુબહ(બદગુમાન/વહેમ)**

ફિસ્કની ચાર શાખાઓ છે : જફા, અમી (આંધળાપણું), ગફલત અને અતૂ. જફા એ છે કે જફા કરનારો હક કાર્યને તુચ્છ સમજે છે અને દીનના આલિમોનો દુશ્મન હોય છે અને મોટા ગુનાહો (કરવા) પર આગ્રહ રાખે છે. અમીથી મુરાદ એ છે કે તે ઝિક્રે ખુદાને ભૂલી જાય છે. સ્ત્રીની પયરવી કરે છે અને પોતાના ખાલિકનો મુકાબલો કરે છે. તેના ઉપર શયતાનનું વર્ચસ્વ રહેતું હોય છે. તે તૌબા અને એકરાર કર્યા વગર મગ્ફેરતની ઈચ્છા રાખે છે. ગફલતથી મુરાદ એ છે કે ઈન્સાન પોતાના નફ્સને નુકસાન પહોંચાડે છે અને રાહે હકમાં ચાલવાને બદલે સીધો સૂઈ જાય છે. પોતાની ગુમરાહીને નેકી સમજે છે. ઉમ્મીદો તેને દગો આપે છે અને પરિણામે નિરાશા અને શરમીન્દગી પ્રાપ્ત થાય છે અને જ્યારે મામલો (સમાપ્ત) થઈ ચૂકે છે તો આંખો ઉપરથી પડદો ખસે છે અને તેના ઉપર તે બાબત જાહેર થાય છે કે જેનું તેને ગુમાન સુધ્ધાં ન હતું. અતૂથી મુરાદ એ છે કે તે ખુદાનાં કાર્યોના મુકાબલામાં શક કરવામાં વિદ્રોહ દર્શાવે છે. દરેક શક કરનારને ખુદા પોતાની કુવ્વતથી ઝલીલ અને પોતાની ઈઝઝતો જલાલથી તુચ્છ કરી દે છે કેમકે તેણે પોતાના રબ્બે કરીમને દગો દીધો અને તેના મુકાબલામાં આળસ અને બેપરવાઈથી કામ લીધું.

ગોલૂ (હદથી વધી જવું)નાં ચાર સ્વરૂપો છે. તઅમ્મુક બિલ રાય અર્થાત પોતાની રાય (અભિપ્રાય)થી દીનના મસઅલાઓમાં દખલ કરવી અને પોતાની ગલત રાયની બાબતમાં લોકો સાથે ઝઘડો કરવો અને વાંકા ચાલવું અને આઈમ્મા સાથે વિરોધ પ્રદર્શિત કરવો. તેથી જેણે આવું કર્યું તે હકની તરફ રજૂ થઈ શકતો નથી. તે અંધકારોમાં ડૂબતો જ ચાલ્યો જશે અને એક ફિત્ના પછી બીજો ફિત્નો તેને ઘેરી લેશે. તેનો દીન તબાહ થઈ જશે અને તે પરેશાનીમાં ફસાઈ જશે. જેણે દીનના મસઅલાઓમાં પોતાની રાયથી જીભાજોડી (ઝઘડો) કરી હસૂમતને પ્રગટ કરી અને દુશ્માનવટ કરી તે પોતાના લાંબા ઝઘડાના કારણે મૂરખો સાબિત થયો. જે રાહે હકથી વાંકો ચાલ્યો તેની નજરમાં નેકી, બદી બની ગઈ અને બદી નેકી. જેણે ઉસૂલોની અને આઈમ્માની મુખાલેફત કરી તેના ઈખ્તિયાર કરેલા રસ્તા તેના માટે ગેરફાયદાકારક થઈ ગયા અને તેનો મામલો દુશ્વાર બની ગયો કેમકે તેણે મોમિનોના રસ્તાનું અનુસરણ ન કર્યું તેથી તેનું વબાલમાંથી નીકળવાનું અશક્ય બની ગયું.

શકનાં ચાર સ્વરૂપો છે : મર્યાહુઈ, તરદ્દુદ અને ઈસ્તેલામ. મર્યાના બારામાં ખુદા ફરમાવે છે કે તમે ખુદાની કઈ નેઅમતના બારામાં શક અને ઝઘડો કરશો ? તરદ્દુદે હકથી વહશત અને શક અને તસ્લીમ અને જહલના વિષે છે તેથી જે વહ્શતમાં ફસાયો એ બાબતોથી કે જે તેની સામે છે તે પોતાના પાછલા પગે ફરી ગયો અને જેણે પોતાની રાયથી દીનનાં કાર્યોમાં ઝઘડો કર્યો તે શકમાં જઈને પડ્યો. મોમિનીન અવ્વલીને જો કે શક અને

દુશ્મનાવટથી સંબંધ રાખ્યો ન હતો તેથી ઈલ્મમાં તરક્કી કરી અને છેવટે શયતાનના બહેકાવામાં આવી ગયા અને જેણે તેની વાત માની લીધી તેની દુનિયા અને આખેરત તબાહ થઈ અને તે ચીજ કે જે તેમના વચ્ચે હતી તે હલાક થઈ અને જેણે તેનાથી નજાત મેળવી તે યકીનની ઝિલ્લતથી સૌભાગ્યશાળી બન્યો. ખુદાએ યકીનથી ઓછી કોઈ ચીજ પેદા નથી કરી.

શુબહનાં ચાર સ્વરૂપો છે : એઅજાબ બિલ ઝીનત, તવીલ નફસ, તાવ્વલ અર્જ અને લૈસુલ હક બિલ બાતિલ. શુબહ અર્થાત હકને બાતિલના જેવું બતાવવું. તેમાં પહેલી બાબત છે બાતિલ કાર્યને શાયરના કિયાસ(કલ્પના)થી શણગારવું તે છે કે જે ખુલ્લી દલીલથી પલટી નાખે છે. બીજું છે ફરેબે નફસ કે જે આદમીને શહ્વતથી પરાજિત કરી દે છે અને મૂર્ખાઈ માણસને બૂરાઈ તરફ આકર્ષિત કરે છે અને લબસથી મુરાદ અંધકારો ઉપર અંધકાર છે. આ છે કુફ્ર અને તેના સ્તંભો અને શાખાઓ.

(ઉસૂલે કાફી, જિલ્દ-૨, બાબ-૧૬૭)

**ગુનાહ ત્રણ (પ્રકારના) છે.**

(૧) એક દિવસ અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે ગુના ત્રણ પ્રકારના છે. ત્યાર પછી આપ ખામોશ થઈ ગયા. જ્યારે અરફીએ અરજ કરી કે યા અમીરુલ મોમિનીન(અ.) ! આપ તો આટલું ફરમાવીને ખામોશ થઈ ગયા. (આપ(અ.)એ) ફરમાવ્યું, હા, હું તમને બયાન કરવા ઈચ્છતો હતો તેવામાં શ્વાસના તૂટી જવાની ક્રિયા મારા અને કલામની વચ્ચે અડચણરૂપ બની ગઈ. હાં, ગુનાહ ત્રણ પ્રકારના છે. એક એવો (ગુનો) કે જે બક્ષી દેવામાં આવે. બીજા એ કે જે બક્ષવામાં ન આવે અને ત્રીજો (ગુનો) એ કે જેના બક્ષાઈ જવાની તેના માલિકને ઉમ્મીદ હોય અને બક્ષાઈ ન જવાનો ડર રહેતો હોય.

હુબાએ અરજ કરી, યા અમીરુલ મોમિનીન! એની સ્પષ્ટતા કરી બતાવો.

હઝરત(અ.)એ ફરમાવ્યું કે એ ગુનાઓ કે જેમને બક્ષી દેવામાં આવશે તે એવા છે કે જેમની સજા દુનિયામાં જ આપી દેવામાં આવી છે.

ખુદાના માટે એ બાબત શોભતી નથી કે એક ગુનાહની સજા બે વખત આપે. બીજું એ કે જે ગુના બક્ષી દેવામાં નહીં આવે તે બંદાઓના બંદાઓ ઉપરના જુલ્મ છે. ખુદાએ પોતાની ઈજ્જત અને જલાલની કસમ ખાધી છે કે કયામતના દિવસે તે કાંઈ જાલિમના જુલ્મથી દરગુઝર નહીં કરે. અગર હાથ મારીને કોઈને નીચે પાડી દીધો હોય, હાથથી કોઈને ઈજા પહોંચાડી હોય અથવા તો શિંગડાંવાળા જાનવરે, શિગડાં વગરના જાનવરને માર્યું હોય (કોઈને પણ દરગુઝર નહીં કરવામાં આવે) અને એકનો બદલો બીજાથી લેશે એટલે સુધી કે કોઈનો જુલ્મ કોઈના ઉપર બાકી નહીં રહે. ત્યાર પછી લોકોને હિસાબ માટે મોકલશે. ત્રીજા પ્રકારનો એ ગુનો છે કે જેને અલ્લાહે પોતાની મખ્લૂકથી છુપાવ્યો છે અને ગુનેહગારને તૌબા કરવાની તૌફીક આપી છે કે તે પોતાના ગુનાહથી ડરેલો રહે અને રબની રહમતનો ઉમેદવાર રહે. આમ આપણે પણ તેના માટે તેની રહમતના ઉમેદવાર છીએ અને તેના માટે અઝાબ નાઝિલ થવાથી ડરીએ છીએ.

(ઉસૂલે કાફી, જિલ્દ-૨, બાબ-૧૯૫)

(૨) હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ આયત : **ફમા અસાબકુમ મિમ્મુસીબત ફબેમા કસબત ઐદીકુમ...** (અર્થાત જે મુસીબત તમને પહોંચી છે તે તમારા કરતૂતોનું જ પરિણામ છે. ખુદા મોટા ભાગના ગુનાહ તો માફ કરી દે છે)ના સંબંધમાં ફરમાવ્યું છે કે કોઈ રગનું ફળકવું, કોઈ પથ્થરથી ઈજા અથવા કોઈ લાકડીથી ઉઝરડો (ત્યાં સુધી) થતો નથી પરંતુ કોઈ ગુનાહના કારણે (જ થાય છે) અને ખુદા મોટા ભાગના ગુનાહોને તો માફ કરી દે છે અને જેના ગુનાહની સજા આપવાની

હોય, આપી દે છે. તેની ઝાતથી અજલ અને અકરમ (મોત અને દાન) છે કે તે ગુનાહનો અઝાબ આખેરતમાં કરે. (૧૧, બાબ-૧૯૬)

**૧૧૨ કલિમાતે કસ્સાબ**
**(સફાઈ કરનારાં બોધવચનો)**

(૧) જ્યારે તારા કાળા બાલ સફેદ થઈ જાય તો જાણી લેજે કે તારી નેકીઓ મરી ગઈ છે. (અર્થાત મોત નજીક આવી ગયું છે.)

(૨) જ્યારે તું જુએ કે ખુદા તારા ઉપર સતત બલાઓ નાઝિલ કરી રહ્યો છે તો સમજી લેજે કે તને ગફલતની ઊંઘ માટે ચેતવણી અપાઈ રહી છે.

(૩) જ્યારે ખુદા બંદાને દોસ્ત રાખે છે તો બોધદાયક (ભયંકર) પ્રસંગોથી નસીહત કરે છે.

(૪) જ્યારે નીચ લોકો શક્તિ પ્રાપ્ત કરી લે છે તો ફઝ્લવાળા(પરોપકારી) લોકોની હલાકત થઈ જાય છે.

(૫) દુનિયા પોતાના ચાહકો સાથે કદી વફાદારી કરતી નથી અને પોતાના પીનારાઓથી સાફ નથી થતી, તેની નેઅમતો કોઈની સાથે જતી નથી. તેની હલાકતો છિન્ન ભિન્ન થતી રહે છે તેની લિજ્જતો ફાની(નાશવંત) અને મહેનતો બાકી રહેવાવાળી છે તેથી દુનિયાથી મોઢું ફેરવી લેજે એ પહેલાં કે દુનિયા તારાથી મોઢું ફેરવી લેજે અને દુનિયાના બદલામાં આખેરતને અપનાવી લેજે એ પહેલાં કે તે બીજાઓને તારા માટે બદલી નાખે.

(૬) નિઃશંકપણે કે **લાઈલાહા ઈલ્લલ્લાહ** શર્વત✶ (શરતો) છે હું અને મારી ઓલાદ એ શરતોમાંથી છીએ. (ક્રમશઃ)

---

✶રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે - **કુલૂ લાઈલાહા ઈલ્લલ્લાહ મન શર્તહા વ શર્વતહા તિફલહૂ** અર્થાતઃ **લાઈલાહા ઈલ્લલાહ**ને તેની શરતોની સાથે કહો અને ભલાઈ પ્રાપ્ત કરો. મારા બાર વસીઓ તેની બાર શરતો છે.


*ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો. આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ** : બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**
મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
☞ **બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ, આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત ચા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૧૧

**જો હકીકતી નેહા તુજકું રે નાંહાં,**
**તો પીયાજી નાં પાવે તુજ તન માંહાં.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે અય હકીકતી ! અય હકીકતના રસ્તા ઉપર ચાલનારા ! જો તારામાં પીયુજી પ્રત્યેનો નેહ નહીં હોય તો તું તારા તનમાં પીયુજીને પ્રાપ્ત કરી શકીશ નહીં.)

**પીયુજી રે મેરા બસે તુજ તંના,**
**તો પીયુજી નાં બિસારે અપને રે મંના.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) હકીકતીને સંબોધીને ફરમાવે છે કે મારા પીયુજીનો વાસ તારા તનની અંદર છે. તો તું પોતાના મનથી પીયુજીને કદી વિસારતો નહીં.)

**જો તુજકું રે હેત હે પીયા કેરા ભાવા,**
**તો હકીકતી આપ મન બોત કીજે ચાવા.**

(અય હકીકતી ! જો તને પીયુજી પ્રત્યેની ભાવનાનું હેત હોય તો તું તારા મનથી પીયુજી સાથે ખૂબ પ્રીત રાખજે.)

**રખે રે પીયા બિના ઘડીએ રે રે'વે,**
**પીયા બિના રખે તું અવર રે કે'વે.**

(તારા દિલની અંદર પીયુજી પ્રત્યેનો ભાવ હોય તો રખેને તું પીયુજી વગર એક ઘડી પણ રહેતો. પીયુજીના ઝિક્ર વગર રખેને તું બીજો કોઈ ઝિક્ર કરતો.)

**પીયુજી દેવા સો મન ધર લેવા,**
**ઉસકી નાં છોડો ઘડીએ રે સેવા.**

(પીયુજીનો પ્રેમ તું તારા મનની અંદર ધારણ કરી લેજે. એક ક્ષણ માટે પણ તેની સેવા કરવાનું - તેની બંદગી કરવાનું છોડી દેતો નહીં.)

**જે પીયુ રંગ રાતા વે પીયુકું રે ભાવે,**
**તો ઓર રંગ પીયા બિના કાંમ નાં આવે.**

(જે બંદો પીયુજીના રંગમાં - સિબગતિલ્લાહમાં રંગાયેલો હોય તે બંદો પીયુજીને ખૂબ ગમતો હોય છે. માટે પીયુજીના રંગ વગરનો બીજો કોઈ રંગ કામમાં આવશે નહીં.)

**જો હકીકતી, પીયુકા હે તુજકું રે રાજા,**
**તો અવર એ રાજ છોડ નાં કીજે રે કાજા.**

(અય હકીકતી ! તું જો કે તારા માટે તો તારો પીયુ જ રાજા છે. તો પીયુજીના રાજને છોડીને તું બીજું કંઈ કામકાજ કરતો નહીં.)

**જું દેખોને રાજા હે દુનીઆં કેરા,**
**હેત દુનીકા ઉસે હે બોતેરા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) દુનિયાના રાજાનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે દુનિયાનો જે રાજા હોય છે તેને દુનિયા પ્રત્યે ખૂબ જ હેત હોય છે.)

**દુનીઆં રે ફાંનીઆં, રાજા ઉસકા કહીએ,**
**તો ભી ભાવ રાજેકું બોત જ લહીએ.**

(જે દુન્યવી રાજા હોય છે તે જાણતો હોય છે કે આ દુનિયા તો ફાની છે, નાશવંત છે તેમ છતાંય આવી ફાની દુનિયા પ્રત્યે પણ રાજાના મનમાં ખૂબ ભાવ હોય છે.)

**રાજ બિના રાજેકું ઘડીએ નાં સુહાવે,**
**રાજ રે બિના રાજાકું નીંદ નાં આવે.**

(દુન્યવી રાજાને પોતાના રાજ વગર એક ઘડી પણ ગમતું નથી. જો રાજ જ ન હોય તો રાજાને ઊંઘ પણ આવતી નથી.)

**જો તુજ તન રાજ પીયુકા રે હોવે,**
**તો કાહે તું મુરખ એસા પીયુ ખોવે?**

(જો તારા મનમાં પણ પીયુજીનું જ રાજ ચાલતું હોય તો પછી હે મૂરખ ! તું આવા પીયુને શા માટે ખોઈ નાખે છે.)

**રાજ રે ભાયગ પીયુ કેરા પાયા;**
**તો કાહે રાખે પીયુ રાજ ભીતરે રે છુપાયા?**

(તારું તો અહોભાગ્ય કહેવાય કે તે તારા તનમાં પીયુજીને પ્રાપ્ત કર્યો છે. તો પીયુજી તારા ભીતરમાં - દિલમાં સમાયેલો છે તેનું રાઝ તેનું રહસ્ય તું છૂપાયેલું કેમ રાખે છે ?)

**તો પીયા રાજ અપનેકું પરગટ કીજે,**
**રાજવી હો કર પીયુજી લહીજે.**

(તો તું તારા તનમાં રહેલા પીયુજીના રાજને પ્રગટ કરી દે અને તારા પીયુજીને તારો રાજવી ગણી લે.)

**તો ઉસ બિના અદકા કયા અવર રે ચા'વે,**
**જો રાજ રે પીયાકા તનથી પાવે?**
**- :રે તુંહી :-**

(જો તારા તનની અંદર તેં પીયુજીનું રાજ મેળવી લીધું હોય તો પછી આના કરતાં બીજી વધારે સારી બાબત કઈ છે કે જેને તું ચાહે છે ?)

**ભાયગ પુરે ઉસ ભગતકે, જિસ તન પીયુકા રાજ રે,**
**જિસ તન પીયુકા રાજ;**
**સેવો સેવક હોય કર, છોડો અવરાં રાજ રે,**
**છોડો અવરાં રાજ.**

(જેના તનની અંદર પીયુજીનું રાજ ચાલતું હોય એવા ભક્તનાં અહોભાગ્ય કહેવાય. એક સેવક બનીને - તેના બંદા બનીને તેની સેવા કરો, બંદગી કરો અને બીજાં બધાં દુન્યવી રાજકાજને છોડી દો.)

**બયાન નં.૧૧૨**

**જો તુજ તન રાજ પીયુ કેરા આવે,**
**તો રાજ એ અપના ક્યું કસે હે દિખાવે?**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે જો તારા તનની અંદર પીયુજીનું રાજ સ્થપાઈ જાય તો તારા આ રાઝને - તારા આ ભેદને બીજા કોઈ પણને શા માટે દેખાડે છે?)

**જો પીયુ રાજ આપ તન હોવે સુહાગા,**
**તો પુરે તો જ અપને જાંનો રે ભાગા.**

(જો પોતાના તનની અંદર પીયુજીનું સુખી રાજ હોય તો તારે જાણવું જોઈએ કે તું પૂરેપૂરો ભાગ્યશાળી છે.)

**તો અપની હકીકત કિસે હી નાં કહીએ,**
**જો રાજ પીયુકા ઉસ તન લહીએ.**

(જો પોતાના તનની અંદર પીયુજીનું રાજ ચાલતું હોય તો પોતાની આ હકીકતને બીજાકોઈની આગળ કહેવી જોઈએ નહીં.)

**મુરખ હોકર કિસો હી નાં દાખે,**
**નેહ પીયુકા ખોલ નાં આખે.**

(જો પોતાના તનની અંદર પીયુની પ્રીત હોય તો પીયુના નેહની આ વાત બીજા કોઈને કહેવી ન જોઈએ. જે મૂરખો હોય તે આ વાત બીજાને કહે.)

**જો કે'વે તો સબ દિન સુખ ન જાને,**
**પીયુ કેરા તુજ તન રાજ પિછાને.**

(જો તારા તનમાં પીયુનું રાજ છે એવું તું જાણે તો બીજાને તે કહેવું નહીં. જો કહીશ તો પછી તને આખો દિવસ સુખનો અનુભવ નહીં થાય.)

**તો સુખણાં મનમાં ફિકર રે ધરે,**
**પીયુ રાહ બાંધેકી પેરવી રે કરે.**

(જો તું પીયુજીનો માર્ગ બાંધવાની કોશિશ કરે તો મનોમન સુખમાં મસ્ત રહેવાની ફિકર તારા મનમાં ધારણ કરજે.)

**જેને, સુન મુરખ, પીયુ રાજ પાયા,**
**તો એને તો ભીતર રાખા છુપાયા.**

(હે મૂરખ ! તું મારી વાત સાંભળી લે કે જેણે પોતાના તનમાં પીયુજીનું રાજ મેળવી લીધું હોય છે એ તો આ વાતને પોતાના દિલમાં સંતાડેલી જ રાખતો હોય છે.)

**જો તુજ તન પીયુકા હે પીત ને નેહા,**
**જો જીભે રે કે'ણા એ નેહ રે કેહા?**

(જો તારા તનમાં પીયુજીની પ્રીત હોય અને નેહ હોય અને પછી તું આ બાબત તારી જીભથી બધાને કહેતો ફરે તો પછી તારો આ નેહ કેવા પ્રકારનો કહેવાય?)

**બાર નિકલ કર પીયુ પીયુ કે'વે,**
**તો ઉસ ઘર માંહાં પીયુજી નાં રે'વે.**

(જો કોઈના ઘરમાં પીયુનો વાસ હોય અને તે ઘર બહાર નીકળીને પીયુ પીયુ કહેતો ફરે તો પછી એના એવા ઘરમાં પીયુજી કદી પણ નહીં રહે.)

**જો રે એને પીયુજી ભીતર નાં જાંના,**
**તો બાર બુમ પાડી જો હુવા રે અજાંના.**

(જો કોઈએ પોતાના દિલની ભીતરમાં રહેલા પીયુજીને ઓળખ્યો ન હોય તો પછી બહાર નીકળીને બૂમ પાડીને કહેશે તો ય તેનાથી તેનો પીયુજી અજાણ્યો જ રહેવાનો.)

**એ તો રે કાંમા બેસા કા કહીએ,**
**બોત ભરથારી ઉસકું રે લહીએ.**

(છૂપી વાતને બૂમ પાડીને બીજાને કહેતા ફરવું એ તો વેશ્યાનું કામ કહેવાય કે જેને ઘણા બધા ભરથાર - ઘણા બધા પતિ હોય છે.)

**તો એક પીયુ ઉસકે નજરૂ નાં આવે,**
**તો બોત પીયુ પીયુ કર બુમ પડાવે.**

(વેશ્યાની નજરમાં એક જ પીયુ નજરે પડતો નથી હોતો કેમકે તેના ભરથાર તો ઘણા બધા હોય છે અને ઘણા બધાને પીયુજી પીયુજી કહીને તે બૂમ પાડતી હોય છે.)

**જિસકો સુહાગા પીયુ કેરા નાંહાં,**
**તો પીયુજી રે ઉસ તન પાવે રે નાંહાં.**

(જેણે પોતાના પીયુજીને એક સુહાગા કરીને - એક પતિ કરીને માન્યો ન હોય તો તે કદી પોતાના તનમાં પીયુજીને મેળવી નહીં શકે.)

**સુન રે હકીકતી પીયા કેરી રેહની,**
**ભીતર સમજ કર એ બાત કેહની.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે અય હકીકતી ! પીયુજીનું રહન-સહન આવા પ્રકારનું છે તે તું સાંભળ. પીયુજીને તો ભીતરની અંદર સમજીને તેનો ઝિકર કરવો જોઈએ.)

**જો રાજ પીયુકા દેખ કર, રાખે નાં છુપાય રે,**
**રાખે નાં છુપાય;**
**તો બુમે સુખણાં દોડ કર, ખોવે પીયુ નાં પાય રે,**
**ખોવે પીયુ નાં પાય.**

(જો પોતાની અંદર પીયુજીના ભેદની વાતો જોઈને તેને છૂપી ન રાખે અને બૂમો પાડીને બધાને કહેતો ફરે તો તે પોતાની મસ્તી-સુખચેનને ખોઈ નાખે છે અને પીયુજીને પણ પ્રાપ્ત કરી શકતો નથી.)

**કુરીયર મારફતે મોકલવામાં આવેલ ડોનેશન અથવા જાહેરાતની રકમ કવરમાંથી ન નીકળે તો અમારી જવાબદારી રહેશે નહીં. -વ્યવસ્થાપક**

# અક્કલ

અલ્લાહ તઆલા પોતાની કલામે પાક કુરઆને મજીદ સૂરએ ઈબ્રાહીમ, આયત-પરમાં ફરમાવે છેઃ

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

وَلِيَذَّكَّرَ أُولُوا الْأَلْبَابِ ۝

(અને એ માટે પણ કે જે લોકો અક્કલવાળા છે, નસીહત (અને ઈબ્રત) પ્રાપ્ત કરે.)

ઉપરની આયતમાં અલ્લાહ તઆલાએ અક્કલવાળાઓને નસીહત (અને બોધ) પ્રાપ્ત કરવાનો આદેશ આપ્યો છે.

આ જ સંદર્ભમાં હઝરત રસૂલે ખુદા(સ.)ની હદીસ છે,

**'અક્કલને તમારો રાહનુમા બનાવો જેથી કરીને તમે હિદાયત મેળવો, અક્કલનો વિરોધ ન કરો જેથી કરીને તમને શરમ અને પસ્તાવો થાય.'**

(તરાએફુલ હકમ, જિલ્દ-૧, સફા-૪૦)

આ હદીસમાં પણ અક્કલને પોતાનો રાહનુમા બનાવવાની વાત કરવામાં આવી છે જેથી હિદાયત પ્રાપ્ત કરી શકાય. અક્કલનો જો વિરોધ કરવામાં આવશે તો શરમાવાનો અને પસ્તાવાનો વારો આવશે.

વળી નબીએ કરીમ(સ.)ની બીજી પણ એક હદીસ છે કે -

**'અક્કલ એવી ચીજ છે કે જેના દ્વારા જન્નત કમાવાય છે અને અલ્લાહની ખુશનૂદી પ્રાપ્ત કરાય છે.'**

(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૯)

આપ(સ.)એ આવું પણ ફરમાવ્યું છે :

**'તમામે તમામ ભલાઈ અક્કલ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે અને જેને અક્કલ નથી તેનો કોઈ દીન નથી.'**

(તોહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

વધુમાં આપ(સ.)એ ફરમાવ્યું છે :

**'અક્કલથી વધીને કોઈ માલ ફાયદાકારક નથી.'**

(અયની અશરીહ, સફા-૧૫)

ઉપરની હદીસો બતાવે છે કે જન્નત, અલ્લાહની ખુશનૂદી અને ભલાઈ, અક્કલ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. અક્કલ વગરના માણસનો કોઈ દીન નથી તેમજ અક્કલથી વધારે ફાયદાકારક કોઈ માલ નથી.

અલ્લાહ અને તેના રસૂલ(સ.)એ અક્કલને આટલું બધું મહત્વ આપ્યું છે તો આપણે પણ એ જાણવું જરૂરી થઈ જાય છે કે આ અક્કલ ખરેખર છે શું ?

**અક્કલ શું છે ?**

ઈસ્લામની તાલીમ અનુસાર જોઈએ તો અક્કલ એક રૂહાની ચીજ છે અને રૂહાની મખ્લૂકાતમાં તેને સૌથી પહેલાં પેદા કરવામાં આવેલ છે. હદીસોમાં એવું બતાવવામાં આવ્યું છે કે જેવી રીતે શરીરનું નૂર તેની આંખ છે એવી જ રીતે રૂહની આંખ અક્કલ છે. અક્કલની બાબતમાં એવું બતાવવામાં આવ્યું છે કે અક્કલ જ એ છે કે જેના દ્વારા માણસ અલ્લાહની, તેના રસૂલ(સ.)ની અને અઈમ્મએ માઅસૂમીન(અ.)ની સાચી માઅરેફત પ્રાપ્ત કરી શકે છે. અક્કલ જ એક એવી વસ્તુ છે કે જેના કારણે માણસોને જાનવરો ઉપર ફઝીલત મળેલી છે. જો માણસમાં અક્કલ જ ન હોત તો તેનામાં અને જાનવરમાં કોઈ ફરક ન હોત.

હઝરત રસૂલે ખુદા(સ.)ને પૂછવામાં આવ્યું કે અક્કલ શું છે ? તો આપ(સ.)એ ફરમાવ્યું,

**'ખુદાની ઈતાઅત પર અમલ કરવો (તે) અને ખુદાની ઈતાઅત ઉપર અમલ કરવાવાળા જ અક્કલમંદ છે.'**

(રૌઝતુલ વાએઝીન, સફા-૪)

વધુમાં હઝરત રસૂલે ખુદા(સ.) ફરમાવે છે :

**'ખુદાવંદે આલમે અક્કલને ત્રણ ભાગોમાં વહેંચી દીધી છે : જેનામાં આ ત્રણ ચીજો હોય તેની અક્કલ કામિલ(સંપૂર્ણ) છે અને જેનામાં ન હોય તેને અક્કલ જ નથી. (૧) અલ્લાહની સારી માઅરેફત પ્રાપ્ત કરો (૨) તેની સારી રીતે ઈતાઅત કરો અને (૩) અલ્લાહના એહકામો બજાવી લાવવામાં સારી રીતે સબ્ર કરો.**

(તોહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

હદીસો દ્વારા એવું પણ જાણવા મળે છે કે માણસની અક્કલ ચાલીસ વર્ષોમાં કામિલ (સંપૂર્ણ/પુખ્ત) બને છે અને ત્યાર પછી પચાસ કે સાઈઠ વર્ષો સુધી તેમાં વધારો થતો રહે છે ત્યાર પછી તેમાં ઘટાડો થવાનું શરૂ થાય છે. જેવી રીતે માણસો માટે અંબિયાને હુજ્જત બનાવવામાં આવેલ છે એવી જ રીતે અક્કલ પણ તેના માટે હુજ્જતે ખુદા છે. વળી આપણને એવું પણ બતાવવામાં આવ્યું છે કે બંદાઓને અક્કલથી વધીને બીજી કોઈ ચીજ આપવામાં નથી આવી. તેથી અક્લે સલીમ (સદ્‌બુધ્ધિ) ધરાવનારાઓએ ખુદાનો શુક્રિયા અદા કરવો જોઈએ.

એ પણ ખુલ્લમ ખુલ્લા બાબત છે કે જેવી રીતે શારીરિક ઈન્દ્રિયોની શક્તિઓ દરેક માણસને એક સરખી આપવામાં આવી નથી એવી જ રીતે અક્કલ પણ બધાને એક સરખી આપવામાં આવી નથી. વળી જેને અક્કલ જ આપવામાં આવી નથી તેના ઉપર શરીઅતની કોઈ પાબંદી પણ નથી અને તેના બારામાં ન તો કોઈ સવાલ-જવાબ છે.

આપણને એ પણ બતાવવામાં આવ્યું છે કે માણસ પોતાની અક્કલમાં વિકાસ કરી શકે છે જેમકે હદીસોથી સાબિત છે કે અક્કલ શરીઅતની પાબંદી કરવાથી વિકસે છે અને ખુદાની નાફરમાની કરવાના કારણે તેના ઉપર ગફલતનો પડદો પડી જાય છે અને આ જ ગફલત છેવટે તેના માટે મોતનું કારણ બની જાય છે કે જેના માટે જવાબદાર ખુદ માણસ પોતે જ છે ન કે ખુદા છે. તેથી જે પોતાનાં ખરાબ આચરણોને કારણે પોતાની અક્કલ ઉપર ગફલતનો પડદો નાખી દે છે તેને મઝહબની પરિભાષામાં મૂરખ અથવા તો બેવકૂફ કહેવામાં આવે છે અને જે બંદાઓએ ખુદાની ઈતાઅત કરી અને ફરમાબરદારી કરીને અક્કલનું કહ્યું માન્યું હોય તેમને અક્કલમંદ કહેવામાં આવ્યો છે એટલા માટે કે તેમણે પોતાના પરિણામનો ખ્યાલ રાખ્યો છે.

એ બાબતમાં કોઈ શંકા નથી કે અક્કલ એક બેહતરીન ચીજ છે અને દરેક ચીજ તેની મોહતાજ છે પરંતુ આપણને એવું પણ બતાવવામાં આવ્યું છે કે અક્કલને પણ દીનના ઈલ્મની જરૂર છે કેમકે તે અક્કલનો પેશવા છે અને તેના વગર અક્કલ પણ બેકાર છે અને તેથી જ તો આ બાબતને મઝહબના શબ્દોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે અગર કોઈની પાસે દીનનું ઈલ્મ હોય તો સમજી લો કે તેની પાસે અક્કલ પણ ચોક્કસ છે જ અને અગર કોઈની પાસે દીનનું ઈલ્મ નથી તો તે ભલેને ગમે તેટલો હોંશિયાર કે ચાલક કેમ ન હોય, તેને અક્કલમંદ કહી શકાતો નથી કેમકે તેની હોંશિયારી અને ચાલકીનું નામ મઝહબે ઈસ્લામના શબ્દોમાં નુગરો છે અને ચાલાકી તો જાનવરોમાં પણ જોવા મળે છે. દા.ત. શિયાળની ચાલાકી અને મક્કારી પ્રખ્યાત છે. અને વાંદરાની તેમજ કાગડાની હોંશિયારી પણ લોકોના મુખે સાંભળવા મળે છે. તેથી જે માણસો અક્કલ ધરાવતા હોવા છતાંય પણ

અક્કલથી કામ લેતા નથી અને પોતાનો નફસ જેમ કહે તે કરવામાં વ્યસ્ત રહે છે તો આવા જ માણસોને કુરાને મજીદમાં જાનવર કહેવામાં આવ્યા છે, બલ્કે **અઝલ મન્હુમ** પણ કહેવામાં આવ્યા છે એટલે કે આવા માણસો જાનવરો કરતાંય બદતર છે કેમકે અક્કલ ધરાવતા હોવા છતાં ય તેમણે અક્કલથી કામ ન લીધું.

હવે આ જ સંદર્ભમાં કેટલીક હદીસો જોઈએ કે જે બિહારૂલ અન્વાર-અલ્લામા મજલિસી અલૈહા અર્રરહમા - જિલ્દ અવ્વલ, કિતાબ અલ અક્લમાંથી લેવામાં આવેલ છે.

**હદીસ નંબર-૧**

હઝરત ઈમામ મૂસા કાઝિમ(અ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે -

**'ખુદાએ બંદાઓમાં અક્કલથી બેહતર કોઈ વસ્તુ નથી આપી.'**

**હદીસ નંબર-૨**

આપ હઝરત(સ.)એ એવું પણ ફરમાવ્યું છે કે-

**'યાદ રાખો કે જેવી રીતે શરીરનું નૂર તેની આંખ છે એવી જ રીતે રૂહની આંખ તેની અક્કલ છે તેથી જે અક્કલ ધરાવતો નથી તે રૂહાનિયતની દૃષ્ટિએ આંધળો છે.**

**હદીસ નંબર-૩**

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે -

**'જે વસ્તુઓ બંદાઓમાં સૌથી ઓછી વહેંચવામાં આવી છે તે પાંચ છે. (૧) યકીન (૨) કનાઅત(એટલે કે થોડીક બાબતમાં સંતોષ) (૩) સબ્ર (૪) શુક્ર અને (૫) અક્કલ. જેનાથી બધી ચીજોની પૂર્તિ (સમાપ્તિ) થાય છે.'**

**હદીસ નંબર-૪**

આં હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે આ બાબતને પણ યાદ રાખો કે -

**'અક્કલ અલ્લાહની મહાન મખ્લૂકોમાંથી એક મખ્લૂક છે અને ખુદાએ તેને ખાસ ઈજ્જત બક્ષી છે.'** અને એ પણ યાદ રાખો કે **'રૂહાની મખ્લૂકમાં તેને સૌથી પહેલાં પેદા કરવામાં આવેલ છે.'**

(નૂરકે દર્યા, સફા-૧૮૨-૧૮૩)

**હદીસ નંબર-૫**

આ જ હઝરત(સ.)ને જ્યારે કોઈ સહાબી દ્વારા પૂછવામાં આવ્યું કે યા હઝરત ! એ ફરમાવો કે અક્કલ શું છે ? તો આપ(સ.)એ ફરમાવ્યું કે -

**'અક્કલ એ છે કે જેનાથી ખુદાની ઈબાદત કરવામાં આવે છે અને જેનાથી જન્નત પ્રાપ્ત કરાય છે.'** સવાલ કરનારે પૂછ્યું, યા હઝરત ! એ ફરમાવો કે તો પછી કઈ ચીજ હતી કે જે મોઆવિયામાં હતી ? તો આપ(સ.)એ ફરમાવ્યું, **'તે નકરાઅ છે (અર્થાત મક્કારી અને ચાલાકી) કે જે અક્કલને મળતી આવે છે, પરંતુ અક્કલ નથી.'**

(નૂરકે દર્યા, સફા-૮૦)

**હદીસ નંબર-૬**

હઝરત ઈમામ મૂસા કાઝિમ(અ.)એ ફરમાવ્યું કે -

**'બેશક રૂહાની ચીજોમાં અક્કલને સૌથી પહેલાં પેદા કરવામાં આવી છે અને બેશક તેને એવી ઈજ્જત આપવામાં આવી છે કે જે રૂહાની ચીજોમાં કોઈ બીજી ચીજને આપવામાં નથી આવી, પરંતુ એ પણ એક હકીકત છે કે તેને પણ પેશવા વગર છોડી દેવામાં નથી આવી અને તેનો પેશવા દીનનું ઈલ્મ છે. તેથી અગર કોઈની પાસે દીનનું ઈલ્મ હોય તો તેની પાસે અક્કલ પણ છે**

અને અગર કોઈની પાસે દીનનું ઈલ્મ જ નથી તો સમજી લો કે તેની પાસે અક્કલ નથી.'

**હદીસ નંબર-૭**

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે -

'યાદ રાખો કે જે અક્કલવાળો છે તેની પાસે દીન જરૂર છે જેની પાસે (ખુદાનો પસંદ કરેલો) દીન છે તેની મંઝિલ જન્નત છે.'

**હદીસ નંબર-૮**

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે યાદ રાખો કે -

'એ (માણસ) અક્કલમંદ કદી પણ નથી કે જે દુનિયામાં ખૂબ મક્કારી કરે છે અને બીજાઓ ઉપર જુલ્મ કરે છે, બીજાઓને લડાવીને ખુશ થાય છે, વગેરે વગેરે અને યાદ રાખો કે માણસ (અગર તે ખુદાનો ફરમાબરદાર ન હોય તો) બાદશાહ બની ગયા પછી પણ તેને અક્કલમંદ નથી કહી શકાતો. અક્કલમંદ તો એને કહી શકાય છે કે જે ખુદાનો ફરમાબરદાર હોય.

**હદીસ નંબર-૯**

જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે યાદ રાખો કે -

'અક્કલમંદ એ છે કે જે અલ્લાહની ઈતાઅત કરે છે અને તેની ઈતાઅતમાં પૂરો હોય ભલેને પછી તે બદસૂરત અથવા તો નીચી કક્ષાનો ગરીબ કેમ ન હોય વળી અજ્ઞાની અને નાદાન અને મૂરખ તે છે કે જે ખુદાની નાફરમાની કરે છે ભલેને પછી તે શકલ અને સૂરતમાં કેટલોય સુંદર અને ખૂબસૂરત કેમ ન હોય.'

**હદીસ નંબર-૧૦**

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે યાદ રાખો કે

'અક્કલનો કમાલ (શ્રેષ્ઠતા) ત્રણ બાબતોમાં છે (૧) અલ્લાહની સામે ઝુકવું અર્થાત તેની ઈતાઅત કરવી (૨) બેહતર યકીન રાખવું અર્થાત અલ્લાહની સાચી માઅરેફત પ્રાપ્ત કરીને તેના ઉપર યકીન રાખવું કે ખરેખર અલ્લાહ છે. (૩) નેક વાતો કહેવા સિવાય બાકીની વાતોમાં ખામોશી ધારણ કરવી.'

**હદીસ નંબર-૧૧**

આ જ હઝરત(સ.)એ એવું પણ ફરમાવ્યું છે કે યાદ રાખો કે -

'બંદાઓ ઉપર ખુદાની બે હુજ્જતો છે એક જાહેરી અને બીજી બાતિની. જાહેરી હુજ્જત અંબિયા અને મુર્સલીન અને અઈમ્મએ તાહેરીન(અ.) છે અને બાતિની હુજ્જત અક્કલ છે.'

**હદીસ નંબર-૧૨**

અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું કે યાદ રાખો કે -

'જાહિલ અને ગુમરાહ માણસની સાથે ઊઠવા-બેસવાથી અર્થાત તેની સોબતથી અક્કલમાં ઘટાડો થઈ જાય છે તેથી તમે જાહિલ અને ગુમરાહ માણસથી બચો.'

**હદીસ નંબર-૧૩**

આ જ હઝરત(અ.)એ એવો પણ ઈરશાદ ફરમાવ્યો છે કે -

'અક્કલનું મોત એ છે કે તેની વાત માનવાથી ગફલત કરવામાં આવે. તેથી યાદ રાખો કે જે કોઈ અક્કલવાળાઓની વાત સાંભળવાનું છોડી દે છે અને શયતાનીયત અને નફસાની ખ્વાહિશોની જાળમાં ફસાઈ

જાય છે તો તેની અક્કલનું મોત આવી જાય છે.'

(પોતાની અક્કલનું મોત લાવવા માટે જવાબદાર માણસ પોતે જ હોય છે.)

**હદીસ નંબર-૧૪**

આ જ હઝરત(અ.)એ આવો ઈરશાદ પણ ફરમાવ્યો છે કે યાદ રાખો કે -

'અક્કલ એ છે કે જે બાતિલને છોડી દે છે અને હકને અપનાવી લે છે અને અક્કલમંદને તમે હંમેશાં જોશો કે તે ગલત કાર્યને છોડી રહ્યો હોય છે અને જે માણસ બાતિલને બરાબર કરી રહ્યો છે અને તેને છોડી રહ્યો નથી હોતો તે કદાપિ અક્કલમંદ નથી.'

**હદીસ નંબર-૧૫**

જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે -

'અક્કલને ત્રણ અંશોમાં (ભાગોમાં) વહેંચવામાં આવી છે તેથી જેનામાં આ ત્રણે ય અંશો હશે તેની અક્કલ કામિલ (સંપૂર્ણ) હશે, જેનામાં જેટલા (અંશો) ઓછા હશે એટલી એની અક્કલ ઓછી હશે અને જેનામાં આ ત્રણેય વસ્તુઓ નહીં હોય તો તેનામાં અક્કલ પણ નથી અને તે ત્રણેય ચીજો આ મુજબ છે :

(૧) અક્કલનો પહેલો ભાગ એ છે કે તેને ખુદાની બેહતરીન માઅરેફત પ્રાપ્ત હોય.

(૨) અક્કલનો બીજો ભાગ એ છે કે તે ખુદાની બેહતરીન ઈતાઅતગુઝાર હોય.

(૩) અક્કલનો ત્રીજો ભાગ એ છે કે ખુદાના હુકમ પર તે બેહતરીન સબ્ર પણ ધરાવતો હોય.'

**હદીસ નંબર-૧૬**

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું છે કે -

'અક્કલનો પત્તો એ ચીજથી લાગી જાય છે કે તેણે કયો દીન (ધર્મ) અપનાવ્યો છે. અગર દીને હક અપનાવ્યો હોય તો અક્કલમંદ છે અને જો દીને હક છોડી દઈને ગલત દીન અપનાવ્યો છે તો તેને અક્કલમંદ કહી શકાતો નથી બલ્કે વાસ્તવમાં તે બેવકૂફ અને મૂરખ છે.

('હકીકતે ઈમાન ઔર ઉસકી સહીહ તાલીમાત', લેખક : આલી જનાબ મુઝફ્ફરઅલી ખાન સાહબના લેખ ઉપર આધારિત)

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો.**


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

બેસ્ટ રેડીમેડ
ક્લોથ એન્ડ ટેલર્સ

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી**

## ચુકાદો નંબર-૧૧

### નિકાહમાં સ્ત્રીની મરજી

ખન્સાઅથી રિવાયત છે. તે કહે છે કે મારા નિકાહ મારા પિતાએ મને પસંદ નહોતો એવા પુરૂષ સાથે કરી દીધા હતા. જો કે હું કુંવારી નહોતી રહી. (કેમકે મારી એક શાદી પહેલાં પણ થઈ ચૂકી હતી) હું રસૂલે કરીમ(સ.)ની પાસે આવી અને અરજ કરીને આપને સઘળી હકીકત જણાવી તો આપે તે નિકાહ રદ કરી દીધા.

મુસન્નિફ અબ્દુર્રઝ્ઝાકમાં છે કે એક કુંવારી છોકરીની શાદી તેના પિતાએ એક અણગમતા પુરૂષ સાથે કરી. તે સ્ત્રીએ એ આખોય પ્રસંગ હઝરત(સ.)ની આગળ રજૂ કર્યો તો આપે ફરમાવ્યું,

'તને ઈખ્તિયાર છે કે (આ સંબંધ) કાંતો તું ચાલુ રાખ કે કાંતો તોડી નાખ.'

યહ્યાથી રિવાયત છે કે એક કુંવારી અને એક બિનકુંવારી બહેનોની શાદી તે બન્નેના બાપે તેમની રજામંદી વગર કરી દીધી. તે બન્ને રસૂલે કરીમ(સ.)ની પાસે આવી. આપે એ બન્નેના નિકાહ તોડી નાખ્યા.

અબ્દુલ્લાહ બિન બર્રહથી રિવાયત છે કે એક વખત એક કુંવારી સ્ત્રી રસૂલે કરીમ(સ.)ની પાસે આવી. તેણીએ અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! મારા પિતાએ મારી શાદી મારા પિત્રાઈ ભાઈ સાથે કરી દીધી છે અને આ શાદી સંબંધથી મારા પિત્રાઈ ભાઈનો મકસદ આર્થિક મુશ્કેલીઓને દૂર કરવા સિવાય બીજો કંઈ નથી. આ બાબતમાં મારી પરવાનગી પણ લેવામાં આવી નથી તો હવે આપ ફરમાવો કે મને પણ કંઈ ઈખ્તિયાર છે ખરો ?

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'કેમ નહીં?'

આ સાંભળીને તે સ્ત્રી બોલી,

'મારો મકસદ એ નથી કે હું મારા બાપના કરેલા કાર્યને ધૂળમાં મેળવી દઉં પરંતુ મારો મકસદ તો એ છે કે સ્ત્રીઓ જાણી લે કે તેઓ આવી બાબતોમાં અધિકારો ધરાવે છે.'

## ચુકાદો નંબર-૧૨

### પતિનો માલ

એક દિવસ હિન્દા રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં હાજર થઈને અરજ કરવા લાગી,

'યા રસૂલિલ્લાહ ! અબૂ સુફિયાન અત્યંત કંજૂસ માણસ છે અને તે એટલું ય આપતો નથી કે જેથી મારું અને મારા બાલ બચ્ચાંનું ભરણપોષણ થઈ શકે. તેથી હું તેની પ્રત્યક્ષ હાજરીમાં છૂપી રીતે કંઈ લઈ લઉં તો કંઈ ખરાબી તો નથી ને ?'

આપ(સ.)એ ફરમાવ્યું,

'હા, હા. લઈ શકે છે પરંતુ જેટલી જરૂર હોય એટલું જ અને એ પણ જાએઝ કાર્ય માટે.'

## ચુકાદો નંબર-૧૩

### મહ્રની રકમ

એ બાબત તો સુપ્રસિધ્ધ છે કે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.)એ જનાબે ફાતેમા ઝહરા(સલા.અ.)ની શાદીની મહ્રમાં પોતાની હતીમા નામની ઝિરહ (એટલે કે બખ્તર) આપી હતી કે જેને પાંચસો દિરહમમાં વેચી દેવામાં આવી

હતી. આ રકમનો અમુક હિસ્સો હઝરત રસૂલે કરીમ(સ.)એ ખુશ્બૂમાં ખર્ચ કર્યો હતો.

વળી હઝરત રસૂલે કરીમ(સ.)એ જનાબે ફાતેમા ઝહરા(સલા.અ.)ને દહેજમાં જે વસ્તુઓ આપી હતી તેમાં ઊંટના વાળમાંથી બનાવેલ એક કમ્બલ, એક મશ્ક, ચામડાનું એક વાસણ, વગેરે આપ્યું હતું.

એક દિવસ એક ઓરત રસૂલે કરીમ(સ.)ની પાસે આવી અને કહેવા લાગી,

'યા રસૂલિલ્લાહ ! મારી સાથે શાદી કરો.'

ત્યાર પછી તે લાંબા સમય સુધી ઊભી રહી. એક માણસે અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! અગર આપ શાદી કરવા ઈચ્છતા ન હો તો મારી સાથે તેના નિકાહ કરાવી આપો.'

રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું,

'શું તારી પાસે તેણીની મહ્ર માટેની કોઈ રકમ છે ખરી ?'

તેણે અરજ કરી,

'મારી પાસે તો આ લુંગી સિવાય બીજું કંઈ પણ નથી.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'અગર તું તેને એ આપી દઈશ તો તું નગ્ન બની જઈશ. કોઈ બીજી વસ્તુનો બંદોબસ્ત કર.'

તેણે કહ્યું,

'મારી પાસે તો કંઈ પણ નથી.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'ગમે તે કોઈ વસ્તુ લાવ. લોખંડની એક અંગૂઠી હોય તો પણ ચાલશે.'

તેણે ઘણી કોશિશ કરી પરંતુ તેને એ પણ મળી ન શકી.

તેથી રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'શું તને કુરાન યાદ છે ?'

તેણે કહ્યું, 'હા. મને ફલાણા ફલાણા સૂરા યાદ છે.'

પછી એ વખતે ઈરશાદ થયો,

'મેં આટલા સૂરાઓના બદલામાં તારા નિકાહ તેણીની સાથે કરી દીધા.'

## ચુકાદો નંબર-૧૪

### બાળક કોની પાસે રહે ?

એક સ્ત્રીને તેના પતિએ તલાક આપી દીધો અને તેણીની પાસેથી તેણીના બાળકને લઈ લેવાની પણ ઈચ્છા કરી તો પેલી સ્ત્રી રસૂલે ખુદા(સ.)ની પાસે આવી અને કહેવા લાગી,

'યા રસૂલિલ્લાહ ! આ મારો બેટો છે. મારું પેટ તેના રહેવાની જગ્યા હતું. મારા સ્તન તેના માટે મશ્કિઝા હતા. મારી સાથળો તેના માટે ઘોડિયું હતી. તેના બાપે મને તલાક આપી દીધી છે અને હવે તે આ બાળકને પણ લઈ જવા માગે છે.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'જ્યાં સુધી તું બીજી શાદી ન કરી લે ત્યાં સુધી આ બાળકની વધારે હકદાર તું છે.'

*

એક વખત એક મા અને એક બાપ બાળકની બાબતમાં ઝઘડતાં ઝઘડતાં રસૂલે ખુદા(સ.)ની ખિદમતમાં હાજર થયાં.

પેલી સ્ત્રીએ અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! મારો શૌહર મારા છોકરાને મારાથી અલગ કરવા માગે છે અને (આ મારો છોકરો તો) એ છે કે જે અબૂ ઉત્બાના કૂવામાંથી પાણી પાય છે.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'અય છોકરા ! આ રહ્યો તારો બાપ અને આ રહી તારી મા. તારી ઈચ્છા હોય તેનો હાથ પકડી લે અને ચાલ્યો જા.'

છોકરાએ માતાનો હાથ પકડી લીધો અને તેણી તેને લઈને ચાલી ગઈ. *

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## મક્કાના વિજયના રહસ્યને રહસ્ય જ રાખ્યું.

આ પ્રકારનું એક દ્દષ્ટાંત એ છે કે જ્યારે રસૂલિલ્લાહ(સ.)એ મક્કાને જીતવાની ઈચ્છા કરી તો આપ(સ.)એ અલ્લાહ તઆલા સમક્ષ દુઆ કરી કે કુરૈશને ભેદની જાણ થવા ન પામે જેથી કરીને અમે અચાનક જ મક્કામાં દાખલ થઈ જઈએ. આપે પોતાનો આ મનસૂબો ખૂબ જ છૂપાવીને રાખ્યો હતો જેથી મક્કામાં દાખલ થવાનો ભેદ, ભેદ જ રહે.પરંતુ હાતિબ અબી બલ્તઆએ એક પત્ર મક્કાવાળાઓને લખ્યો અને તેમને જાણકારી આપી દીધી કે પયગમ્બર(સ.)નો ઈરાદો મક્કાને જીતવાનો છે. તેણે આ પત્ર એક હબશી ઓરતને આપ્યો. આ ઓરત મદીનામાં એટલા માટે આવી હતી કે તેના કબીલાવાળાઓને આમ (જાહેરમાં) માફીનામું આપી દેવામાં આવે. તે(હાતિબ)ણે તે ઓરતને એવી સૂચના આપી દીધી કે આ પત્ર મક્કાના ફલાણા માણસને આપવામાં આવે. તે માણસનું નામ આ ઓરતને બતાવી દેવામાં આવ્યું હતું. એ ઓરતને એવી પણ સૂચના આપવામાં આવી હતી કે તેણી જાહેર રસ્તા ઉપરથી સફર ન કરે.

એ વખતે રસૂલિલ્લાહ(સ.) ઉપર વહી નાઝિલ થઈ અને તેમને આ પ્રસંગથી માહિતગાર કરવામાં આવ્યા. હુઝૂર(સ.)એ અમીરુલ મોમિનીન(અ.)ને બોલાવ્યા અને ફરમાવ્યું,

‘મારા એક સહાબીએ મક્કાવાળાઓને એક પત્ર મોકલ્યો છે અને આપણા મનસૂબા વિષે તેમાં બતાવ્યું છે. મેં અલ્લાહ તઆલા સમક્ષ દુઆ કરી હતી કે અમારા મનસૂબાનો ભેદ લોકોને માલૂમ ન પડે. આ પત્ર એક હબશી ઓરતની પાસે છે કે જે જાહેર રસ્તા ઉપરથી સફર કરી રહી નથી. તમે તમારી તલવાર પકડો અને તેણીનો પીછો કરો અને તેની પાસેથી તે પત્ર લઈ લો. તેને જવા દેજો પરંતુ પત્ર લઈ આવીને મને આપી દેજો.’

ત્યાર પછી આપ(સ.)એ ઝુબૈર બિન અવામને બોલાવ્યા અને તેમને કહ્યું,

‘તમે પણ જાઓ અને કામને પૂરું કરો.’

જો કે હુઝૂર(સ.)એ બન્નેને એક જ કામ માટે મોકલ્યા હતા તેથી બન્ને ચાલ્યા ગયા પરંતુ જ્યારે અમીરુલ મોમિનીન(અ.)એ જોયું કે ઝુબૈર આ પત્રને મેળવવામાં અક્કલ અને બુધ્ધિનો ઉપયોગ કરી રહ્યા નથી તો આપ(સ.)એ ઝુબૈરને રોકી દીધા અને પોતે જ આ કાર્યને સંપૂર્ણતા સુધી પહોંચાડી દીધું.

જે કંઈ અમોએ આ હદીસમાં બયાન કર્યું છે તેનાથી સાબિત થાય છે કે અમીરુલ મોમિનીન(અ.)ની એ વિશેષતા હતી કે સફળતાઓ અને નેકીઓ મેળવવામાં કે જેમાં તેમનો કોઈ ભાગીદાર કે સહયોગી ન હતો, તેવી કોઈ પણ ફઝીલત આપ(અ.) સુધી પહોંચવાનું બીજા કોઈ માટે શક્ય જ ન હતું. અલ્હમ્દોલિલ્લાહ.

## મક્કાના વિજય પ્રસંગે ઈસ્લામી ફોજના સિપેહસાલાર બન્યા

આપના ફઝાએલનું એક દ્દષ્ટાંત એ પણ છે કે પયગમ્બર(સ.)એ મક્કાના વિજય પ્રસંગે ફોજનો અલમ સઅદ બિન ઉબાદાના હવાલે કર્યો અને હુકમ કર્યો કે તેને લઈને મક્કામાં જાઓ. સઅદે અલમ લીધો અને આવું એલાન કર્યું,

‘આજનો દિવસ કતલનો દિવસ છે. આજનો

દિવસ કોઈ પણ છેડાઓને ઉઠાવી લેવાનો દિવસ છે.'

કોઈ માણસે પયગમ્બર(સ.)ને પૂછ્યું,

'શું આપે સાંભળ્યું છે ખરું કે સઅદ બિન ઉબાદા શું એલાન કરી રહ્યા છે? અમે તો ભયભીત છીએ કે આજે કુરૈશની સાથે શું થવાનું છે.'

આ સાંભળીને પયગમ્બર(સ.)એ કહ્યું,

'અય અલી ! તમે સઅદની પાસે જાઓ અને તેમની પાસેથી અલમ લઈ લો. તમે પોતે જ અલમ લઈને (મક્કામાં) દાખલ થઈ જાઓ.'

આવી રીતે અલ્લાહના રસૂલ(સ.)એ તે કામમાં સુધારણા કરી અને અમીરુલ મોમિનીન(અ.)ને મોકલ્યા જેથી મુસલમાનોના સંગઠનને ગુમરાહીથી બચાવી લેવાય કે જે સઅદ બિન ઉબાદાના હાથે થવાનું હતું. (કેમકે સઅદ બિન ઉબાદા અન્સાર હતા.) એટલા માટે હુઝૂર(સ.) સારી રીતે સમજતા હતા કે અગર કોઈ બીજા માણસને સઅદ પાસેથી અલમ લેવા માટે મોકલવામાં આવ્યો હોત તો બધા જ અન્સારો નારાજ થઈ જાત. પયગમ્બર(સ.) સમજતા હતા કે તેઓ પોતે જઈને સઅદ પાસેથી અલમ લઈ લે અથવા તો પોતાના જેવા કોઈ માણસને મોકલે કે જે અલમ લઈ લે જેથી અન્સારો નારાજ ન થઈ શકે. જો અમીરુલ મોમિનીન(અ.)ને અલમ લેવા મોકલવામાં ન આવ્યા હોત તો સઅદ બીજા કોઈ ઓછા મરતબાવાળા માણસને અલમ કદાપિ ન આપત કેમકે તેઓ પોતે જ મદીનાના અન્સારોના સરદાર હતા. અગર પયગમ્બર(સ.)ના સાથીઓમાં કોઈ બીજો માણસ એવી લાયકાતવાળો હોત તો આ કાર્ય પયગમ્બર(સ.) તે માણસને સોંપી દેત પરંતુ પયગમ્બર(સ.)ના અસ્હાબોમાં કોઈ પણ એવો ન હતો કે જે આ કાર્ય માટે નિયુક્ત કરી શકાય. તેથી પયગમ્બર(સ.)એ આ પ્રસંગે પણ અમીરુલ મોમિનીન(અ.)ને ચૂંટી કાઢ્યા અને તે કાર્યની જવાબદારી તેમને સોંપી. મક્કાના વિજય પ્રસંગે પણ એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે અમીરુલ મોમિનીન(અ.)ના જેવા ફઝાએલ છે તેવા તો બીજા કોઈના નથી હોઈ શકતા.

## યમનમાં ઈસ્લામની તબ્લીગ

સઘળા ઈતિહાસકારોનું સર્વસંમત બયાન છે કે પયગમ્બરે ખુદા(સ.)એ ખાલિદ બિન વલીદને યમનના લોકો પાસે મોકલ્યા હતા જેથી લોકોને ઈસ્લામ લાવવાની દાવત આપવામાં આવે. ખાલિદની સાથે હુઝૂર(સ.)એ મુસલમાનોની જમાઅત પણ મોકલી હતી. બરાઅ બિન આઝિબ(રહે.) શામેલ હતા. ખાલિદ એ લોકોની સાથે છ મહિના સુધી યમનમાં સ્થાયી રહ્યા અને લોકોને ઈસ્લામ લાવવાની દાવત આપતા રહ્યા પરંતુ એક માણસ પણ મુસલમાન ન થયો. આ ખબરને સાંભળતાંની સાથે જ પયગમ્બરે ઈસ્લામ(સ.)ને ખૂબ નાઉમેદી થઈ. હુઝૂર(સ.)એ અમીરુલ મોમિનીન(અ.)ને બોલાવ્યા અને હુકમ કર્યો કે યમનમાં જાઓ અને ખાલિદ અને તેમની જમાઅતને પાછી મોકલી દો. પરંતુ એવું પણ કહ્યું કે અગર જમાઅતની કોઈ વ્યક્તિ પાછા આવવા ન માગતી હોય તો તેને ત્યાં રોકી લેવામાં આવે.

આ બાબતમાં બરાઅનું બયાન છે કે -

'હું પણ તેમનામાંથી એક હતો કે જે લોકો આપની પાછળ પાછળ જતા હતા. જ્યારે અમારી મુલાકાત યમનના એક માણસની સાથે થઈ અને એ ખબર આમ લોકો સુધી પહોંચી તો તે બધા લોકો આપની પાસે એકઠા થઈ ગયા. અમીરુલ મોમિનીન (અ.)એ અમારા લોકો સાથે ફજરની નમાઝ અદા કરી. ત્યાર પછી તેઓ અમારી સાથે આવ્યા અને ખુત્બો આપ્યો. સૌ પ્રથમ અલ્લાહની હમ્દોસના કરી ત્યાર પછી જે પત્ર રસૂલિલ્લાહ(સ.)એ મોકલ્યો હતો તેને વાંચી સંભળાવ્યો. હમ્દાન કબીલાના લોકો બધા જ એક જ દિવસમાં મુસલમાન થઈ ગયા. અમીરુલ મોમિનીન(અ.)એ આ પ્રસંગની વિગત

રસૂલિલ્લાહ(સ.)ને મોકલાવી. આપ(અ.)નું લખાણ હુઝૂર(સ.)એ વાંચ્યું અને ખૂબ જ ખુશ થઈ ગયા. ત્યાર પછી શુક્રનો સિજદો અદા કર્યો અને અલ્લાહની મદદનો શુક્રિયા અદા કર્યો. ત્યાર પછી પોતાનું સર મુબારક આકાશની તરફ ઊંચું કર્યું અને ફરમાવ્યું,

'અય હમ્દાન કબીલાના લોકો ! તમારા ઉપર સલામ થાય. તમે (હમ્દાન કબીલાએ) ઈસ્લામ કબૂલ કરી લીધો છે. હવે યમનના બીજા લોકો પણ ઈસ્લામથી સન્માનિત થશે.'

આ પણ એક મોટી ફઝીલત હતી કે જેનો યશ અમીરુલ મોમિનીન(અ.)ને મળ્યો. પછી એ જ વાત દોહરાવવામાં આવી રહી છે કે આવી ફઝીલત બીજા કોઈ સહાબીને નસીબ ન થઈ. પયગમ્બરે ખુદા(સ.)એ જ્યારે આવો ફેંસલો કર્યો કે ખાલિદને આ મિશન ચલાવવાથી રોકી લેવામાં આવે કે જેના માટે હુઝૂર(સ.)એ તેમને મોકલ્યા હતા, તો આપને એવો ડર હતો કે તે ત્યાં રૂશ્વત, અને ખરાબ સંચાલન જેવી પરિસ્થિતિ પેદા કરી દેશે તો હુઝૂર(સ.)ને અમીરુલ મોમિનીન(અ.) સિવાય કોઈ બીજો માણસ નહીં મળી શક્યો કે જે આવી પરિસ્થિતિને સુધારી શકે. તેથી હુઝૂર(સ.)એ આપ(અ.)ને આ મિશન માટે જવાનું કહ્યું. અને આપે આ મન્સૂબાને પૂર્ણ પણ કર્યો કે જેના માટે હુઝૂર(સ.)એ આપ(અ.)ને કહ્યું હતું,

'આપ નેક, આદિલ, વ્યવસ્થા તંત્રમાં સરળતા પેદા કરનારા અને ખુલૂસ નિય્યતથી અલ્લાહ તઆલાની ઈતાઅત કરવાવાળા છો. આપ એ લોકોની મદદ કરવાવાળા છો કે જેમણે ઈસ્લામની મદદ કરી હતી. આપ(અ.) દીનની ઈમારતના ઘડવૈયા છો. આપ(અ.) ઈમાનની કુવ્વત છો અને નબી(સ.)ના પયગામોને ફેલાવવાવાળા છો. આપના ઉપર દુરૂદો સલામ થાય.'

આપ(અ.) વ્યવસ્થાતંત્રની બાબતને ખૂબીપૂર્વક પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવતા હતા, બિલકુલ એવી રીતે કે જેવી રીતે પયગમ્બર(સ.) ઈચ્છતા હતા. ફરજોને સંપૂર્ણતા સુધી પહોંચાડવામાં અને પયગમ્બરે ખુદા(સ.)ની ખુશનૂદી પ્રાપ્ત કરવાની બાબતમાં આપનાથી બેહતર બીજો કોઈ મુસલમાન ન હતો. એટલા માટે તો આપના માટે જન્નતની ખુશખબરી અલ્લાહ તઆલાએ આપી હતી.

આ એક સમર્થન પ્રાપ્ત બાબત છે કે ઈતાઅત અને નેક કાર્યનું જબરદસ્ત મહત્વ હોય છે અને તેના ફાયદાઓ પણ લાંબા સમય સુધી ટકી રહે તેવા હોય છે. આનાથી ઉલટું, એ બાબત પણ સમર્થન પ્રાપ્ત છે કે ગુનાઓના નતીજાઓ સંગીન હોય છે અને ગુનાહના નતીજા બરબાદી અને નુકસાનના સિવાય કંઈ નથી હોતા. તેથી જે અંબિયા(અ.) આવ્યા તેમને નેક કામો માટે તેનો મહાન બદલો તેમને અર્પણ કરવામાં આવ્યો અને ફાયદાકારક પરિણામો તેમને તેમનાં નેક કાર્યોના બદલામાં મળ્યાં. અંબિયાએ કિરામની હિદાયત પર લોકોએ જે સારાં કાર્યો કર્યાં, અલ્લાહે તેમનો પણ મહાન બદલો અતા કર્યો. *


## નવીન કિતાબ

એક નવીન કિતાબ તૈયાર થઈ રહી છે. ઈન્શાઅલ્લાહ ટૂંક સમયમાં જ પ્રગટ થઈ જશે.

કિતાબનું નામ છે :

**માઅરેફ્તે નૂરાનિયત**

::::: **મૂળ ઉર્દૂ લેખક** :::::

જનાબ મુઝફ્ફરઅલીખાન સાહેબ

::::: **ગુજરાતી અનુવાદ** :::::

જનાબ સૈયદ વહીદએહમદ એમ. જાફરી, સિધ્ધપુર

**બસ થોડીક જ રાહ જુઓ.**

**કુરઆને મજીદના**

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૪ સૂરએ મુદસ્સેર**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી તેણે આસપાસ જોયું. (૨૧)**

**પછી તેણે ભ્રૂકુટિ ચઢાવી અને મોઢું બગાડ્યું. (૨૨)**

**પછી પીઠ ફેરવી અને ગર્વ કર્યો. (૨૩)**

**પછી બોલ્યો કે આ (કુરાન) કંઈ નથી કિન્તુ જાદૂ કે જે અગાઉથી (થતું) ચાલ્યું આવ્યું છે. (૨૪)**

**આ કંઈ જ નથી પણ કોઈ માનવીનું કથન છે. (૨૫)**

**નજીકમાં જ હું તેને જહન્નમમાં હોમી દઈશ. (૨૬)**

**અને તને શી ખબર કે જહન્નમ શું છે?(૨૭)**

**તે ન કોઈ વસ્તુ બાકી રાખે છે કે ન છોડી દે છે. (૨૮)**

**માણસને બાળીને ભસ્મ કરી દેનારી છે.(૨૯)**

**તેના પર ઓગણીસ (ફરિશ્તા) છે.(૩૦)**

પછી તેણે આસપાસ જોયું પછી તેણે ભ્રૂકુટિ ચઢાવી અને મોઢું બગાડ્યું.

પછી તેણે મોહંમદ(સ.) તથા કુરાન તરફ પીઠ કરી અને હઝરતના ફરમાનથી અહંકાર કર્યો.

પછી તેણે પોતાની કોમને કહ્યું કે મોહંમદ(સ.) જે કંઈ કહે છે તે જાદૂ છે.

કુરાન કંઈ નથી પણ માનવીનું કથન છે કે જે બાબુલના જાદૂગરો પાસેથી શીખ્યું, તે કંઈ ખુદાના કલામો નથી.

ખુદા ફરમાવે છે કે નજીકમાં જ હું તેને જહન્નમમાં નાખી દઈશ અને તેને શી ખબર કે જહન્નમ શું ચીજ છે ?

તે સકર(જહન્નમ) એવી ચીજ છે કે તે ન કોઈ વસ્તુ બાકી રાખે છે કે ન છોડી દે છે, તેમાં ગુનેહગાર હંમેશાં બળ્યા કરે છે.

તે સકર માણસને બાળીને ભસ્મ કરી દેનાર છે. તે સકર ઉપર ૧૯ ફરિશ્તા નિગેહબાન છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને અમોએ જહન્નમમાં રખેવાળ ફરિશ્તાઓ સિવાય (બીજા કોઈને) બનાવ્યા નથી અને અમોએ તેમની ગણતરી એટલા માટે નક્કી કરી છે કે નાસ્તિકો માટે તે અજમાયશ થાય કે જેથી તે લોકોને કે જેમને કિતાબ આપવામાં આવી છે, ખાત્રી થઈ જાય. અને જે ઈમાન લાવ્યા છે તેમનું ઈમાન વધુ વધી જાય અને જેમને કિતાબ આપવામાં આવી છે તેઓ તથા ઈમાન લાવનારાઓ શંકા ન કરે અને જેથી તે લોકો કે જેમના અંતઃકરણમાં (દોગલાપણાનો) રોગ છે તેઓ તથા નાસ્તિકો કહેવા લાગે કે અલ્લાહે આ દાખલાથી શો હેતુ રાખ્યો છે ? આવી રીતે અલ્લાહ જેનાથી ચાહે છે હિદાયતની તૌફીક ખૂંચવી લે છે, અને જેને ચાહે છે હિદાયત આપે છે; અને તારા પરવરદિગારનું લશ્કર તેના સિવાય કાંઈ નથી જાણતું, અને આ (વાતો) કાંઈ જ નથી પણ મનુષ્ય માટે નસીહત છે. (૩૧)**

**હરગિઝ નહિ, કસમ છે ચાંદની. (૩૨)**

**અને રાતની કે જયારે તે વિદાય થાય છે. (૩૩)**

**અને કસમ છે પ્રભાતના સમયની જ્યારે કે તે પ્રકાશી ઉઠે છે. (૩૪)**

**નિઃસંશય તે (જહન્નમ) મહાન મુસીબતોમાંની એક છે. (૩૫)**

**મનુષ્યોને બીવરાવનારી. (૩૬)**

કહે છે કે આ આયત નાઝિલ થવા પછી અબુજેહલે કહ્યું કે અય કુરેશીઓ ! મોહંમદ(સ.) કહે છે કે ૧૯ ફરિશ્તાઓ દોઝખના ચોકીદારો છે અને એથી વધારે નથી અને તમે બહુ જ બહાદુર અને શૂરવીર છો શું તમારામાંના દસ માણસો એક ફરિશ્તાને હરાવી ન શકો ? તો અબુલ અશદ બિન અસીદે કહ્યું કે અરે હું એકલો બસ છું. દસને તો હું પાછળથી અને સાતને આગળથી હરાવી શકીશ. બાકીના બેને તમે હરાવી દેજો. અબુલ અશદ ઘણો બહાદુર, દિલાવર અને જબરદસ્ત મશહૂર પહેલવાન હતો. એક રિવાયતમાં છે કે તેણે કહ્યું કે હું તમારી પાછળ પુલે સિરાત ઉપર જઈશ ત્યારે જમણા હાથથી દસને અને ડાબા હાથથી નવ ફરિશ્તાઓને દફે કરી દઈશ. પછી આપણે બધા સલામતી સાથે પુલે સિરાત ઉપરથી પસાર થઈને જન્નતમાં દાખલ થઈ જઈશું ત્યારે આ આયત નાઝિલ થઈ. ૧૯ની સંખ્યા એટલા માટે બયાન કરવામાં આવી છે કે યહૂદ અને નસારાની કિતાબોમાં પણ આજ સંખ્યા લખેલી છે. આ સંખ્યાથી એક તરફ તો એહલે કિતાબ તેનાથી સંતોષ માનશે અને તેમને હુઝૂરની સચ્ચાઈની ખાત્રી થઈ જશે અને બીજી તરફ મોમિનને પણ સંતોષ થઈ જશે.

પછી ફરમાવે છે કે ના, ના, એ અશક્ય છે કે જહન્નમના ફરિશ્તાઓને કોઈ દફે કરી શકે અથવા તો તેનો અર્થ એ કે શા માટે વિચાર નથી કરતા કે જેથી હક રસ્તો મેળવી શકાય. ચંદ્રની કસમ છે કે તેમાં ખુદાની કુદરતની નિશાનીઓ છે અને રાતની કસમ છે કે જ્યારે તે વિદાય થાય છે અને કસમ છે

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૨૯**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

رَبِّ اِنِّىۡ لِمَاۤ اَنۡزَلۡتَ اِلَىَّ مِنۡ خَيۡرٍ فَقِيۡرٌ ﴿۲۴﴾

**રબ્બે ઈન્ની લેમા અન્ઝલ્ત એલૈય્ય મિન્ખૈરીન ફકીર.**

(પારો-૨૦, સૂરએ કસસ, આયત-૨૪)

અર્થ : અય મારા પરવરદિગાર ! જે પણ નેઅમતને તું મારા માટે ઉતારે તેનો હું સાચે જ મોહતાજ છું. *

પ્રભાતના સમયની કે જ્યારે તે પ્રકાશી ઉઠે છે. ખરેખર તે જહન્નમ મહા મુસીબતોમાંની એક મુસીબત છે. તે જહન્નમ ઈન્સાનોને ડરાવનારી છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(ખાસ કરીને) તેના માટે કે જે તમારામાંથી (નેકીમાં) આગળ વધી જવા ચાહે અથવા (બૂરાઈથી) પાછળ રહી જવા ચાહે. (૩૭)**

**દરેક વ્યક્તિ તે કે જે કંઈ કરી ચૂકી છે તેના સંબંધમાં ગીરવી(મૂકાયેલી) છે. (૩૮)**

**સિવાય જમણા હાથવાળાઓ કે જેમના કર્મના લેખ તેમના જમણા હાથમાં આપવામાં આવ્યા હશે. (૩૯)**

**તેઓ જન્નતમાં હશે અને એક બીજાને પૂછતા હશે. (૪૦)**

**ગુનેહગારોના સંબંધમાં (અને ખુદ ગુનેહગારોને) (૪૧)**

**કે કઈ વસ્તુએ તમને જહન્નમમાં લાવી દીધા છે ? (૪૨)**

**તેઓ કહેશે કે અમે નમાઝીઓમાંના ન હતા. (૪૩)**

અને અમે નિરાધારોને ખાવાનું પણ ખવડાવતા ન હતા. (૪૪)

અને જેઓ નિરર્થક બકવાસ કરતા હતા તેમની સાથે અમે પણ નિરર્થક બકવાસ કરતા હતા. (૪૫)

અને અમે ફેંસલાના દિવસને જૂઠલાવતા હતા. (૪૬)

જે તમારામાંથી નેકીઓમાં આગળ વધી જવા ચાહે અથવા બૂરાઈ અને બદી કરીને પાછળ રહી જવા ચાહે તો તે બન્નેને ખુદાએ ઈખ્તિયાર આપેલો છે કે જોઈએ તો નેકી કરીને આગળ વધી જાય અને જોઈએ તો બદી કરીને પાછળ રહી જાય.

દરેક વ્યક્તિ કે જે કંઈ કરી ચૂકી છે તે સંબંધમાં તે ગીરવી મૂકાયેલી છે.

જેમના જમણા હાથમાં આમાલનામુ આપવામાં આવશે તેમણે પાપ કર્યાં નહીં હોય અને તેમને ખુદા નેક અમલને કારણે બક્ષી આપશે.

તેઓ આપસમાં એક બીજાને પૂછશે. ગુનેહગારો અને કાફરો વિષે તેઓ દોઝખીઓને પૂછશે કે તમને દોઝખમાં કઈ ચીજ લાવી ? તેઓ કહેશે કે અમો નમાઝ પઢતા ન હતા. અમે નિરાધારોને ખાણું ખવડાવતા ન હતા અને અમે વાજિબ ઝકાત આપતા ન હતા અને જેઓ નિરર્થક બકવાસ કરતા હતા તેમની સાથે અમે પણ બકવાસ કરતા હતા એટલે મોહંમદ(સ.) વગેરેની ગીબત કરતા હતા અને કયામતના દિવસને જૂઠલાવતા હતા.(ક્રમશઃ)

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૦ના જવાબો**

(૧) અનાવૃષ્ટિ(દુષ્કાળ)નો (૨) અબ્દુલ ગફફાર (૩) યાસેફની ઓલાદ (૪) એંશી (૫) હઝરત ઈસા(અ.)નું (૬) વાહેલા (૭) શદાદ (૮) હઝરત ઈબ્રાહીમ(અ.)

## General Knowledge Corner

130

**(૧) આઈપીએલ-૫માં ફાઈનલ મેચમાં કોણ વિજેતા બન્યું હતું ?**

(A) કોલકત્તા નાઈટ રાઈડર્સ

(B) રાજસ્થાન રોયલ્સ

(C) ચેન્નઈ સુપર કિંગ

**(૨) ગુજરાતનું એક માત્ર ગિરિમથક સાપુતારા કઈ પર્વતમાળામાં આવેલું છે ?**

(A) અરવલ્લી (B) સહયાદ્રિ

(C) વિધ્યાચળ

**(૩) એશિયાની ઊંડામાં ઊંડી પાટણની રાણીની વાવ નીચેનામાંથી કોણે બંધાવી હતી ?**

(A) ઉદયમતી (B) પદ્માવતી

(C) મીનળદેવી

**(૪) પટોળાં તો પાટણનાં, બાંધણી તો જામનગરની તો અકીક ક્યાંના ?**

(A) સુરતના (B) પાલનપુરના

(C) ખંભાતના

**(૫) ગોફ-ગૂંથણ નામનું એક પ્રકારનું વિશિષ્ટ નૃત્ય ગુજરાતના કયા પ્રદેશનું છે ?**

(A) સૌરાષ્ટ્રનું (B) મધ્ય પ્રદેશનું

(C) ઉત્તર પ્રદેશનું

**(૬) નીચેનામાંથી કઈ નવલિકા કનૈયાલાલ મુન્શીની નથી ?**

(A) રાજાધિરાજ (B) રાઈનો પર્વત

(C) પાટણની પ્રભુતા

**(૭) નીચેનામાંથી મણિપુરી નૃત્યમાં જગવિખ્યાત કોણ છે ?**

(A) ઝવેરી બહેનો (B) મલ્લિકા સારાભાઈ

(C) પદ્માબેન ફડિયા

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Righteousness (સદાચાર)

راستی موجب رضای خداست
کس ندیدم که گم شد از ره راست

**રાસ્તી મૌજુબ રિઝાએ ખુદાસ્ત**
**કસ નદીદમ કે ગુમશુદ અઝ રહ રાસ્ત**

(સદાચાર અલ્લાહની રઝામંદી પ્રાપ્ત કરવાનું કારણ બને છે. મેં રાહે રાસ્ત પર ચાલનારને કદી ગુમરાહ થયેલો જોયો નથી.)

## Risk (ખતરો/જોખમ)

غوّاص اگر اندیشه کند کام نهنگ
هرگز نکند دُرِّ گرانمایه به چنگ

**ગવ્વાસ અગર અંદેશા કુનદ કામ નહનગ**
**હરગિઝ નકુનદ દુર્રે ગિરાનમાયહ બે ચંગ**

(જો દરિયામાંથી મોતી કાઢનાર મરજીવો વ્હેલના જડબામાં હડપ થઈ જવાની બીક રાખતો હોય તો તે કદી પણ દરિયામાંથી મૂલ્યવાન મોતીઓ પ્રાપ્ત કરી શકત નહીં.)

## Sa'di ((શેખ)સા'દી)

هنر به چشمِ عداوت بزرگتر عیب است
گل است سعدی و در چشمِ دشمنان خار است

**હુનર બે ચશ્મે અદાવત બુઝુર્ગતર ઐબ અસ્ત**
**ગુલ અસ્ત સાઅદી વ દર ચશ્મે દુશ્મનાન ખાર અસ્ત**

(દુશ્મનની નજરમાં, (કોઈ માણસની) ઉપલબ્ધિઓ એક મહાન દોષ છે. ખરેખર તો 'સાઅદી' ગુલાબનું ફૂલ છે પરંતુ તેના દુશ્મનોની નજરમાં તો તે એક કંટક છે.)

## Safety (સલામતી)

به دریا در منافع بی شمار است
اگر خواهی سلامت، در کنار است

**બે દર્યા દર મુનાફેઅ બેશુમાર અસ્ત**
**અગર ખ્વાહી સલામત, દરકિનાર અસ્ત**

(દરિયામાંથી બેશુમાર ધનદોલત મેળવી શકાય તેમ છે પરંતુ જો તમે સલામતી જ ચાહતા હો તો તે દરિયાના કાંઠા ઉપર જ છે.)

## Saving (બચત)

اندک اندک به هم شود بسیار
دانه دانه است غلّه در انبار

**અંદક અંદક બે હમ શુદ બિસ્યાર**
**દાના દાના અસ્ત ગુલ્લા દર અંબાર**

(થોડામાં થોડું ઉમેરાય તો તે પુષ્કળ થાય છે એક દાણામાં બીજો દાણો ઉમેરવામાં આવે તો આખો કોઠાર ભરાય છે.)

**ગુજરાતી કહેવત :** કાંકરે કાંકરે પાળ બંધાય,
ટીપે ટીપે સરોવર ભરાય.

## Secret (ખાનગીવાત/રાઝ)

به دوست گرچه عزیز است، راز دل مگشای
که دوست نیز بگوید به دوستانِ عزیز

**બે દોસ્ત ગર ચે અઝીઝ અસ્ત, રાઝે દિલ મગશાયી**
**કે દોસ્ત નીઝ બગવીદ બે દોસ્તાને અઝીઝ**

(તમારા દિલની છૂપી વાત તમારા દોસ્તની આગળ પ્રગટ ના કરતા, ભલેને પછી તે તમારો પ્રિય મિત્ર કેમ ન હોય કેમકે તે તમારી છૂપી વાત તેના પ્રિય મિત્રો આગળ તો કહેશે જ.)

خامُشی به که ضمیر دل خویش
با کسی گفتن و گفتن که مگوی
ای سلیم آب ز سرچشمه ببند
که چو پُر شد، نتوان بستن جوی

**ખામોશી બો કે ઝમીરે દિલ ખવીશ**
**બાકસી ગુફ્તન વ ગુફ્તન કે મગવી**
**અય સલીમ આબ ઝ સર ચશ્મહા બબનદ**
**કે ચૂ પૂર શુદ નતવાન બસ્તન જવી**

(કોઈને પોતાની ખાનગી વાત કહીને તેને બીજાની આગળ પ્રગટ ન કરવાનું કહેવા કરતાં તો ખામોશ રહેવું અને પોતાની ખાનગી વાત કોઈને ન કહેવી વધારે સારી બાબત છે. અય સંવેદનશીલ માણસ! જ્યાંથી ઝરણું નીકળતું હોય ત્યાંથી જ પાણીને રોકી લે કેમકે ઝરણું ભરપૂર વહેતું હોય ત્યારે તું પાણીને રોકી શકવાનો નથી.)

## Self-Control (આત્મ સંયમ)

بلی مرد آن کس است از روی تحقیق
که چون خَشم آیدش، باطِل نگوید

**બલી મર્દ આન કસ અસ્ત અઝ રવી તેહકીક**
**કે ચૂન ખશમ આયદશ, બાતિલ ન ગવીદ**

(સમજુ માણસના મત અનુસાર તો ગાંડા થયેલા હાથીની સાથે જંગ ખેલે એવો કોઈ પણ માણસ બહાદુર ના કહેવાય. વાસ્તવમાં બહાદુર માણસ તો એને કહેવાય કે જ્યારે તે પોતે ગુસ્સે થાય ત્યારે પોતાની જાતને અંકુશમાં રાખે અને મોઢેથી બેહૂદી બાબતો ન બકે.)

## Self-Esteem (આત્મ સન્માન/ખુદ્દારી)

نخورد شیر نیم خوردهٔ سگ
وَر به سختی بمیرد اندر غار
تن به بیچارگی و گرسنگی
بنه و دست پیش سفله مدار
گَر فَریدون شود به نعمت و ملک
بی هنر را به هیچ کس مشمار

**ન ખૂર્દ શેર નીમ ખુર્દહએ સગ**
**વર બો સખ્તી બ મીરદ અંદર ગાર**
**તન બો બેચારગી વ ગર સંગી**
**બના વ દસ્ત પેશ સફલા મદાર**
**ગર ફરીદૂન શૂદ બો નેઅમત વ મલક**
**બી હુનર રાબેહ હૈચ કસ મશ્માર**

(કોઈ પણ સિંહ, ભૂખને લીધે ગુફામાં ભલેને મરી જતો હોય પરંતુ તે કૂતરાનું વધેલું (એઠું) તો નહીં જ ખાય. તમારી લાચારીને અને ભૂખની પીડાઓને વેઠી લો પરંતુ કોઈ નીચ માણસ આગળ મદદ માટે હાથ લંબાવવાનું ઔદાર્ય ન દાખવતા. જે માણસ ગુણ વગરનો હોય તેની ઉપેક્ષા કરો અને તેને નકામો સમજો ભલેને પછી તે બાદશાહ ફરીદૂનના જેટલી ધનદોલત અને સત્તા ધરાવતો કેમ ન હોય.)

هرکه بر خود در سؤال گشاد
تا بمیرد نیازمند بود
آز بُگذار و پادشاهی کن
گردنِ بی طمع بُلند بود

**હર કે બર ખૂદ દર સવાલ ગશાદ**
**તા બમીરદ નિયાઝમંદ બૂદ**
**આઝ બુગ્ઝાર વ પાદશાહી કૂન**
**ગર્દનો બી તમ્અ બુલંદ બૂદ**

(જે માણસ બીજાની આગળ હાથ લંબાવવાનો વ્યવસાય અપનાવી લે છે તે જ્યાં સુધી જીવશે ત્યાં સુધી જરૂરિયાતમંદ જ રહેવાનો. લાલચને છોડી દો અને બાદશાહની માફક જીવો કેમકે માણસનો જે ઉપરી હોય તે જો સંતોષી હશે તો તે હંમેશાં ઉન્નત મસ્તકે જ રહેશે.)

سرکه از دسترنج خویش و تره
بهتر از نان دهخدا و بره

**સર કે અઝ દસ્તર નજ ખવીશ વ તરહ**
**બેહતર અઝ નાન દખદા વ બરહ**

(ગામના મુખીયાના ત્યાંથી મટન અને રોટી માગી લાવીને ખાવી એના કરતાં તો પોતાના પરસેવાથી કમાયેલી લીલી ડુંગળી અને સરકો વધારે સારો ખોરાક છે.) *

## સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

### જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**આં હઝરત(સ.)ની દૃષ્ટિએ જનાબે ઈમામ હસન (અ.)નું ખલ્કતમાં સૌથી વધારે વહાલા હોવું :**

(૧) અબ્દુલ્લાહ બિન ઝુબૈર(રઝી.અ.)થી રિવાયત છે કે ઈમામ હસન(અ.) આં હઝરત(સ.)ના બધા ઘરવાળાઓથી વધારે આં હઝરત(સ.) સાથે મળતા આવતા હતા અને બધા ઘરવાળાઓથી આં હઝરત(સ.)ને વધારે પ્યારા હતા. નિઃશંકપણે મેં તેમને જોયા છે કે તેઓ આવતા અને આં હઝરત(સ.) સિજદામાં હોય તો ઈમામ હસન(અ.) હુઝૂર(સ.)ની ગરદન પર કે પવિત્ર પીઠ ઉપર સવાર થઈ જતા અને જ્યાં સુધી તેઓ પોતે ન ઉતરતા, હુઝૂર(સ.) તેમને ઉતારતા નહીં અને યકીનપૂર્વક મેં તેમને જોયા છે કે તેઓ તશરીફ લાવ્યા છે અને હુઝૂર(સ.) રૂકૂઅની હાલતમાં છે. હઝરત(સ.)એ તેમના માટે પોતાના બન્ને પગ ખુલ્લા કરી દીધા અને તેઓ એક તરફથી ઘુસ્યા અને બીજી તરફ નીકળી ગયા.

(૨) અબુ હુરૈરા(રઝી.) ઝિકર કરે છે કે હું એ વખતથી હંમેશાં તે મર્દ અર્થાત ઈમામ હસન(અ.)ને દોસ્ત રાખું છું કે જ્યારથી મેં આં હઝરત(સ.)ને તેમની સાથે જેવું વર્તન કરતા જોયા છે, એમના સિવાય બીજા કોઈની સાથે એવું વર્તન કર્યું નથી. મેં જનાબે હસન(અ.)ને હુઝૂર(સ.)ની આગોશ મુબારકમાં જોયા છે કે તેઓ હુઝૂર(સ.)ની દાઢી મુબારકમાં પોતાની આંગળીઓ પરોવી રહ્યા છે અને હુઝૂર(સ.) પોતાની જીભ મુબારક તેમના મોઢામાં મૂકીને... ફરમાવતા હતા કે અય પરવરદિગાર ! હું આને પ્યાર કરું છું, તું પણ તેની સાથે પ્યાર કર.

(૩) બરાઅ બિન આઝિબ કહે છે કે મેં આં હઝરત(સ.)ને જોયા કે ઈમામ હસન હુઝૂર(સ.)ના ખભા ઉપર સવાર છે અને હુઝૂર(સ.) ફરમાવે છે કે અય પરવરદિગાર ! હું આને પ્યાર કરું છું, તું પણ તેને પ્યાર કર.

(૪) અબૂ સલમા બિન અબ્દુર્રહમાનથી રિવાયત છે કે આં હઝરત(સ.) હસન બિન અલીના માટે પોતાની જીભ મોઢા મુબારકમાંથી બહાર કાઢતા અને જ્યારે તે જબાન મુબારકની સુરખી(લાલાશ)ને જોતા તો તેની તરફ ઝુકી પડતા.

(૫) અબૂ હુરૈરા(રઝી.અ.)નું વર્ણન છે કે એક વખત એમણે જનાબે હસન(અ.)ને મદીના તૈયબાના કેટલાક બજારોમાં જોયા અને કહ્યું, આપ પેટ ઉપરથી કપડું ઉઠાવી દો જેથી જે જગ્યાએ આં હઝરત(સ.)એ બોસા આપ્યા છે, હું પણ ત્યાં બોસો કરું. જનાબે હસન(અ.)એ પોતાનું પેટ મુબારક ખોલી નાખ્યું. પછી અબૂ હુરૈરા(રઝી.અ.)એ આપની ડુંટી પર બોસો કર્યો.

(૬) અબૂ હુરૈરા(રઝી.અ.)થી રિવાયત છે કે એક વખત હું જમાઅતની નજીક જઈને જનાબે રસૂલિલ્લાહ(સ.)ની સાથે બહાર નીકળ્યો ત્યારે ન તો હુઝૂર(સ.) મારી સાથે વાત કરતા હતા કે ન તો હું હુઝૂર(સ.)ની સાથે વાત કરવાની હિંમત કરી શકતો હતો. એટલે સુધી કે નબી(સ.) કિન્કાઅના બજારમાં તશરીફ લઈ ગયા અને પછી ત્યાંથી પાછા ફર્યા અને જનાબે ફાતેમા(અ.)ના ઘેર તશરીફ

લાવ્યા અને ફરમાવ્યું, શું છોકરો નથી ? અર્થાત હસન નથી ? અમે એવું ગુમાન કર્યું કે કદાચ તેમની વાલેદાએ તેમને પકડી રાખેલા છે અને તેમને નવડાવી રહ્યાં છે, કપડાં ઉતારી રહ્યાં છે કે પહેરાવી રહ્યાં છે. થોડી વાર પસાર થઈ ન હતી કે તે દોડતા દોડતા આવ્યા અને હુઝૂર(સ.)ના સીના મુબારક સાથે ચોંટી ગયા અને બન્નેએ એકબીજાની છાતી સાથે ચૂંટલી ભરી અને આં હઝરત(સ.)એ ફરમાવ્યું, અય પરવરદિગાર ! હું આને પ્યાર કરું છું તું પણ તેની સાથે પ્યાર કર અને એની સાથે પણ પ્યાર કર કે જે તેને પ્યાર કરતો હોય.

(૭) મકબરી(રઝી.અ.)થી રિવાયત છે કે અમે અબૂ હુરૈરાની સાથે હતા એવામાં હસન બિન અલી(અ.) આવ્યા..... સલામ કરી, પછી કૂમે આપને જવાબ આપ્યો અને ચાલ્યા ગયા. અબૂ હુરૈરા(રઝી.અ.) જાણતા ન હતા (કે એ કોણ છે)... લોકોએ કહ્યું, તેમને સલામ કરનારા હસન ઈબ્ને અલી છે. અબૂ હુરૈરા દોડીને તેમને જઈને મળ્યા અને ફરમાવ્યું, **યા સૈયદી! અલૈકસ્સલામ**. પછી આપને કહેવામાં આવ્યું કે આપને સૈયદી શા માટે કહ્યું ? અબુ હુરૈરાએ ફરમાવ્યું કે હું ગવાહી આપું છું કે તેહકીકપૂર્વક રસૂલિલ્લાહ(સ.)એ તેમને સૈયદી કહ્યા છે.

(૮) અનસ બિન માલિક(રઝી.અ.)એ કહ્યું કે એક વખત જનાબે રસૂલે મકબૂલ(સ.) પોતાના ઘરમાં પીઠ વરાણે સૂઈ રહેલા હતા એવામાં હઝરત હસન(અ.) તશરીફ લાવ્યા અને સરકતા સરકતા હુઝૂરે અકદસ(સ.)ની છાતી મુબારક ઉપર બેસી ગયા. મેં એમને રોક્યા. ત્યાર પછી આં હઝરત(સ.)એ ફરમાવ્યું, અફસોસ છે તને અય અનસ ! છોડી દે મારા બેટાને અને મારા દિલના ફૂલને. જેણે તેને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે અલ્લાહ તઆલાને ઈજા પહોંચાડી. ત્યાર પછી આં હઝરત(સ.)એ પાણી મંગાવીને તેમનો પેશાબ ધોઈ નાખ્યો.

(૯) ઝૈદ બિન અકરમથી રિવાયત છે કે એક દિવસે જનાબે હસન(અ.) ખુત્બો ફરમાવવા લાગ્યા એટલામાં એક માણસે ઊભા થઈને ફરમાવ્યું, હું ગવાહી આપું છું કે મેં જનાબે રસૂલિલ્લાહ(સ.)ને મિમ્બર પર જોયા કે જનાબ તશરીફ લાવી રહ્યા છે. જ્યારે હુઝૂર(સ.)એ તેમને જોયા તો તેમને પકડીને પોતાના ખભા ઉપર ઉઠાવી લીધા અને ફરમાવ્યું કે જે કોઈ મને દોસ્ત રાખતો હોય તેણે આને પણ દોસ્ત રાખવો જોઈએ અને તમે હાજર રહેલાઓ ઉપર આવશ્યક છે કે આ વાત એ લોકો સુધી પહોંચાડી દો કે જેઓ ગાયબ છે(એટલે કે હાજર નથી). અગર જનાબે રિસાલત મઆબ(સ.)ની કરામત ન હોત તો હું આ બાબત બયાન ન કરત.

(૧૦) ઈબ્ને અબ્બાસ(રઝી.અ.)થી મરવી છે કે એક વખતે જનાબે રસૂલિલ્લાહ(સ.) હસન બિન અલીને પોતાના ખભા મુબારક ઉપર ઉઠાવીને ઊભેલા હતા એવામાં એક આદમીએ કહ્યું, અય સાહબઝાદા ! આ ખૂબ સારી સવારી છે કે જેના ઉપર તમે સવાર થયેલા છો. હુઝૂર(સ.)એ ફરમાવ્યું, આ સવાર પણ ઉમદા છે.

(૧૧) અબ્દુલ્લાહ ઈબ્ને શદ્દાદ બિન અલ્હાદ પોતાના પિતાથી નાકિલ છે કે એક વખત જનાબે રસૂલે ખુદા(સ.) ઈશાની નમાઝ માટે બહાર નીકળ્યા તો જનાબે હસન(અ.)ને ઉઠાવેલા હતા. તેમને જમીન ઉપર બેસાડીને હુઝૂર(સ.)એ તકબીર કહી અને નમાઝ શરૂ કરી. જ્યારે નમાઝમાં સિજદામાં ગયા તો તેને લાંબો કર્યો. મારો બાપ કહે છે કે મેં માથું ઊંચક્યું, શું જોઉં છું કે જનાબે હસન(અ.) હુઝૂર(સ.)ની પીઠ ઉપર સવાર છે અને હુઝૂર(સ.) સિજદામાં છે. પછી હું પણ સિજદામાં પાછો ગયો.

જયારે રસૂલ(સ.) નમાઝ અદા કરી ચૂક્યા તો લોકોએ અરજ કરી, યા રસૂલિલ્લાહ ! આજે આપે નમાઝની વચ્ચેના નાના સિજદાઓને એટલા બધા લાંબા કરી દીધા કે અમને એવું ગુમાન થયું કે કોઈ નવી વસ્તુ બનવા પામી છે કે વહી નાઝિલ થઈ છે. આપે ફરમાવ્યું, એમાંનું કશું નથી પરંતુ આ મારો બેટો મારી પીઠ ઉપર સવાર થઈ ગયો હતો. તેને જલ્દીથી નીચે ઉતારવાનું મને ખરાબ લાગ્યું જયાં સુધી કે તેની આરઝૂ પૂરી ન થઈ જાય.

(૧૨) અબુબકર(રઝી.અ.) કહે છે કે મેં જનાબે સરવરે દુન્યા વ દીનને મિમ્બર ઉપર તશરીફ લાવતાં જોયા કે તેમની બાજુમાં હસન(અ.) બેઠેલા હતા અને આં હઝરત(સ.) ફરમાવી રહ્યા હતા, આ મારો બેટો સરદાર છે. ઉમ્મીદ છે કે પરવરદિગાર તેના કારણે બે મોટાં ટોળાંમાં સુલેહ કરાવશે.

(૧૩) દાર કતની લખે છે કે જનાબે ઈમામ હસન(અ.) હઝરત અબુબકર(રઝી.અ.)ની પાસે તશરીફ લાવ્યા. તે જનાબે રસૂલિલ્લાહ(સ.)ના મિમ્બર ઉપર બેઠેલા હતા. જનાબે હસન(અ.)એ તેમને કહ્યું, મારા બાપની જગ્યાએથી નીચે ઉતરી જાઓ. હઝરત અબુબકરે ફરમાવ્યું, તેં સાચું કહ્યું છે વલ્લાહ, આ તારા બાપની જગ્યા છે. પછી અબુબકરે હસન(અ.)ને પકડીને પોતાની ગોદમાં બેસાડી દીધા અને રડવા લાગ્યા.

(૧૪) જાબિર(રઝી.અ.)થી મનકૂલ છે કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે માણસ કે જે જન્નતના જવાનોના સરદારને જોવાનું પસંદ કરતો હોય તે હસનને જોઈ લે.

(૧૫) બરાઅ બિન આઝિબ અને ઈબ્ને મસઊદ અને અબી હુરૈરા(રઝી.અ.)થી મરવી છે કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે જે મને દોસ્ત રાખતો હોય તેણે તેને દોસ્ત રાખવો જોઈએ એટલે કે હસન બિન અલી(અ.)ને. *


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### જમાઅતી જીવન

ઈસ્લામી મૂલ્યો ધારણ કરીને કોઈ પણ કોમે કેવી રીતે જીવવું જોઈએ તેનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે. આ બાબત સામાજિક જીવનના ઈસ્લામી આદાબ તરીકે ઓળખાય છે અને તેની સમજ નીચે મુજબ છે :

**સામાજિક જીવનના ઈસ્લામી આદાબ :**

ઈસ્લામી સમાજના આદાબ એવા આદર્શો છે કે જેમના દ્વારા મુસલમાનોએ કોમની અંદર રહીને જીવન પસાર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણામાંના દરેકે એકબીજા પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાની હોય છે, અદ્‌લને કાયમ રાખવાનો હોય છે અને સાથે સાથે બીજા લોકોના હક્કોનું પણ સન્માન કરવાનું હોય છે.

કુરાન શરીફમાં સૂરએ હુજરાત, આયત નં.૧૧ થી ૨૦માં મુસલમાને કેવી રીતે વર્તન કરવું જોઈએ તે અંગેની કેટલીક રીતો આપણને સમજાવી છે : يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۚ وَلَا تَلْمِزُوْٓا اَنْفُسَكُمْ وَلَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ ..... يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۖ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّ لَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ۭ اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ۭ

**'અય તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો ! કોઈ કોમ બીજી કોમની હાંસી ઉડાડે નહીં કે કદાચને તેઓ (પરિણામમાં) તેમના કરતાં બેહતર હોય, તેમ સ્ત્રીઓ પણ (બીજી) સ્ત્રીઓની (હાંસી ઉડાડે નહીં) કે કદાચને તે તેમનાથી બેહતર હોય અને તમે ન આપસમાં ટોણા મારો કે ન એકબીજાને બૂરા નામે બોલાવો....'**

**'હે ઈમાન લાવનારાઓ ! ઘણા તર્કવિતર્ક દોડાવવાથી બચો, નિઃસંશય કેટલાક તર્કો ગુન્હા છે અને (એક બીજાની) સ્થિતિની તપાસ કરવાની કોશિશ કરો નહીં, તેમજ તમારામાંથી કોઈ કોઈની પાછળ નિંદા કરે નહીં. શું તમારામાંથી કોઈ આ(કૃત્ય)ને પસંદ કરે ખરો કે પોતાના મરી ગયેલા ભાઈનું માંસ ખાય ?**

કોમની અંદર રહીને સારો વ્યવહાર કરવાની અસંખ્ય રીતો છે. બધા જ સામાજિક શિષ્ટાચારોનો અર્ક છે ગુણદોષોની વિચારણા કરવી તે. જો કોઈ પોતાના ભાઈની જરૂરિયાતોનો વિચાર કરશે તો પછી તે એ મુજબ જ વર્તન કરશે.

હઝરત મોહંમદ(સ.)એ ફરમાવ્યું છે :

**'જે બાબત તમે તમારી જાત માટે પસંદ કરતા હો તેને લોકો માટે પસંદ કરો.'**

એક નાનકડા સૂરા, સૂરએ અસ્ર, આયત-૨માં અલ્લાહ તઆલા સમગ્ર માનવજાત માટેના સામાજિક આદાબને સમાજાવતાં ફરમાવે છે :

اِنَّ الْاِنْسَانَ لَفِيْ خُسْرٍ ۙ﴿٢﴾

**'નિઃસંશય મનુષ્ય માત્ર નુકસાનમાં છે.'**

આ આયત કયામતના દિવસનો સંદર્ભ આપતી હોય તેવું માનવામાં આવે છે કે જ્યારે અલ્લાહ તઆલા તેની જિંદગી વિષેના જવાબો આપવા માટે માણસને તેની કબરમાંથી ઉઠાડશે. કેટલાક માણસો એવું કહેશે કે અમે તો કોઈ સારું કાર્ય કર્યું જ નથી અને આવા લોકો નુકસાનમાં રહેશે. કેટલાક માણસો એવો જવાબ આપશે કે અમે પોતાની જાત સાથે ભલાઈથી વર્તતા હતા અને નિયમિતપણે નમાઝ અદા કરતા હતા. આવા લોકો પણ નુકસાનમાં રહેશે.

اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَ
تَوَاصَوْا بِالْحَقِّ ۙ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝٣

**'સિવાય તે લોકોના કે જેઓ ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યાં અને એકબીજાને સત્ધર્મના અનુકરણની તાકીદ કરતા રહ્યા અને એકબીજાને સબરની વસિયત કરતા રહ્યા.'** (સૂરએ અસ્ર, આયત-૩)

આ બાબત બતાવે છે કે પોતાની જાત સાથે ભલાઈ કરવી એટલે કે પોતે ભલા હોવું પૂરતું નથી. આપણે હકની તરફ કોમની હિદાયત કરીને અને ભલાઈ તરફ તેમને બધાને જોડી દઈને કોમની સેવા કરવી જ જોઈએ.

તેથી સામાજિક જીવનનો બીજો અગત્યનો નિયમ છે અમ્ર બિલ મા'રૂફ કરવું (બીજાઓને ભલાઈ તરફ લઈ જવા) અને નહ્ય અનિલ મુન્કર (લોકોને બદી કરતાં રોકવા).

ઈસ્લામ જ એક એવો દીન છે કે જેણે માનવીના વર્તન અને રીતભાતની અને આત્માને સંપૂર્ણ બનાવવાની કલામાં વિજ્ઞાનને વિકસાવ્યું છે એવો દાવો કરી શકે છે. એક મુસલમાન હોવા ઉપરાંત જે કોઈ બાર ઈમામોની તાલીમને અનુસરે છે અને અલ્લાહના અદ્‌લમાં ઈમાન ધરાવે છે તેને મોમિન કહેવાય છે.

એક વખત ઈમામ અલી મુર્તઝા(અ.)ને પૂછવામાં આવ્યું,

'મોમિન કોને કહેવાય ?'

તો આપ(અ.)એ જવાબમાં મોમિનનાં લક્ષણોમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય તે નીચે પ્રમાણે બતાવ્યું :

- મોમિન એને કહેવાય કે જેના હાથથી લોકોનાં જીવન, ધન અને મોભો સલામત રહે.
- જ્યારે તે શક્તિમાન હોય ત્યારે સહેલાઈથી માફ કરી દે તેવો હોય. તે યોગ્ય બાબતમાં ઉદાર હોય.
- તેનું વર્તન નમ્ર હોય. તેનાં કાર્યોમાં અને તેની ચાલમાં વિનય પ્રદર્શિત થતો હોય.
- લોકો તેના સ્નેહને, શાંતિપ્રિયતાને માણતા હોય. અન્ય લોકોને રાહત આપવાની બાબતમાં પોતે દર્દ વેઠવા તૈયાર હોય.
- દોસ્તીની બાબતમાં તે પ્રમાણિક(નિખાલસ) હોય. તે વાયદાઓનું પાલન કરનારો હોય.
- તે મઝલૂમોની મદદ કરતો હોય અને જરૂરિયાતમંદ માણસોની ચિંતા કરતો હોય. તે કદી પણ એવા લોકોને તરછોડી દેતો ન હોય કે જેઓ સંકટમાં હોય. તે તેમના બોજાઓમાં

**અઝ દરે દિલ ચું કે ઈશ્ક આયદ દરૂન,**
**અકલ રખ્તો ખેશ અંદાઝદ બીરૂ.** - શેખ સાઅદી
(જ્યારે ઈશ્ક દિલના દરવાજામાં પ્રવેશ કરે છે ત્યારે અક્કલ પોતાનો અસબાબ (બિસ્તરા-પોટલા) લઈને બહાર નીકળી જાય છે.)

સહાયરૂપ થતો હોય.
- તે ગાયબ(ગેરહાજર) લોકોના અધિકારોનું સન્માન કરતો હોય. તે એવા લોકોની માફીનો સ્વીકાર કરતો હોય કે જેઓ દોષપાત્ર હોય.
- તે એવા લોકોને મદદ કરતો હોય કે જેમણે તેને મદદ કરી હોય.
- તે લોકોની ખાનગી બાબતોને જાહેર કરતો ન હોય. તે એવી ખાનગી બાબતોની તપાસ ન કરતો હોય કે જે તેની સાથે સંબંધ ધરાવતી ન હોય.
- તે એવા લોકો માટે ઉદાહરણ પૂરું પાડતો હોય કે જેઓ તેના પછી આવનારા હોય. તે બડાઈ હાંકવા માટે સારાં કાર્યો બજાવતો ન હોય.
- તે એકને એક મુશ્કેલીમાં બીજી વાર ફસાતો ન હોય.

## શરીરના અવયવોના હક્કો

જનાબ રાહતહુસૈન સાહેબ સંપાદિત કિતાબ અન્વારૂલ કુર્આનમાં સૂરએ હમ્દની તફસીરમાં પેજ નં.૧૪૧ અને ૧૪૨ ઉપર શરીરના અવયવોના હક્કોની બાબતમાં ઈમામ ઝયનુલ આબેદીન (અ.)ની એક હદીસ આવી રીતે લખેલી છે કે ઈમામ(અ.)એ ફરમાવ્યું :

જુઓ, તમારી ઝાતના અને તમારા અવયવોના પણ તમારા ઉપર કેટલાક હક્કો છે તેથી અલ્લાહ તઆલાની ખુશનૂદીના સંદર્ભમાં એ હક્કોને પણ અદા કરો કે જેમને તમારા ઉપર વાજિબ કરવામાં આવ્યા છે. તે હક્કો નીચે મુજબ છે :

**જીભનો હક :** તમારા ઉપર તમારી જીભનો હક એ છે કે તમે તેના દ્વારા લોકો સાથે મીઠી ભાષામાં વાતચીત કરો અને તેને બૂરી વાત બોલવાથી બચાવો અને સારી વાતો કહેવાની તેને ટેવ પાડો.

**કાનનો હક :** તમારા ઉપર તમારા કાનનો હક એ છે કે લોકોની બૂરાઈ (નિંદા) સાંભળવાથી તેને બચાવો અને તેમના દ્વારા કોઈ એવી બૂરી વાત ન સાંભળો કે જેને સાંભળવું તમારા માટે જાઈઝ ન હોય.

**આંખોનો હક :** તમારી આંખોનો તમારા ઉપર હક એ છે કે તમે તેને નાજાઈઝ ચીજો જોવાથી રોકો અને ઈબ્રત અને નસીહત આપે તેવી એટલે કે ખુદાની યાદ અપાવે તેવી અને સન્માર્ગ પર લઈ જનારી ચીજોને જુઓ.

**હાથોના હક :** હાથોનો હક તમારા ઉપર એ છે કે તમે તેમને નાજાઈઝ કાર્યોની તરફ ન લંબાવો અને ખુદાની ફરમાબરદારી અને ખુદાના સર્જનોની

## શબ્દ પરિચય

### ઈમાન

**<u>ઈમાન</u>** (ایمان) : ઈમાનનું ટૂંકુ રૂપ **ઈમાં**(ایماں) છે. આ અરબી શબ્દ છે કે જેનો અર્થ આ મુજબ થાયઃ (૧) મઝહબ પરનો દ્રઢ વિશ્વાસ (૨) પંથ, માર્ગ (૩) નિષ્ઠા, શ્રધ્ધા, અકીદો, માન્યતા. **ઈમાનદારઃ** (૧) ધર્મનિષ્ઠ, ધર્મચુસ્ત (૨) પ્રમાણિક **ઈમાનદારાનાઃ** ઈમાનદારીપૂર્વકનું, પ્રમાણિક જેવું **ઈમાનદારીઃ** (૧) ધર્મનિષ્ઠતા (૨) પ્રમાણિકતા **ઈમાનફરોશઃ** બેઈમાન, અપ્રમાણિક, અવિશ્વાસુ, લુચ્ચો **ઈમાનફરોશીઃ** બેઈમાની કરવી તે **ઈમાન બિલ ગૈબઃ** જોયા વિના કોઈ વાત ઉપર વિશ્વાસ કરવો, નહીં જોયેલા ખુદા ઉપરની શ્રધ્ધા.

**રૂઢિપ્રયોગો : (૧) ઈમાન ઉઠાકર તાકમેં રખનાઃ** બેઈમાન થઈ જવું **(૨) ઈમાન બગલમેં :** દબાવવું, હઠધર્મી કરવી, બેઈમાનનીની વાતો કરવી **(૩) ઈમાન બેચનાઃ** લાલચમાં સચ્ચાઈને છોડી દેવી **(૪) ઈમાન પર છોડ દેના :** ભરોસા ઉપર મોકૂફ રાખવું **(૫) ઈમાન ફેરના :** નિય્યત બદલવી **(૬) ઈમાનસે બોલના :** સાચે સાચું કહેવું. **(૭) ઈમાન હૈ તો સબકુછ હૈ :** ઈમાન સૌથી મોટી દોલત છે.

ભલાઈનાં અને સદ્ભાવનાનાં કાર્યો તેમની પાસે કરાવો.

**પગોનો હક :** પગોના હક તમારા ઉપર એ છે કે નાજાઈઝ કાર્યો તરફ તેમને ન ચલાવો કેમકે પગો ઉપર તમારે પુલે સિરાત ઉપર ઊભા રહેવું પડશે. જુઓ, અગર તમે તેમના દ્વારા ગુનાહ આચરશો તો તે પુલે સિરાત ઉપર સ્થિર નહીં રહી શકે અને તમે જહન્નમમાં પડી જશો.

**પેટનો હક :** તમારા ઉપર તમારા પેટનો હક એ છે કે હરામ અને નજિસ(નાપાક) માલથી તેને ન ભરો અને એટલું વધારે પ્રમાણમાં ન ખાઓ કે જેનાથી પેટ ભરાઈ જાય.

**શર્મગાહનો હક :** તમારી શરમની જગ્યાનો તમારા ઉપર એ હક છે કે તેને તમે ઝિનાથી (વ્યભિચારથી) બચાવો અને તેને છૂપાયેલી રાખો કે જેથી કરીને કોઈ નામહરમની તેના ઉપર નજર ન પડી જાય. ✻

## નુસ્ખા

### બાળ રોગો

✻ એક ચમચી કાંદાનો રસ પીવાથી અનાજ ખાતા બાળકોના કરમીયા મરી જાય છે અને ફરી થતા નથી.


✻ બાળકોના પેટમાં કરમીયા થતા હોય તો કાચા ગાજર ખાવાથી કરમીયા મટી જાય છે.

✻ ગ્લુકોઝ મેળવેલા પાણીમાં લીંબુ નીચોવીને બબ્બે ચમચી દિવસમાં ચાર વખત પાવાથી બાળકના શરૂઆતના દાંત ખૂબ જ સરળતાથી આવે છે અને ઝાડા થતા નથી.

✻ બાળકોનાં પેઢાં પર નરમાશથી મધ અને મીઠું મેળવી ઘસવાથી બાળકને સહેલાઈથી દાંત આવે છે.

✻ દાંત આવે ત્યારે ઝાડા થતા હોય તો જાવંત્રીને તાવડી પર શેકીને પાવડર કરીને મધ સાથે માતાના દૂધમાં આપવાથી ઝાડા મટે છે. (ક્રમશઃ)


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA



**ઝાકીરહુસૈન ગુલામહુસૈન ચીડી**
જીવન વીમા સલાહકાર (કાકોશીવાળા)
મોબાઈલ. ૯૪૨૮૧ ૧૩૩૬૬

✔ બાળકોના હાયર એજ્યુકેશન ✔ સુખી રીટાયર્મેન્ટ
✔ લગ્ન ✔ ધંધો ✔ એસ્ટેટ ક્રીએશન
✔ બચત / રોકાણ માટે ✔ ઈન્કમટેક્ષ બચત માટે

▶ જીવન વિમાની સાથો-સાથ પધ્ધતિસરના આયોજન માટે
▶ જૂના / નવા વિમાના પ્રિમીયમ ભરવાં માટે...

"સારા ભવિષ્ય માટે આજથી જ બચત ચાલુ કરો"
જીંદગીની સાથે પણ, જીંદગીની પછી પણ

૧૦૪-૧૦૫, પહેલો માળ, શહજાનંદ ટ્રેડ સેન્ટર,
કોઠાવાલા ફ્લેટ્સની સામે, પાલડી, અમદાવાદ - ૭.

**વજન ઘટાડો અથવા વધારો**
ફક્ત ન્યૂટ્રીશનથી (2 to 5 K.G.* Per Month)

આડઅસર વગર
થાક,
ડાયાબીટીસ,
બ્લડ પ્રેશર,
કોલેસ્ટ્રોલ,
ઘૂંટણ-કમરના
દુઃખાવામાં
રાહત અનુભવો.

ભૂખ્યા રહ્યા વગર
ડાયટીંગ તથા
દવા વગર

Also Give
Good Nutrition
to Children for
Growth &
Development

ફ્રી હેલ્થ ચેકઅપ

Call for Appointment
**Uzama : 99748 53249**

# આપણા ઘરની વાતો

● **ઈલોલ પહાડીયા મુકામે હાજરપીર, વલીઅહદ તથા HIATPના મોલ્વી સાહેબોની પધરામણી:**

ઈલોલ પહાડીયાથી મળેલ યાદી જણાવે છે કે અલ્લાહ તઆલાના લાખ લાખ એહસાન છે કે અમારી જમાઅતના આમંત્રણને માન આપીને અમારા રૂહાની રહેબર તા.૨૨-૪-૨૦૧૨થી તા.૨૭-૪-૨૦૧૨ દરમિયાન પોતાનો કિંમતી અને મૂલ્યવાન સમય અમારા ગામ માટે ફાળવીને અમારા ગામમાં પધાર્યા. વધુમાં મક્તબા જાફરીયા ખાતે ચાલતા HIATP (મોલ્વી સાહેબોના) તાલીમ વર્ગોનો અનોખો લાભ પણ અમને મળ્યો. દરરોજ રાત્રે યોજાતી મજલિસોમાં નામદાર બાવા સાહેબે કુરાન શરીફની આયતો અને અઈમ્મએ માઅસૂમીન(અ.)ની હદીસો દ્વારા ગુનાહોથી કેવી રીતે પરહેઝ કરવો, કયાં કાર્યો કરવાથી ગુનાહ થાય છે અને આજના જમાનામાં અખ્લાકી જીવન કેવું હોવું જોઈએ, વગેરે વિષયોની સુંદર છણાવટ કરીને હિદાયત ફરમાવી હતી. મક્તબા જાફરીયાથી આવેલ મોલ્વી સાહેબોએ પણ પોતાની આગવી શૈલીમાં મજલિસો પઢી હતી. જમાઅતના આમંત્રણને માન આપીને તા.૨૫-૦૪-૨૦૧૨ના રોજ સાંજે વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ(મદ્દે.) પણ પધાર્યા હતા અને મોલ્વી સાહેબોના તાલીમ વર્ગની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગામના બધા જ મોમિન ભાઈ-બહેનો પીરાને તરીકત તેમજ તાલીમ લેનાર મોલ્વી સાહેબનો ખૂબ આભાર વ્યક્ત કરે છે. આ પ્રસંગની ખુશાલીમાં ઈલોલ પહાડીયા ગામ જમાઅત તરફથી મક્તબા જાફરીયાને રૂ.૧૦૦૪૪૦/-નું ડોનેશન આપેલ છે.

● **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા ઈલોલ(પહાડીયા) મુકામે 'મહેફિલે ઈલ્મિયા'-ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૨૬-૫-૨૦૧૨ના રોજ **'મહેફિલે ઈલ્મિયા'** ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન ઈલોલ(પહાડીયા) મુકામે કરવામાં આવ્યું હતું જેમાં કઠોર, નડીયાદ, ઈલોલ તલાવ, ઈલોલ પહાડીયા, સુરપુર, મહેરપુરા, જેઠીપુરા, પીંપોદર, કાટવાડ વગેરે ગામોમાંથી કુલ ૬૩ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બપોરે ૨-૩૦ કલાકે નવયુગ પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. લેખિત પરીક્ષા પૂર્ણ થયા પછી ૬-૦૦ કલાકે ઈલોલ પહાડીયા જમાઅત તરફથી ક્વીઝમાં ભાગ લેનાર સ્પર્ધકો તથા વિકાસ મંડળના સાધારણ સભામાં હાજર રહેનાર ભાઈઓ બહેનો માટે જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈલોલ પહાડીયાના મોમિન ભાઈઓએ નિખાલસતાથી રસ દાખવ્યો હતો અને તેમની સેવાઓ કાબિલે તારીફ હતી. જમણવાર બાદ રાત્રે ૯-૦૦ કલાકે ક્વીઝ કોમ્પિટીશનની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ કુરઆન શરીફની તિલાવત, દુરૂદ શરીફ, ત્યાર પછી આમંત્રિત મહેમાનોનો પરિચય, મહેફિલે ઈલ્મીયાનો સંપૂર્ણ અહેવાલ પડદા ઉપર બતાવીને અને પાંચ ટીમોના આગમન પછી અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ એવો પ્રોજેક્ટરની મદદથી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ક્વીઝ કોમ્પિટીશનમાં કઠોરની જાફરી ટીમ વિજેતા બની હતી. આ ઉપરાંત ઈલોલ તલાવના મો.ઈસ્માઈલભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ

(મહેર ટૂરવાળા) તરફથી પાંચેય ટીમોને પુરસ્કાર તરીકે બ્લેન્ડર આપવામાં આવ્યાં હતાં. આવતા વર્ષે ૨૦૧૩માં ક્વીઝ કોમ્પિટીશન હરીપુરા મુકામે યોજવામાં આવશે તેની અને ઈનામના દાતા મો.મીકદાદભાઈ (કાટવાડ-બાદરપુર)ની જાહેરાત કરવામાં હતી. ૨૦૧૪માં ક્વીઝ કોમ્પિટીશન પીંપોદર મુકામે ઈન્શાઅલ્લાહ યોજાશે. તેના ઈનામના દાતા મો.આબિદઅલી સુ. લોઢા(ઈલોલ પહાડીયા)ની જાહેરાત કરવામાં આવી હતી. અલ્લાહ તઆલા દાતાઓની રોજીમાં બરકત આપે.

ક્વીઝ માટે પસંદ થયેલ ટીમો નીચે મુજબ હતી :

| ગામ | ટીમનું નામ | સ્પર્ધકોનાં નામ | લેખિત ગુણ | રાઉન્ડના ગુણ |
|---|---|---|---|---|
| ઈલોલ પહાડીયા | હુસૈની ટીમ | મો.અનવરઅલી મતીયા<br>મો.મંજૂરહુસૈન ભોવણીયા<br>મો.મંજૂરઅલી મસુ | ૯૬ | ૧૪૫ |
| કઠોર | જાફરી ટીમ | મો.રિઝવાનઅલી એસ. મોમિન<br>મો.મયસમઅલી એ. મોમિન<br>મો.આબિદઅલી જી. મોમિન | ૯૨ | ૧૭૫<br>વિજેતા ટીમ |
| ઈલોલ તલાવ | મોહંમદી ટીમ | મો.સલમાબેન જી. વેપારી<br>મો.નજરમહંમદ જી. દાંત્રેલિયા<br>મો.નજમાબેન એ. દાંત્રેલિયા | ૮૮ | ૯૫ |
| કઠોર | હૈદરી ટીમ | મો.મહેતાબહુસૈન આઈ. પાનવાલા<br>મો.ઈમરાનહુસૈન એમ. પાનવાલા<br>મો.અકબરઅલી એમ. રાજે ભગત | ૮૭ | ૧૫૦ |
| ઈલોલ તલાવ | પંજેતની ટીમ | મો.અહેસાનઅલી આઈ. દાંત્રેલિયા<br>મો.કનીઝફાતમા જી. ભગત<br>મો.સાજીદઅલી એ. દાંત્રેલિયા | ૮૭ | ૫૫ |

● **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની સધારણ સભા અને હોદ્દેદારોની વરણી :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની સાધારણ સભા તા.૨૬-૫-૨૦૧૨ને શનિવારના રોજ અઝાખાન એ અબુતાલિબ, ઈલોલ પહાડીયા મુકામે રાખવામાં આવી હતી. ત્યાર પછી તા.૩-૬-૨૦૧૨ને રવિવારના રોજ ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે કારોબારી સમિતિની મિટીંગમાં મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે નીચે મુજબ વરણી કરવામાં આવી.

**પ્રમુખ** : મો.વજીરઅલી અલીભાઈ ખરોડીયા (તેજપુરા)
**ઉપપ્રમુખ** : મો.મહંમદઅલી આઈ. ખણુશીયા (કાટવાડ)
**મંત્રી** : મો.શેરઅલી એચ. વિજાપુરા (જેઠીપુરા)
**સહમંત્રી** : મો.ઈસ્માઈલભાઈ એસ. ગોદડ (હરિપુરા)
**આંતરિક ઓડીટર** : મો.ગુલામમહંમદ વી. રાજપુરા (કેસરપુરા)

● **કાકોશી મુકામે 'મહેફિલે જશ્ને આલે મોહંમદ(સ.)'ની ઉજવણી :**

મુ.તા.૧૦, રજબ-૧૪૩૩, તા.૩૧-૫-૨૦૧૨ને ગુરૂવારે રાત્રે મુશાહિદ યંગ કમિટી, કાકોશી દ્વારા આયોજિત **'મહેફિલે જશ્ને આલે મોહંમદ(સ.)'**ની પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.), હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) તથા વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ઉપસ્થિતિમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. મહેફિલની શરૂઆત કલામે પાકની તિલાવત, દુરૂદ શરીફથી કરવામાં આવી હતી. ત્યાર બાદ મોલ્વી મોહંમદઅલીએ કુરઆન અને હદીસની રોશનીમાં પીર અને ઈમામની ફઝીલત બયાન કરી હતી. મહેફિલમાં ઝાકિરાને આલે રસૂલ(સ.)ના સભ્યોએ ખૂબ જ સુંદર રીતે શેર-શાયરી, નઝમ, કસીદા, મન્કબત, વાણી વગેરે મોહંમદ વ આલે મોહંમદ(સ.)ના આશિકોને સંભળાવી તેમના દિલોને મોહબ્બતથી તરબતર કરી દીધાં હતાં. આ મહેફિલને માણવા દૂર દૂરથી મોમિનોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં. પધારેલ મોમિન ભાઈ-બહેનો માટે મુશાહિદ યંગ કમિટી, કાકોશીએ જમવાની, ચાની તેમજ આઈસ્ક્રીમ, વગેરેની ખૂબ જ સુંદર વ્યવસ્થા પૂરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મહેફિલમાં જે ઝાકિરાને આલે રસૂલ(સ.)ના સભ્યો હાજર હતા તેમના માટે સવારથી મહેફિલના અંત સુધીની તમામ વ્યવસ્થા પ્રશંસાને પાત્ર હતી. મહેફિલની સફળતા માટે મુશાહિદ યંગ કમિટી તેમજ ગામ જમાઅતના યુવા ભાઈઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન મો.શબ્બીરભાઈ નેદરીયા તથા મો.શેરઅલી વિજાપુરાએ કર્યું હતું.

● **હૈદરીબાગ, જુહાપુરાના ફ્લેટોમાં વસવાટ માટેનો શુભારંભ :**

અમદાવાદ ખાતે જુહાપુરામાં હુસૈની કો.ઓ.હાઉસીંગ સોસાયટી દ્વારા બનાવવામાં આવેલ **'હૈદરી બાગ'**ના ફ્લેટોમાં મુ.તા.૧૩મી રજબ-૧૪૩૩, તા.૪-૬-૨૦૧૨ને સોમવારના રોજ વસવાટ માટેનો શુભારંભ કરવાનો હોવાથી તે દિવસે સવારે ૭-૩૦ કલાકે શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત, જુહાપુરાના ઈમામવાડામાં ફ્લેટ ઓનર્સ તરફથી સામૂહિક કુરઆનખ્વાનીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩મી રજબનો દિવસ મૌલા મુશ્કિલકુશા હઝરત અલી(અ.)ની વિલાદતનો પણ દિવસ હોઈ મોમિન ભાઈ-બહેનોમાં બેવડી ખુશી દેખાતી હતી. કુરઆનખ્વાની પછી વિલાદતની મજલિસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તિલાવતે કલામે પાક, દુરૂદ શરીફ અને હદીસે કિસાઅ અને અન્ય દુઆઓ પઢવામાં આવી હતી.

હૈદરીબાગમાં બ્લોક-એ, બ્લોક-બી અને બ્લોક-સી એમ ત્રણ વિભાગો આવેલા છે. બ્લોક-એમાં ભોંયતળિયે ઈમામવડાનું પણ આયોજન કરેલ છે. છેલ્લા ચૌદ વર્ષની ચાલતા શીઆહ જાફરી મશાખખી મોમિન જમાઅતના જુહાપુરા સંચાલિત **મદ્રસએ ઝહીરૂલ ઊલૂમ**ની વ્યવસ્થા પણ હૈદરીબાગના ઈમામવાડામાં કરવામાં આવનાર છે. ઈમામવાડાના ઉપર પહેલા માળે **ગર્લ્સ હોસ્ટેલ**નું પણ આયોજન થઈ રહ્યું છે. વળી હૈદરીબાગની બાજુમાં બિલકુલ અડીને આવેલ **મોહંમદી પાર્ક** તેમજ સ્વતંત્ર માલિકીનાં મકાનોમાં પણ મોમિનો વસવાટ કરી રહ્યા છે ત્યારે હૈદરી પાર્કનું આ સંકુલ શીઆહ જાફરી મશાયખી મોમિનો માટે એક સ્થાનિક મર્કઝ બની રહે તેવું લાગે છે. હૈદરી પાર્કના બાંધકામમાં હાજરપીરની

દુઆઓની સાથે સાથે જે કોઈએ સહકાર આપ્યો છે તેમનો પણ જાહેર આભાર માનવામાં આવ્યો હતો.

● **વસોમાં બાળકો માટેની ક્વીઝ અને 'મહેફિલે શાને હૈદર'નો કાર્યક્રમ :**

સર્વોદય ક્લબ, વસો દ્વારા શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના ઈમામવાડા એ હુસૈનિયામાં તા.૧-૬-૨૦૧૨, ૧૦મી રજબ, વિલાદત ઈમામ મોહંમદ તકી(અ.) અને વિલાદત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)ના શુભ પ્રસંગે બાળકો માટેનો એક ક્વીઝ પ્રોગ્રામ રાખવામાં આવેલ જેમાં **પંજેતની ટીમ**(ઝહીરઅબ્બાસ, જાફરઅલી, અશરફઅલી), **મોહંમદી ટીમ**(એહસાનઅલી, આબિદઅલી, સૈફ મોહંમદ) અને **હૈદરી ટીમ**(અર્શદહુસૈન, મંજૂરફાતેમા, રોશન)એ ભાગ લીધો હતો. ઈનામ વિતરણ મુખી સાહેબ મો.ગુલામહૈદર વાપીવાળાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ઈમ્તિયાઝ ગાંધી, અસદઅલી, રાઈસમીલવાળા, હુસૈન મોહંમદ ચોતરાવાળા, એહમદઅલી ચોતરાવાળા, મીકદાદ ભગત, મંજૂર એહમદ વગેરેના પ્રયત્નો બિરદાવવામાં આવે છે. વળી ૧૩મી રજબ, મૌલા મુશ્કિલકુશાની વિલાદતના દિવસે **મહેફિલે શાને હૈદર** શેર શાયરીનો ભવ્ય પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ જેમાં વસો ઉપરાંત દમણ, નડિયાદ, આણંદ, વડતાલ, પાડગોલ, વલેટવા વગેરેના મોમિનોએ મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની શાનમાં શાયરીઓ, નઝમ, વગેરે રજૂ કરી હતી. મોલ્વી સાહેબ અબ્બાસઅલીએ ઉદ્દઘોષક તરીકે સેવા બજાવી હતી જ્યારે અસદઅલી રાઈસમીલવાળાએ સ્વાગત પ્રવચન અને મુખી સાહેબે આભાર વિધિ કરી હતી.

● **અભિનંદન :**




ઈલોલ તલાવ નિવાસી (હાલ અમદાવાદ) નિવાસી મો.મયસમઅલી ગુલામભાઈ હોલ્ડાના પુત્ર ડૉ.**અહેસાનઅલી**એ એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ વધુ અભ્યાસ અર્થે All India Post Graduate Medical Entrance Exam પાસ કરીને M.D. Paediatrics (બાળરોગ નિષ્ણાત)માં બી.જે. મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે એડમીશન મેળવવામાં સફળતા મેળવેલ છે તે બદલ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા તથા જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **નવયુગ માધ્યમિક શાળા, ઈલોલનું ગૌરવ :**

મોમિન ચેરીટેબલ ટ્રસ્ટ, ઈલોલ સંચાલિત નવયુગ માધ્યમિક શાળાની પ્રથમ બેચનું એસ.એસ.સી. માર્ચ-૨૦૧૨નું પરિણામ ૧૦૦% આવેલ છે. કુલ ૨૨ વિદ્યાર્થીઓમાંથી ૧૩ વિદ્યાર્થીઓએ ૮૦% થી વધુ અને બાકીના વિદ્યાર્થીઓએ ૭૦% થી વધુ ગુણ પ્રાપ્ત કરીને મોમિન જમાઅતમાં શાળાને અગ્રીમ સ્થાન અપાવ્યું છે. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ બાકીના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક બની શકે તેમ છે. પીરો મુરશિદની દુઆથી અને મોહંમદ વ આલે મોહંમદના તુફૈલથી મળેલ આવી સિધ્ધિ સંસ્થા માટે કાયમી સંભારણું બની રહેશે. આ સંસ્થામાં કે.જી. થી લઈને એસ.એસ.સી. સુધીના વર્ગો ચાલે છે. વાલીઓ, શિક્ષકો તેમજ યોગદાન આપનાર મોમિન-ભાઈ બહેનોનો સંસ્થા આભાર માને છે.

● **ઈન્નાલિલ્લાહે... :**



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન સાવદીભાઈ ભગત** મુ.તા.૨૬, જમા.અવ્વલ-૧૪૩૩, તા.૧૯-૪-૨૦૧૨ને ગુરૂવારના રોજ ૪૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે ખૂબ જ માયાળુ, સહનશીલ, ભોળા અને હસમુખા હતા.---➔




←---સેદ્રાણા નિવાસી **મર્હૂમ મો.અહમદઅલી ઈબ્રાહીમભાઈ કરડીયા** મુ.તા.૬, જમા.આખર-૧૪૩૩, તા.૨૯-૪-૨૦૧૨ને શનિવારના રોજ આશરે ૪૩ વર્ષની વયે કેન્સરના રોગથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે મિલનસાર, નિખાલસ, નેક અને પીરો મુરશિદ તથા મોહંમદ વ આલે મોહંમદ(સ.)ના ચાહક હતા.



વાઘરોલ નિવાસી **મર્હૂમા મો.શહરબાનુ મહંમદઅલી અસામદી** મુ.તા.૨૩, જમા.આખર-૧૪૩૩, તા.૧૫-૫-૨૦૧૨ને મંગળવાર રોજ ૪૨ વર્ષની વયે હૃદય રોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.---➔



←---હરિપુરા(ઝહીરગઢ) નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ ગુલામભાઈ ખણુશીયા** મુ.તા.૬, રજબ-૧૪૩૩, તા.૨૮-૫-૨૦૧૨ને સોમવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ હૈદરી કમિટીના સભ્ય હતા અને સ્વભાવે ખૂબ જ શાંત હતા. તેઓ ઈમામ હુસૈન(અ.)ની અઝાદારીમાં મશગૂલ રહેતા હતા.



ગણેશપુરા નિવાસી **મર્હૂમા મો.રસુલબેન જમાલભાઈ મોમિન** ચાલુ સાલે ઉમ્રહ હજ-ઝિયારત ગયેલાં ત્યારે મદીના મુનવ્વરામાં ૬૫ વર્ષની વયે અચાનક બીમાર થવાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા રસૂલબેન સ્વભાવે ખૂબ માયાળુ અને નમાઝનાં પાબંદ હતાં. મદીના શરીફની બધી ઝિયારત કર્યા પછી તેમણે જન્નતુલ બકીઅ પાસે આવીને એવી દુઆ માગેલી કે અય જનાબે ફાતેમા(સ.અ.) ! મને પણ તમારી બાજુમાં જ લઈ લો. ઝિયારત પઢીને રૂમ પર આવ્યા પછી જ્યારે બાથરૂમમાં નાહવા ગયાં ત્યારે કપડાં બદલતી વખતે જ તેમનો ઈન્તેકાલ થયેલ. કાનૂની કાર્યવાહી કર્યા બાદ બીજા દિવસે તેમને જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.)ની કબ્ર મુબારકથી લગભગ ૮૦૦ ફૂટ દૂર અસરની નમાઝ બાદ નમાઝે જનાઝા પઢ્યા પછી દફન કરવામાં આવ્યાં હતાં. તેમના જનાઝાની અંદર ટૂરના બધા જ સભ્યો જોડાયા હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.